CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૯૭
તા.૨૨-૦૮-૨૦૧૭, મંગળવાર
સંવત ૨૦૭૩ ભાદરવા સુદ - ૦૧
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૦ સૂર્યાસ્ત : ૦૭:૦૩

તાપમાન: ડીસા ૩૪.૮ | અમદાવાદ ૩૦.૨ | ગાંધીનગર ૩૪.૫ | વડોદરા ૩૧.૪ | સુરત ૨૮.૨ | નલિયા ૩૦.૨

ચાંદી : ૩૯૫૦૦ સોનું : ૨૯૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ

પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭

જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# રાજયના ૬૮ તાલુકાઓમાં વરસાદ : વાપીમાં ૪ ઇંચ

### વિચાર વૈભવ...

## ઋષભદેવ

આર્નોલ્ડ ટૉયેન્બીને ભારતના અને તેમાંય આંધ્ર પ્રદેશનાં ગાડાં પ્રત્યે જબરું આકર્ષણ હતું. ભારતના જુદા જુદા પ્રદેશોનાં બળદ- ગાડાંઓની પર્સનાલિટીમાં ભારે વૈવિધ્ય જોવા મળે છે.

દક્ષિણ ગુજરાતનું ગાડું માલ વહેવા ઉપરાંત માણસોને બેસવા માટે બીજા કોઈ પણ પ્રદેશના ગાડા કરતાં વધારે યોગ્ય છે. એવું મને જણાયું છે. ખેડા- મહેમદાવાદનું ગાડું લાંબું અને એનાં પૈડાં ખાસાં જાડાં, પૈડાંની જાડાઈને ગામની ધૂળ (પોણા) સાથે સંબંધ છે. પૈડું જો પાતળું હોય તો ધૂળમાં ઊંડું ઊતરે અને બળદને બહુ જોર પડે. પંચમહાલમાં આદિવાસીઓ ગાડું હાંકે ત્યારે એક વસ્તુ જોવા મળે છે. બળદોય ભોળા અને હાંકેડુંય ભોળો, એટલે ગાડાની દિશા ઓચિંતી બદલાયા કરે. કદાચ આ જ કારણે વધારાનો એક માણસ બળદોની નાથ ઝાલીને એમને ગમે તે બાજુ ધસી જતા અટકાવવાનું કામ કરતો રહે છે. તામિલનાડુના બળદો કદમાં નાના અને ગાડું ઢંગધડા વગરનું જણાય. ભૈયાઓનું માલવાહક ગાડું જુદું પડી આવે અને વળી પૈડાં ટાયરનાં હોય. ભૈયો પરોણીને બદલે બળદની ચાલ બદલવા ચાબુકનો ઉપયોગ કરે અને બળદની શક્તિના પ્રમાણમાં ગાડામાં માલ પુષ્કળ હોય.

ગાડાના સ્પેર પાર્ટસ સાથે રોજબરોજની ભાષામાં અવનવી અર્થછાયાઓ જોડાઈ ગયેલી જોવા મળે છે. ગાડું ઊલળે નહીં તે માટે એની પાછળ મુકવાના ટેકાને 'સીધવો' કહે છે. ઊંચા વધેલા યુવાનને ટોણો મારીને કહેવામાં આવે છે: મોટો ''સીધવો'' થયો તો ય હજી અક્કલ ન આવી! બળદ છોડ્યા પછી ગાડાને પાર્ક કરવામાં આવે ત્યારે જમીનને અડતા એના આગલા ટેકણને 'અડો' (હડો) કહે છે. સુરત બાજુનાં ગામોમાં અડબ-ંગ માણસને આ શબ્દ દ્વારા નવાજવામાં આવે છે.

માણસ અને ચોપગાં પ્રાણીઓની મૈત્રીની રૂડી શરૂઆત ગાયથી થઈ. આ મૈત્રી વધારે અર્થપૂર્ણ ત્યારે બની જ્યારે માણસે ખેતી માટે ઋષભનો ઉપયોગ શરૂ કર્યો. જૈનોમાં ઋષભદેવ નામના એક તીર્થંકર થયા અને વિષ્ણુ ભગવાનનો એક અવતાર પણ ઋષભદેવ હતા. સંગીતના સાત સ્વરોમાં બીજા સ્વરને ઋષભ કહે છે, વણજારની પોઠ ઉપાડનાર બળદને કહે છે 'પોઠિયો'. આ જ 'પોઠિયો' મહાદેવનો 'નંદી' બનીને મંદિરમાં બેઠો છે. આમ ગાય પછી ઋષભને માનવ જીવનમાં અને માનવ અર્થશાસ્ત્રમાં અગત્યનું સ્થાન મળ્યું. 'બળદ' નો અર્થ (બલં દદાતિ ઈતિ) થાય છે 'બળ આપનાર.' ધરતીનું ઉત્તમોત્તમ તત્વ અને સત્વ આપણને બળદ દ્વારા પ્રાપ્ત થાય છે. હળ એ આપણી સૌથી જૂની 'ફૅક્ટરી' અને 'હળપતિ' એ માણસની શોષણવૃત્તિનો સૌથી જૂનો શિકાર ગણાય.

આજે ય ઘૂઘરા ખખડાવતા બળદોવાળું ગાડું હાંકવાનું મળે ત્યારે મન થનગની ઊઠે છે. દુઃખ એ જ વાતનું છે અને તે એ કે હવે બળદોને હું પારકો લાગ્યા કરું છું!

ગુણવંત શાહ

### માંડવી, ઉંમરગામ અને ઉમરપાડામાં પણ ચાર ઇંચ વરસાદ : સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ વરસાદી માહોલ યથાવત : રાજકોટમાં સતત બીજા દિવસે ધોધમાર વરસાદ : દાહોદમાં વિજળી પડતા એકનું મોત

અમદાવાદ

ગુજરાતમાં પણ જુદા જુદા ભાગોમાં ઉલ્લેખનીય વરસાદ થયો છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અનેક ભાગોમાં આજે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. રાજકોટથી પ્રાપ્ત અહેવાલ મુજબ રવિવારે વરસાદની શરૂઆત થયા બાદ આજે સોમવારે પણ વરસાદી માહોલ અકબ-ંધ રહ્યો હતો. અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. દરમિયાન રાજયમાં વરસાદે વિરામ લીધા બાદ ગઈકાલથી બીજી ઈનીંગની શરૂઆત થઈ છે. રાજયના ૬૮ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. જેમાં સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ૧૦૭ મી.મી, ઉમરપાડામાં ૯૭ મી.મી, વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ૧૦૬ મી.મી અને વાપીમાં ૯૮ મળી કુલ ચાર તાલુકાઓમાં ચાર ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૨૧.૦૮.૨૦૧૭ને સવારે ૭.૦૦ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન બોડેલી તાલુકામાં ૯૩ મી.મી, ભરૂચમાં ૮૩ મી.મી, ધરમપુરમાં ૮૨ મી.મી, વલસાડમાં ૭૯ મી.મી અને સુરત શહેરમાં ૭૬ મી.મી મળી કુલ પાંચ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ થયો છે.

આ ઉપરાંત વ્યારામાં ૬૦ મી.મી, ખેરગામમાં ૬૭ મી.મી, ચીખલીમાં ૬૪ મી.મી, માંગરોળમાં ૬૨ મી.મી, સંખેડામાં ૬૧ મી.મી, દહેગામમાં ૬૧ મી.મી વાલીયામાં ૬૧ મી.મી., પારડીમાં ૫૯ મી.મી., સુત્રાપાડામાં ૫૮ મી.મી., ચોર્યાસીમાં ૫૮ મી.મી., અમદાવાદ શહેરમાં ૫૫ મી.મી. સાણંદમાં ૫૫ મી.મી., ગાંધીનગરમાં ૫૩ મી.મી., ઉનામાં ૫૨ મી.મી., અને કપરાડામાં ૫૦ મી.મી. મળી કુલ ૧૫ તાલુકાઓમાં બે ઈંચથી વધુ જ્યારે અન્ય ૪૪ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજકોટમાં ભારે વરસાદના લીધે કેટલાક સ્થળો પર ટ્રાફિકની સ્થિતિ સર્જાઈ હતી. હિંમતનગરથી પ્રાપ્ત અહેવાલ મુજબ સાબરકાંઠા જિલ્લામાં વરસાદનું આગમન થયું હતું. વરસાદનું આગમન થતાં ખેડુતોના ચહેરા પર ખુશી જોવા મળી રહી છે. જિલ્લામાં ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. જયારે ઈડર, હિંમતનગર, તલોદ, પોશીના અને પ્રાંતિજમાં ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જયારે અરવલ્લીમાં છેલ્લા અઠવાડિયા ઉપરાંતના સમયથી વાતાવરણમાં અચાનક પલ્ટો આવતા અસહ્ય ગરમી પડવાની શરૂઆત થઈ હતી. લોકો કાળઝાર ગરમી અને અસહ્ય ઉકળાટથી પરસેવે રેબજેબ દેખાઈ રહ્યા હતા. ત્યારે જિલ્લામાં મેઘરજમાં ૨૮ મી.મી ભિલોડામાં ૨૨મીમી, મોડાસમાં ૨૧ મીમી અને માલપુરમાં ૨૦મીમી જ્યારે બાયડમાં ૯ મીમી અને ધનસુરામાં ૧૧મીમી વરસાદ નોંધાયો હતો.

### હાઈ કમાન્ડે ધારાસભ્યોની વફાદારી બિરદાવી

## ધારાસભ્યોની સોનિયા-રાહુલ ગાંધી સાથે દિલ્હીમાં મુલાકાત

**કોંગ્રેસના ધારાસભ્યો ૨૩મીએ દિલ્હીથી સીધા જ ચેન્નાઇ જશે : તિરૂપતિ બાલાજી દર્શન કર્યા બાદ અમદાવાદ પરત**



અમદાવાદ

રાજયસભાની પ્રતિષ્ઠિત ચૂંટણીમાં કપરા સંજોગોમાં કોંગ્રેસ પક્ષની સાથે રહેનાર અને કોઈપણ ભોગે પક્ષના દિગ્ગજ નેતા એહમદ પટેલને જીતાડનાર કોંગ્રેસના વફાદાર ધારાસભ્યોની આજે કોંગ્રેસ પક્ષ દ્વારા આખરે કદર કરવામાં આવી છે. કોંગ્રેસના વફાદાર ધારાસભ્યોને આજે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરાવવામાં આવી હતી. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ગુજરાતના તમામ ધારાસભ્યોની વફાદારી અને કપરા સંજોગોમાં તેઓને મળેલી કરોડો રૂપિયાની મળેલી ઓફર અને ટિકિટ સહિતના પ્રલોભનોને ઠુકરાવવાના બહાદુરીભર્યા પ્રયાસને બિરદાવ્યા અનુસંધાન પાના નં.૬

## રાજયમાં સ્વાઈનફ્લૂથી વધુ ચારના મોત : ૧૩૮ નવા કેસ

અમદાવાદ

અમદાવાદ શહેરમાં આ માસની શરૂઆતથી જ સ્વાઈનફ્લૂના રોગે દેખા દીધી ત્યારથી લઈને આજદિન સુધીમાં સ્વાઈનફ્લૂના વકરેલા રોગને કારણે માત્ર અમદાવાદ શહેરમાં જ કુલ કેસની સંખ્યા એક હજારના આંકને પાર કરી ગઈ છે આ સાથે જ બે દિવસમાં સ્વાઈનફ્લૂના કારણે કુલ આઠ લોકોના મોત થવા પામતા અમદાવાદ શહેરમાં આ માસમાં સ્વાઈનફ્લૂને કારણે મૃત્યુ પામનારની સંખ્યા ૬૧ના આંકડાને પાર કરી ગઈ છે.મ્યુનિસિપલ તંત્ર દ્વારા સ્વાઈનફ્લૂના રોગને નિયંત્રણમાં લેવા કરવામા આવી રહેલી કામગીરીની પણ કોઈ અસર ન દેખાતી હોવાનુ લોકો અનુભવી રહ્યા છે.આ અંગે મળતી માહિતી અનુસાર,અમદાવાદ શહેરમાં જુલાઈ માસમા પડેલા ભારે વરસાદ બાદ આ માસની શરૂઆતથી જ સમગ્ર શહેરને સ્વાઈનફ્લૂના રોગે રીતસરનો ભરડામા લીધો હોય એમ રોજ કેસની સંખ્યામા સતત વધારો થતો જોવા મળી રહ્યો છે આ સાથે જ

અનુસંધાન પાના નં.૬

### અમિત શાહ, સ્મૃતિ અને એહમદ પટેલને નોટિસ

## હવે બળવંતસિંહની અરજીમાં પંચ સહિતના પક્ષકારને નોટિસ

**કોંગ્રેસના વિજયી ઉમેદવાર પટેલના પરિણામને રદબાતલ ઠરાવવા બળવંતસિંહ રાજપૂતે પિટિશનમાં દાદ માંગી છે**

અમદાવાદ

કોંગ્રેસમાંથી છેડો ફાડી ભાજપમાં જોડાઈ ભાજપના ઉમેદવાર તરીકે રાજયસભાની ચૂંટણીમાં ઉભા રહી કારમી હારનો સામનો કરનાર બળવંતસિંહ રાજપૂતે ગુ-જરાત હાઈકોર્ટમાં કરેલી પિટિશનમાં જસ્ટિસ બેલાબહેન ત્રિવેદીએ કેન્દ્રીય ચૂંટણી પંચ, રાજયસભાના ભાજપના વિજયી ઉમેદવારો અમિત શાહ અને સ્મૃતિ ઈરાની તેમ જ કોંગ્રેસના જીતેલા ઉમેદવાર એહમદ પટેલને નોટિસ જારી કરી છે. રાજપૂતે રાજય સભાની ચૂંટણીની પરિણામને પડકારી કોંગ્રેસના વિજયી ઉમેદવાર એહમદ પટેલના પરિણામને રદબાતલ ઠરાવવા પિટિશનમાં દાદ માંગી છે. આજે આ કેસમાં સંબંધિત પક્ષકારોને નોટિસ જારી કર્યા બાદ હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી તા.૨૧મી સપ્ટેમ્બર પર મુકરર કરી છે. બળવંતસિંહ રાજપૂતે કોંગ્રેસના જે બે બળવાખોર ધારાસભ્યોએ તેમની તરફેણમાં મતો આપ્યા હતા અને એ બે મતો કોંગ્રેસે લીધેલા વાંધા બાદ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા રદ કરવામાં આવ્યા હતા તે વિવાદીત નિર્ણયને પણ રદબાતલ ઠરાવવા પણ અરજીમાં દાદ અનુસંધાન પાના નં.૬

## ડીસાના વેપારી સાથે રૂ.૭૦.૫૩ લાખની ઠગાઈ

**મુંબઈના છ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

ડીસા

ડીસાના એક વેપારી પાસેથી મુંબઈના છ શખ્સોએ રૂ. ૯૭,૨૨,૬૯૧ ના બટાટા તેમજ દાડમની ખરીદી કરી હતી. જેમાં રૂ. ૨૬,૬૯,૫૦૩ ની ચુકવણી કર્યા બાદ રૂ. ૭૦,૫૩,૧૮૯ ન ચુકવી ઠગાઈ કરતાં ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ડીસા ખાતે બટાટા અને દાડમનો વેપાર કરતા નરેશભાઈ બંસીલાલ સૈની પાસેથી મુંબઈના છ વેપારીઓએ વિશ્વાસ કેળવી રૂ. ૯૭,૨૨,૬૯૧ ના બટાટા તથા દાડમની ખરીદી કરી હતી. જેમાં શરૂઆતમાં રૂ. ૨૬,૬૩,૫૦૩ ની ચુકવણી કર્યા બાદ બાકીના રૂ. ૭૦,૫૩,૧૮૯ ની ચુકવણી ન કરી વેપારી નરેશભાઈ સાથે છેતરપીંડી કરી હતી. આથી નરેશભાઈ સૈનીએ ડીસા તાલુકા પોલીસ મથકે સ્નેહલબેન દીપક દહીપલે, દીપક મોહન દહીપલે, અમીત યોગેન્દ્રસિંગ, યોગેન્દ્ર શારદાસીંગ, નિશાન્ત યોગેન્દ્રસીંગ તથા નિલેષ પાલેકર તમામ રહે. મુંબઈ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા આ અંગે તાલુકા પી.આઈ. ડી.ડી.ગોહિલે વધુ તપાસ હાથ ધરી હતી.

### મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની મહત્વની જાહેરાત

## કોંગ્રેસના બાગી ધારાસભ્યો વિધિવત્ ભાજપમાં જોડાશે

**સૌથી પહેલાં રાઘવજી, હકુભા જામનગરના કાર્યક્રમ ખાતે ભાજપમાં જોડાશે : ત્યારબાદ જ બીજા ધારાસભ્યો જોડાશે**

અમદાવાદ

કોંગ્રેસ સાથેનો છેડો ફાડીને બેઠેલા બળવાખોર ધારાસભ્યો હવે આગામી દિવસોમાં ભાજપમાં સત્તાવાર રીતે જોડાઇ જશે. કોંગ્રેસમાંથી છેડો ફાડીને આવેલા ધારાસભ્યોને આગામી દિવસોમાં વિવિધ કાર્યક્રમો દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા સહિતના મહાનુભાવોની હાજરીમાં ભાજપમાં વિધિવત્ રીતે આવકારી સામેલ કરાશે અને ભાજપનો કેસરિયો ખેસ પહેરાવાશે. સૌપ્રથમ તા.૨૩મીએ જામનગર ખાતેના કાર્યક્રમમાં બળવાખોર રાઘવજી પટેલ અને હકુભા જાડેજા અનેક કોંગ્રેસી કાર્યકર્તાઓ સાથે ભાજપમાં જોડાશે.

આજે શ્રાવણ માસના છેલ્લા સોમવાર અને સોમવતી અમાસના પાવન દિવસે સોમનાથ મહાદેવના દર્શન કર્યા બાદ રાજકોટ આવેલા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આજે સ્પષ્ટ કર્યું હતું કે, કોંગ્રેસનો સાથ છોડી દેનારા તમામ ધારાસભ્યોને ભાજપ પ્રેમ અને આદર સાથે પક્ષમાં સમાવશે. વિવિધ કાર્યક્રમો મારફતે કોંગ્રેસમાંથી આવેલા આ

અનુસંધાન પાના નં.૬

## પતિની હત્યા કરનાર પત્નિ અને પ્રેમીને આજીવન કેદ

**ડીસાની બીજી એડી.સેસન્સ કોર્ટનો ચુકાદો : પુત્રને શંકા જતાં કેસનો પર્દાફાશ થયો હતો**

ડીસા

દાંતીવાડા તાલુકાના ભાડલી (ઝાત) ગામમાં પોણા બે વર્ષ અગાઉ પત્નિ અને તેના પ્રેમીએ મળી પતિની હત્યા કરવાના કેસમાં ડીસાના બીજી એડીસ્નલ સેશન્સ જજે પત્નિ - પ્રેમીને આજીવન કેદ (જીવનના અંતિમ શ્વાસ સુધીની સજા) ફરમાવી હતી. ઉલ્લેખનીય છે કે બન્નેએ મળી હત્યા કર્યા બાદ લાશ ખેતરમાં દાટી દીધી હતી અને પત્નિએ પોતાનો પતિ ગુમ થયો હોવાની જાહેરાત કરી હતી જો કે પુત્રને માતાની હિલચાલ પર શંકા જતાં પોલીસ ફરિયાદ નોંધવતા વીસેક દિવસ બાદ લાશ જમીનમાંથી બહાર કાઢવામાં આવી હતી. અને હત્યાનો ભેદ ઉકેલાયો હતો.

આ બનાવની વિગત એવી છે કે દાંતીવાડા તાલુકાના ભાડલી (ઝાત) ગામે રહેતા નેમાજી મેઘાજી રબાડા તેમની પત્નિ મંછીબેન અને પુત્ર સાથે રહી ખેતી કરતા હતા. તેમના ગામના જ ગણેશ મફાભાઈ માજીરાણા ઘરે અવર જવર કરતો હોઈ મંછીબેન સાથે પ્રેમ સબંધ બંધાયો હતો. જેની જાણ નેમાજીને થતાં તેમણે ગણેશને ઘરે આવવાની ના પાડી દીધી હતી.

જેથી ગણેશે મંછીબેનને વાત કરી કે તારો પતિ મને ઘરે આવવા દેતો નથી અને રોકે છે માટે તેને પતાવી દેવો છે ત્યારે મંછીબેને તેને રોકવાની જગ્યાએ કહેલ કે 'મારા પતિ ઘરમાં સુતેલા જ છે તું એમને પતાવી નાંખ' જેથી ગણેશ ચુપચાપ ઘરમાં જઈ સૂતેલા નેમાજીનું ગળું દબાવી હત્યા કરી હતી આ દરમ્યાન તેમનો પુત્ર અલ્કેશ છોડવવા આવતા તેને ધક્કોમારી નીચે પાડી કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

તા.૨૪ નવેમ્બર ૨૦૧૫ ના રોજ નેમાજીની હત્યા થઈ હતી અને ગણેશ તેમજ મંછીબેને તેમની લાશ ગણેશના ખેતરમાં દાટી દીધી હતી ત્યારબાદ પોતાના પતિ ગુમ થયા

અનુસંધાન પાના નં.૬

## ચૂંટણીમાં કોંગ્રેસને બે તૃત્યાંશ બહુમતી મળશે : સોલંકી

અમદાવાદ

દિલ્હીમાં કોંગ્રેસના વફાદાર ધારાસભ્યોને કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરાવ્યા બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસ પક્ષને નિશંકપણે બે તૃત્યાંશ બહુમતી મળશે. ભાજપનો અસલી ચહેરો પ્રજા જાણી ગઇ છે અને તેથી આગામી ચૂંટણીઓમાં જનતા ભાજપને કોંગ્રેસ તરફી મતદાનથી

અનુસંધાન પાના નં.૬




## પાલનપુર તાલુકાના માલણ નજીક અકસ્માત : એકનું મોત : ૯ ઘાયલ



(સંજય જોષી)



પાલનપુર

પાલનપુર પંથકમાં સોમવતી અમાસે અકસ્માતની વણથંભી વણઝાર જામી હતી. ગત મોડી સાંજે માલણ પાસે જીપ અને કાર વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં ૧ નું મોત અને ૯ લોકો ઘાયલ થયો હતો. પાલનપુર તાલુકાના માલણ ગામ પાસે જીપ અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

જેમાં ૩૫ વર્ષીય પપ્પુભાઈ પાર્થિવભાઈ ઠાકોર રહે. માલણ, ફઝલે માસુમ દરગાહ પાસે, ઠાકોરવાસ વાળા નું ઘટનાસ્થળે જ મોત નીપજયું હતું. જયારે ૯ લોકો ઘાયલ થયા હતા.જે ઘાયલોને સારવાર અર્થે પાલનપુર સિવિલમા ખસેડાયા હતા.




CMYK

સૂર્યોદય - ૬.૨૦ સૂર્યાસ્ત - ૭.૦૩

## તિથિદર્શન

ભાદરવા સુદ-૧ મંગળવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા સુદ :એકમ મંગળવાર નક્ષત્ર :મઘા બપોરે ૨.૪૩ પછી પૂર્વફાલ્ગુની યોગ: શિવ કરણ:કિસ્તુધન આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**અશ્વ પ્લુતં વાસવગર્જિતં ચ, સ્ત્રીણાં ચ, ચિત્તં પુરુષસ્ય ભાગ્યં અવર્ષણં ચાપ્યતિ વર્ષણં ચ દેવો ન જાનાતિ કુતો મનુષ્ય:**

આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'માંથી લેવામાં આવ્યો છે. ત્યારે ડૉ.અશોક પટેલ (સોનોગ્રાફીવાળા) કે હવામાન ખાતાનો જન્મ પણ નહીં હોય એટલો પ્રાચીન છે- કહેવત છે કે 'આભ કે ગાભ' ની કોઈ આગાહી થઈ શકે નહિં:-

અર્થ:-'ઘોડાનું કૂદવું, વરસાદનું ગાજવું, સ્ત્રીના ચિત્તનો ત્યાગ (ભાવ), પુરુષનું ભાગ્ય અનાવૃષ્ટિ (દુષ્કાળ) કે અતિવૃષ્ટિ વધારે પડતા વરસાદી- આટલી બાબતોનો વર્તારો- આગાહી વિધાતા- દેવો પણ ચોક્કસ કહી શકતા નથી તો પછી માણસનું તો શું ગજું?' પ્રકૃતિનાં અમુક તત્વોનાં રહસ્યો, રહસ્યો જ રહેતાં હોય છે. એવાં રહસ્યોનો તાગ વિધાતા - દૈવ- જ્યોતિષી અને હવામાન ખાતાવાળા પણ નિશ્ચિત રીતે કહી શકતા નથી. ઘોડો કેટલું અંતર કૂદી શકે તે તેના બળ અને ઉત્સાહ પર આધારિત હોય, યુદ્ધ સમયનો ટેમ્પો અને માલિક પ્રત્યેનો પ્રેમ - વફાદારી પર આધારિત હોય છે. વરસાદ ગાજે અને વરસે એ નિશ્ચિત નથી હોતું. પુરુષ ગમે તેટલી મહેનત કરે પણ જ્યારે ભાગ્ય ફળે ત્યારે જ ફળે, ભાગ્ય ક્યારે ફળે તે કોઈ કહી શકતું નથી.

વરસાદ- વાવાઝોડાંની અત્યારે નિશ્ચિત આગાહી થાય છે પણ ક્યારે કઈ દિશામાં ફંટાઈ જાય એ હજુ પણ નક્કી નથી...

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) અણધારી આફત આવે. સ્વમાન ઘવાય..**
**વૃષભ : (બ.વ.ઉ.) લાભની તક સાંપડે. નવિન કાર્યમાં સફળતા મળે.**
**મિથુન : (ક.છ.ઘ.) ભાગીદારી સાથે મતભેદ થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.**
**કર્ક : (ડ.હ.) આર્થિક લેવડ-દેવડમાં સાવધાની રાખવી જરૂરી. જામીગીરીમાં સંભાળવું.**
**સિંહ : (મ.ટ.) ધાર્મિક ક્ષેત્રે ધન ખર્ચ થાય. ટૂંકી મુસાફરી રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.) લાભની આશા ઠગારી નીવડે. મનની મૂંઝવણમાં વધારો થાય**
**તુલા : (ર.ત.) .માનસિક ચિંતાનો ઉકેલ મળે. નવિન કાર્યમાં સફળતા મળે.**
**વૃશ્ચિક :(ન.ય. ) કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ.**
**ધન : (ભ.ફ.ધ.) નવિન વસ્તુની ખરીદી થાય. સ્વજન સાથે મિલન-મુલાકાત થાય.**
**મકર : (ખ.જ.) કામકાજમાં રૂચિ વધે. નાણાંકીય ગુંચવણ દૂર થાય.**
**કુંભ : (ગ.શ.સ.) આર્થિક ક્ષેત્રે અણધાર્યો લાભ મળે. મનની મુરાદ બર આવે.**
**મીન : (દ.ચ.જ.થ.) નવિન યોજનાઓ સફળતાથી પાર પાડી શકશો. પ્રવાસ - મુસાફરી થાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

પેશવાઓના રાજયમાંથી વેઠની પ્રથા સદંતર બંધ કરાવવાનું શ્રેય જેમના ફાળે જાય છે એ શ્રી રામશાસ્ત્રી પ્રભુની જન્મતિથિ છે.

એમનો જન્મ કૃષ્ણા નદીના કાંઠે માહુલી નામના ગામે થયો હતો. ધર્મશાસ્ત્રનો ઉંડો અભ્યાસ કરી રામમાંથી 'રામશાસ્ત્રી' બનેલા આ મહામાનવની વિદ્વતા, ન્યાયપરાયણતા અનેનિસ્વાર્થતાથી પ્રભાવિત થઈને માધવરાવ પેશવાએ ઈ.સ. ૧૭૪૬ માં તેમને મુખ્ય ન્યાયાધિશ બનાવ્યા હતા. જન્મ ૨૨-૮-૧૭૨૦

આ નિષ્પક્ષ ન્યાયમૂર્તિનુ ૨૫-૧૦-૧૭૮૬ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## નિફ્ટી ફ્યુચર ૯૮૦૮ પોઈન્ટ મહત્વની સપાટી....!!!

**તા ૨૧.૦૮.૨૦૧૭ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ ( ૯૭૬૫ ) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૭૯૭ પોઇન્ટના પ્રથમ અને ૯૮૦૮ પોઇન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૭૪૪ પોઇન્ટ થી ૯૭૩૦ પોઈન્ટ, ૯૭૧૭ પોઇન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૮૦૮ પોઇન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) ACC લિમિટેડ ( ૧૭૯૦ ) :- સિમેન્ટ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૭૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૬૦ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૦૮ થી રૂ.૧૮૧૮ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૮૨૨ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) HDFC લિમિટેડ ( ૧૭૩૮ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૭૧૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૭૦૬ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૭૫૧ થી રૂ.૧૭૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) સેન્ચુરી ટેક્ષટાઇલ ( ૧૨૨૪ ) :- રૂ.૧૨૧૩ પ્રથમ તેમજ રૂ.૧૨૦૩ ના બીજા સપોર્ટથી ટેક્ષટાઇલ સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૪૭ થી રૂ.૧૨૬૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) રિલાયન્સ કેપિટલ ( ૭૭૮ ) :- ફાઇનાન્સ સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૭૯૩ થી રૂ.૮૦૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૭૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) ડીવીસ લેબ ( ૬૨૨ ) :- રૂ.૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૦૯ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! સ્ટીલ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૩૮ થી રૂ.૬૪૪ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) HDFC બેન્ક (૧૭૪૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૨૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૫૭ થી રૂ.૧૭૭૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૭૦૯ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) એશિયન પેઈન્ટ્સ (૧૧૩૬) :- રૂ.૧૧૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૫૫ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૧૧૩ થી રૂ.૧૦૯૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૬૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) બાટા ઇન્ડિયા (૬૭૦) :- ફૂટવેર સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૮૬ ના સ્ટોપલોસથી વેચાણલાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૬૪૪ થી રૂ.૬૩૦ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) ભારત પેટ્રો (૪૯૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રીફાઇનરી સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૧૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૪૮૭ થી રૂ.૪૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૫૩૦ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) રિલાયન્સ ઇન્ફ્રા (૪૬૯) :- રૂ.૪૭૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૮૪ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૪૫૬ થી રૂ.૪૪૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૪૯૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

## સાયન્સ કોમર્સ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને સ્વાઈન ફ્લૂની પ્રતિરક્ષા માટે ઉકાળાનું વિતરણ

પાલનપુર

આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ દ્વારા તા. ૧૮/૦૮/૨૦૧૭ ના રોજ સ્વાઈન ફ્લૂ સામે પ્રતિરક્ષા માટે આર્યુવેદીક ઉકાળો વિદ્યાર્થીઓને પિવડાવવામાં આવ્યો હતો. એચ૧એન૧ વાઈરસ દ્વારા બનાસકાંઠામાં અનેક વ્યક્તિઓ સ્વાઈન ફ્લૂનો ભોગ બન્યા છે. જેને લીધે આ રોગ વિકરાળ સ્વરૂપ ધારણ ન કરે અને વિદ્યાર્થીઓને તેની સામે પ્રતિરક્ષા મળે તે હેતુથી આ ઉકાળો સિવિલ હોસ્પિટલ પાલનપુરના મુખ્ય નિયામક ડો. પટ્ટીવાલા અને ડો. ગુજરાલ નાયક તેમજ પાલનપુર નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર દ્વારા આ ઉકાળો કોલેજમાં મોકલવામાં આવ્યો હતો. કોલેજના ૧૦૦૦ વિદ્યાર્થીઓને આ ઉકાળો પિવડાવવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજના પ્રિન્સીપાલ ડો. યોગેશ બી.ડબગર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડો.પી. એસ.પટેલ, પ્રા.એસ.એન. જયસ્વાલ, પ્રા.વિણા ભોજવાણી, નવીનભાઈ સથવારા હાજર રહ્યા હતા.

## સુરત જિલ્લાના બે શિક્ષકોની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી

**સમગ્ર રાજયમાંથી પસંદ થયેલા ૪૧ શ્રેષ્ઠ શિક્ષકોને રાજ્ય પારિતોષિક-૨૦૧૭ અપાશે**

સૂરત

સુરતરાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા અમલી 'રાજ્ય પારિતોષિક યોજના' અંતર્ગત પસંદગી પામેલા ૪૧ શ્રેષ્ઠ શિક્ષકોને રાજ્ય પારિતોષિક-૨૦૧૭ જાહેર કરાયા છે. પ્રાથમિક વિભાગ અનેમાધ્યમિક શિક્ષક વિભાગમાંથી સુરત જિલ્લાના બે શિક્ષકોની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી કરવામાં આવી છે.જેમાં પ્રાથમિક વિભાગમાંથી કામરેજ તાલુકાની કોસમાડી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા યાસીનકુમારઅમીરભાઇ મુલતાની અને માધ્યમિક શિક્ષક વિભાગમાંથી સુરત શહેરના અશ્વિનીકુમાર રોડ પર આવેલીસરસ્વતી વિદ્યાલયમાં ફરજ બજાવતા નિપુણભાઇ ઉપેન્દ્રરાય પંડ્યાની રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષક તરીકેપસંદગી કરવામાં આવી છે.

શ્રેષ્ઠ શિક્ષકોને આ એવોર્ડ આગામી ૫મી સપ્ટેમ્બર-૨૦૧૭ના રોજ રાજયપાલના હસ્તે એનાયતકરાશે. શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ એવોર્ડ માટે પસંદગી પામેલા શ્રેષ્ઠ શિક્ષકોને અભિનંદન અનેશુભકામનાઓ પાઠવતાં તેમના બહોળા અને વિશિષ્ટ શૈક્ષણિક જ્ઞાનનો લાભ વિશેષ રીતે વિદ્યાર્થીઓનેઆપવા અનુરોધ કરીને કર્યો હતો.

## ભીલડી ઠાકોર સેનાના કાર્યકરો કાંકરેજ તાલુકાના ગામોમાં સેવા માટે રવાના



કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

બનાસ નદીમાં પૂર આવતા કાંકરેજ તાલુકાના ગામોમાં મોટા પ્રમાણમાં જાનમાલની પાયમાલી થઈ છે. ત્યારે ઠાકોર સેનાના પ્રદેશ કન્વીનર અલ્પેશ ઠાકોરના આદેશથી ઠાકોર સેનાના ૧૫૦૦૦ જેટલા કાર્યકરો દ્વારા કાંકરેજ તાલુકાના ગામડાઓમાં ઘેર- ઘેર જઈ સર્વે કરવાના છે અને ૧૫ થી ૨૦ ટ્રકોમા બાજરી ભરીને પૂરગ્રસ્ત તમામ કોમના લોકોને વિતરણ કરશે. જેના ભાગરૂપે ભીલડી ૨૨ ગામ ઠાકોર સેનાના કાર્યકરો ભીલડી આનંદ શોપીંગથી ૪ ગાડીઓમાં રવાના થયા હતા.

## જિલ્લામાં સોમવતી અમાવસ્યાના દિવસે નદીમાં સ્નાન કરવા ભાવિકો ઉમટયા



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ચાલુ વર્ષે શ્રાવણ માસના અંતિમ દિવસ સોમવારના દિવસે સોમવતી અમાવસ્યાનો સુલભ સંયોગ રચાતા ધાર્મિક લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સોમવતી અમાસ એ પિતૃકૃપા મેળવવા માટેનો ઉત્તમ દિવસ ગણવામાં આવે છે. જેમાં લોકો પીપળાના વૃક્ષની પૂજા- અર્ચના કરી પરિક્રમા કરતા હોય છે. આ ઉપરાંત ઠંડા પાણીથી સ્નાન કરવું વગેરે અનેક વિશેષતા રહેલી છે. ત્યારે આ વર્ષે જિલ્લામાં પડેલા અનરાધાર વરસાદના પગલે તમામ નદીઓ સજીવન થઈ ઉઠતા પવિત્ર શ્રાવણના અંતિમ દિવસે સોમવતી અમાસના પગલે વહેલા ઉઠી સ્નાન કરવા માટે નદીએ લોકો પહોંચ્યા હતા. તો વળી દિવસભર પણ નદીએ ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી. જેમાં ખાસ કરી વિશ્વેશ્વર મહાદેવના લોકોએ દર્શન કરી નદીમાં સ્નાન કરવાની પણ મજા ઉઠાવી હતી. આ ઉપરાંત બનાસ નદીમાં પણ પાણીનો પ્રવાહ ચાલુ રહેતા લોકોએ સ્નાન કરવાનો અચુક લાભ લીધો હતો.

## ધાનેરા તાલુકાના ધાખા ગામે પર્યુષણ પર્વની આરાધનાનો શુભારંભ

**જીવનમાં અહોભાવ અને નિર્મળતા ખાસ જરુરી છે - પૂ.આ.ભ. યસોવિજય સુરીશ્વરજી મ.સા.**

પ્રતિનિધિ ધાનેરા

ધાખા નગરે પ.પૂ. આ.શ્રી વિજય અરવિંદ સુરીશ્વરજી મ.સા, આદિ ૪ આચાર્ય ભગવંત તેમજ ૧૨૫ સાધુ સાધ્વીજી પધાર્યા ત્યારથીજ આરાધનાનો અપૂર્વ પજ્ઞ મંડાયો છે.૩૦ ઉપવાસ, ૧૬ ઉપવાસ,અઠ્ઠઈ, સિધ્ધીતપ, શ્રેણીતપ આદિ વિવિધ તપોમાં વિશાળ સંખ્યામાં આરાધકો જોડાઈ તપ આરાધના કરી ને જીવનને ધન્ય બનાવી રહ્યા છે.

પર્યુષણ મહાપર્વને પામી ને ચાલી રહેલ પ્રવચનમાંપૂ.આ.શ્રી યસોવિજય સુરીશ્વરજી મ.સા. તેમજ ધાનેરાના પનોતા પુત્ર એવા પ.પૂ.આચાર્ય ભગવંતશ્રી અર્હપ્રભસુરીશ્વરજી મ.સા. એ પોતાના દિવ્ય પ્રવચનમાં લોકોને કર્તવ્યનુ માર્ગદર્શન આપતા કહ્યુ કે આ ઉથ્થાનના માર્ગમાં બે વસ્તુઓની ખાસ આવસ્કતા છે જે છે અહોભાવ અને નિર્મળતા જેનો અનુભવ પર્યુષણ પર્વમાં વિશેષ થતો હોય છે. દેવગુરુ ધર્મ પ્રત્યે પેદા થયેલો અહોભાવ તેમની નિકટતાને પ્રાપ્ત કરાવે છે અને તપાદિ આરાધના દ્વારા કર્માદિ થી લેવાયેલ આત્મા નિર્મળતાને પામે છે. આ તપ ધર્મની આરાધનામાં મોટી સંખ્યામાં આરાધકો જોડાયા છે અને તપ આરાધના કરી રહ્યા છે જેમાં જૈન સિવાયના અન્ય લોકો પણ આ તપ આરાધનાનો લાભ લઈ રહ્યા છે.

## શિહોરીમાં શાળાના બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું



વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલુકામાં અતિવૃષ્ટિના કારણે નદી વિસ્તારોમાં પાણી ઉભરાઈ ગયા હતા. તેમાં લોકોને ઘરવખરીની સાથે સાથે શાળામાં ભણતા બાળકોના અભ્યાસ માટેના તમામ સાહિત્યો પણ નષ્ટ થવા પામ્યા હતા. ત્યારે ગતરોજ વડોદરા યુવા ભાજપ મોરચા તરફ શાળામાં ભણતા બાળકોને સહાય પેટે ૨૦૦૦ કીટ આપવામાં આવી હતી. આથી કાંકરેજ તાલુકા દ્વારા શિહોરી શાળાના આચાર્ય નરેન્દ્રસિંહ વાઘેલાને પે.કેન્દ્ર શાળા નં.૧ અને પેટા શાળાઓ મળી કુલ ૧૦ શાળાઓમાં સ્કુલબેગ, પેન, કંપાસ, સ્લેટ અને ચોપડા, ચોપડીઓની સંપૂર્ણ કીટનું વિતરણ કરવાની જવાબદારી આપવામાં આવી હતી. ત્યારે ગામ માતાજીના મંદિરમાં આગેવાનોને બોલાવી વિદ્યાર્થીઓને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને તિથિભોજન આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## શેરપુરામાં સી.આર.સી. કક્ષાનો રમતોત્સવ યોજાયો

ડીસા

ડીસા તાલુકાના વરણ ગામની શ્રી રૂપનગર પ્રા.શાળામાં શેરપુરા સી.આર.સી.કક્ષાના રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સેન્ટરના આચાર્ય ભમરાજી ભારી અને સી.આર.સી. ભરતભાઈ ભારીના માર્ગદર્શન હેઠળ વિવિધ રમતો જેવી કે કબડ્ડી, ખો- ખો, એથ્લેટીક્સ અને યોગાસનમાં સેન્ટરની ૧૦ શાળાઓના બાળકોએ ભાગ લીધો. જેમાં પ્રથમ વિજેતાને સિલ્ડ અને ગ્લાસ તેમજ બધા જ બાળકોને પેનો ઈનામમાં આપવામાં આવી. આ રમતોત્સવનું સંચાલન પટેલ દિપકકુમારે કરેલ તેમજ બાળકોને સરપંચ ઠાકોર છગનજી મેઠાજી તરફથી ભોજન આપવામાં આવ્યું. આ રમતોત્સવને સફળ બનાવવા માટે ગામના વડીલો અને યુવાનોએ ત્રણ દિવસ મહેનત કરી સાથ સહકાર આપેલ.

## દહેજ ખાતે દિપક ફિનોલેક્સ ૪૦૦ કરોડ રૂપિયાના રોકાણથી પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે

**ડીસા**

**દહેજ ખાતે દિપક ફિનોલેક્સ લિમીટેડ તેના પ્લાન્ટનું વિસ્તરણ કરવા જઈ રહી છે. દિપક ફિનોલેક્સ લિમીટેડએ દિપક નાઈટ્રેટ લિમીટેડની સંપૂર્ણ માલિકીની પેટા કંપની છે.કંપની તેના દહેજ ખાતેના પ્લાન્ટમાં કયુમીન/ફિનોલ પ્રોજેકટનું વિસ્તરણ કરવા જઈ રહી છે.**

**ફિનોલ માટે કેલોગ, બ્રોન અને રૂટ ઈન્ટરનેશનલ ઈન્ક (છખચ) અને ગકબ, કયુમિન માટે ગફ.લી. લગકબ દ્રારા ટેકનોલોજી અને એન્જિનિયરીંગ સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે. ફિનોલ અને કયુમિન બન્ને માટે ભ.હો કોન્ટ્રાકટર થિસ્સેનકૃપઈન્ડસ્ટ્રીયલ સોલ્યુશન ઈન્ડીયા પ્રાઈવેટ લીમીટેડ છે. વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ દરમિયાન ગુજરાત સરકાર સાથે એમઓયુ મુજબ આ સ્થાપના કરવામાં આવી છે. કંપનીએ ગુજરાતમાં દહેજ ખાતેના એ જ પ્લોટમાં સાયકલોહેકઝેનોન પ્લાન્ટ, મિથાઈલ આઈસો બ્યુટાઈલ-કેટોન (MIBK) પ્લાન્ટ, ઈસોપ્રોપીલ આલ્કોહોલ પ્લાન્ટ અને એસિટોફિનોન પ્લાન્ટ સ્થાપશે.**

**આ નવા પ્લાન્ટ માટે અંદાજીત ૪૦૦ કરોડનું રોકાણ કરવામાં આવશે.**

## ભાવનગર (થરા) પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ અને સ્વચ્છ - સ્વસ્થ ગામ કાર્યક્રમ યોજાયો



યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના ભાવનગર (થરા) પ્રાથમિક શાળા ખાતે ધીમી ધારના શરૂ થયેલા વરસાદી માહોલમાં સ્વચ્છ- સ્વસ્થ ગામ અને વૃક્ષારોપણ કાર્યક્રમ શાળાના આચાર્ય ચેહરાભાઈ એન. ગુર્જરના અધ્યક્ષ સ્થાને યોજાયો. જેમાં ભાવનગર સ્વચ્છ- સ્વસ્થ કેવી રીતે રાખી શકાય. જેમાં ગામના દરેક નાગરિકની ફરજ સાથોસાથ પર્યાવરણને બચાવવા માટે વૃક્ષારોપણની સાથેસાથે તેનો ઉછેર- જતન એટલું જ મહત્વનું બની રહે છે. આ પ્રસંગે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. વ્યસનો, કુરિવાજોને તિલ્લાંજલી અર્પી. બેટી- બેટાને સાક્ષરતાના સંસ્કાર થકી શ્રેષ્ઠ સિંચન કરીએ. આ કાર્યક્રમમાં બાબુભાઈ પટેલ, દેવરાજભાઈ પટેલ, પ્રકાશભાઈ પટેલ, અશોકભાઈ ચૌધરી વગેરે હાજર રહી વૃક્ષારોપણ કર્યું હતું.

## બાપલામાં રણુંજા-સુંધા પદયાત્રીકોની સેવા




પ્રતિનિધિ બાપલા

ધાનેરા તાલુકાના બાપલા ખાતે છેલ્લા દસ-બાર વર્ષથી રણુંજા, સુન્ધામાતા, ખીમજ માતા (ભીનમાલ) તેમજ જસોલ (ભટીયાણી માતા) જતા પદ યાત્રીઓ માટે બાપલાની પ્રાથમિક શાળામાં બજરંગ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.જેમાં શ્રાવણ સુદ બીજથી આસો સુદ પુનમ સુધી સતત આ સેવાકેમ્પમાં પદયાત્રીઓને ચા, પાણી, નાહાવા- ધોવાની સગવડ, ગરમનાસ્તો, સ્વાદિષ્ટ ગરમાગરમ ચોખ્ખા ઘીનું ભોજન પીરસવામાં આવે છે.બાપલા થી વડગામ (રાજસ્થાન) જતા રોડ પર જેતપુરાનો ડેમ તૂટી જતા પુલની જગ્યાએ કાચો રોડ પર બનાવીને પદયાત્રીઓને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તેવો રોડ બનાવવામાં આવ્યો છે.બાપલા કેમ્પમાં મોટી જગ્યા તેમજ પાણી અને ભોજનની સારી સગવડ હોવાથી મોટા મોટા સંઘો પણ રોકાણ કરી પોતાનો થાક ઉતારે છે અને ધન્યતા અનુભવે છે.

વળી આ કેમ્પમાં તબીબો પણ હોય છે.જે યાત્રાળુઓ માટે રાહત સમાન છે.આ સમગ્ર કેમ્પનું આયોજનકર્તા ભુરાભાઈ પી.પટેલ, ઉત્તમભાઈ પંચાલ, ગણેશભાઈ રબારી, રામશીભાઈ વી.પટેલ(મારૂતિ એગ્રોવાળા) તેમજ ગ્રામજનો અને બાપલાના વેપારી મિત્રોના સહયોગથી કરાયું છે.જેનો બહોળી સંખ્યામાં પદયાત્રીઓ લાભ લેવા વહિવટદારોએ જણાવ્યું હતું.

## ડી.જે.એન. મહેતા હાઈસ્કુલ જુનાડીસામાં ૭૧ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

જુનાડીસા

ગત તા. ૧૫/૮/૧૭ ના રોજ ૭૧ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સવારે ૯:૦૦ કલાકે શાળાના પટાગણમાં ધ્વજ લહેરાવી, સલામી ભરી કરવામાં આવી.

જુનાડીસા હાઈસ્કુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ગામના વતની ડૉ.પ્રકાશભાઈ સોમાભાઈના વરદ હસ્તે ધ્વજ લહેરાવવામાં આવ્યો. આજના પ્રસંગે મોદી અરવિંદભાઈ, ચાવડા ગુલાબખાન, મોદી સોમાભાઈ, મોદી પ્રકાશભાઈ, સરપંચ બબાભાઈ ખટાણા, ડેપ્યુટી સરપંચ ફારૂકભાઈ દાણી, પરબતભાઈ ઠાકોર, મુસાભાઈ ચાવડા, દાઉદભાઈ ઘાસુરા, દિલીપભાઈ ભાટીયા, સુલતાનભાઈ ઘોરી, મણીભાઈ પુનડીયા, ગોપાલભાઈ મોદી, યાસીનભાઈ ચૌહાણ, બાબુજી ઠાકોર, અમીનખાન રાઠોડ, ચેલાભાઈ શ્રીમાળી, નરેન્દ્રભાઈ અનાવાડીયા, બિસુભાઈ ઘોરી, મોઈનભાઈ સિન્ધી, એમ.કે. અનાવાડીયા, ડી.સી.મકવાણા, નટુભાઈ મોદી, પ્રવિણભાઈ મોદી, યુસુફ સુમરા, આર.પી.ઠાકોર, હનીભાઈ, ભુરાભાઈ તથા ગ્રામજનો જોડાયા હતા. આચાર્ય પી.વી.મહેતાએ સૌને આવકારી તેમના દ્વારા મળેલ દાનને સ્વીકારી તેમનો આભાર માન્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનું સંચાલન શાંતિભાઈ જોષીએ કર્યું હતું.

## પેપરાલમાં બાળકોને બટુક ભોજન



નરસિંહ પ્રજાપતિ

પ્રતિનિધિ ગેળા

લાખણી તાલુકાની પેપરાલ પ્રાથમિક શાળામાં દાતાઓ અવારનવાર તિથિભોજન આપી સરકારના સંકલ્પને સિધ્ધ કરી રહ્યાં છે. ત્યારે પવિત્ર શ્રાવણ મહિનામાં બાળકોને તિથિભોજન રૂપે મહાપ્રસાદનું વિતરણ ચાલુ છે. ત્યારે સોમવતી અમાસના પવિત્ર દિવસે દાતા અમરાભાઈ ગણેશભાઈ ચૌધરી પરિવાર તરફથી બાળકોને તિથિ ભોજનમાં મીઠાઈ, શાક- પુરી અને દાળ- ભાતનું પાકુ તિથીભોજન આપવામાં આવ્યું હતું. શાળા પરિવાર અને ગામલોકોએ દાતા પરિવારના બાળ પ્રેમને બિરદાવી આભાર માન્યો હતો.

## ફાફરાળીમાં બટુક ભોજન અપાયું



નટુજી ઠાકોર

દિયોદર તાલુકાની ફાફરાળી પ્રાથમિક શાળાના બાળકોને શ્રાવણ માસ નિમિત્તે તિથિભોજન આપવામાં આવ્યું હતું. જે પ્રસંગે આશારામજી ઠાકોર, ગોપાળજી ઠાકોર, વિનાજી ઠાકોર, ભૂપતજી ઠાકોર, અલ્પેકશજી ઠાકોર વગેરે હાજર રહ્યાં હતા.



ભરત સુંદેશા

સી.આર.સી કક્ષાના રમતોત્સવમાં વિશાલકુમાર ધનાજી સોલંકી દોડમા પ્રથમ, સંજુબેન પોપટલાલ સોલંકી યોગ-દોડમા પ્રથમ ,જશીબેન જેન્તીલાલ મકવાણા અંડર-૧૪ દોડમા પ્રથમ, શૈલેષકુમાર અશોકજી મકવાણા લાંબીકુદમાં પ્રથમ તમામ રમતમાં કરજીપુરા પ્રા.શાળા ના બાળકોનો દબદબો રહ્યો.તમામ રમતમાં પ્રથમ આવેલ બાળકોને શાળાવતી ખુબખુબ અભિનંદન.તેમજ આજના ભોજન દાતાશ્રીએ લાડુ,દાળ-બાટીનું સુંદર મજાનું ભોજન સમગ્ર ભાકોદર સેન્ટરના બાળકોને આપેલ છે.એવા ટાંક પરીવારને શાળાવતી ખુબખુબ અભિનંદન.

# થરામાં શ્રાવણમાસના સોમવારને અમાસ નિમિત્તે શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ જામી

### સોમવતી અમાસ હોવાથી ઠેરઠેર હવન હોમ થકી આહુતિ અપાઈ

તા.પ્રતિ થરા

કાંકરેજ તાલુકાના થરા તાણા વિસ્તારમાં શ્રાવણમાસની શ્રધ્ધા,ભક્તિ, ઉપાસના, આરાધના અભિષેક થકી ઉજવણી કરવામાં આવી આ વર્ષે પાંચ સોમવારને તેમાંય પૂજન અને અમાસ સોમવારે તે ચંદ્ર - સૂર્ય ગ્રહણ આ વર્ષે અનેક શ્રેષ્ઠ સંયોગો વચ્ચે ગઈકાલે સોમવતી અમાસ સાથે શ્રાવણમાસ પૂર્ણ થયો જેમાં સમસ્ત ભરવાડ - ગોપાલક સમાજની ગુરુગાદી એવા ઝાઝાવડા વાળીનાથ મંદિર, થરા, નિલકંઠ મહાદેવ હાઈવે તેરવાડીયા વાસ શિવાલય, તાણા શિવમંદિર સહિત ઠેરઠેર હોમ હવન સવારથી યોજાયા સાંજે ચારવાગ્યાના સુમારે શ્રીફળની આહુતિ આપી સંપન્ન થયા. ઝાઝાવડા તીર્થના મહંત શ્રી ઘનશ્યામપુરીજી ગુરુ શિવપુરીજી મહારાજના આશિર્વાદ મેળવી લોકોએ ધન્યતા અનુભવી હતી. થરા નગરમાં ઝાઝાવડા વાળીનાથ મહાદેવ તીર્થ, નિલકંઠ મહાદેવ હાઈવે જતા ગુરુગઢી ખાતે સવારથી ભાવિક ભક્તોની ભીડ જોવા મળી હતી. પ્રાચીન રામજી મંદિર ખાતે આવેલ શિવાલય અને પીપળાની પ્રદક્ષિણામાં પણ ભક્તોની ભીડ જામી હતી.


યશપાલસિંહ ટી.વાઘેલા

# ટાકરવાડા પાસે રિક્ષા પલ્ટી ખાતા ૩ ને ઈજા

પાલનપુર

પાલનપુર તાલુકાના ટાકરવાડા પાસે રિક્ષા પલ્ટી ખાતા સર્જાયેલા વાહન અકસ્માતમાં ૩ જણાને ઈજા થતા તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા.

ટાકરવાડા પાસે રિક્ષા પલટી થતા સર્જાયેલા અકસ્માતમાં (૧) થાનાભાઈ નશાભાઈ પારેગી ઉ.૧૭ વર્ષ (૨) રવી નારણભાઈ પ્રજાપતિ ઉ. ૧૭ વર્ષ (૩) જયેશ જશવંતભાઈ મોદી ઉ.૨૫ વર્ષ તમામ રહે વાંસણા તા. પાલનપૂર ને ઈજા થઇ હતી. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# થરાદ મીઠા રોડ પર ખાડાઓ પડતાં પ્રજાજનોને હાલાકી

### કોલેજ પાસે પડેલા મોટા ખાડાઓથી દુર્ઘટનાનો ભય

પ્રતિનિધિ થરાદ

થરાદ મીઠા હાઈવે પર પડેલા નાનામોટા ખાડાઓના કારણે આ માર્ગેથી પસાર થતા અસંખ્ય વાહનચાલકો અને કોલેજીયન વિધાર્થીઓ હાલાકીઓ ભોગવી રહ્યાછે.સંબંધિત વિભાગ દ્વારા સત્વરે ખાડાપુરવામાં આવે તેવી લોકમાંગણી ઊઠવા પામીછે.

થરાદ મીઠા હાઈવે પર તાજેતરમાં અતિવૃષ્ટીના કારણે મોટાપ્રમાણમાં પાણીનો ભરાવો થવા પામ્યો હતો.જેના પરીણામે તાજેતરમાંજ કિસાનપથ યોજના હેઠળ અંદાજીત ત્રણ કરોડના ખર્ચે બનેલો રોડ મોટા પ્રમાણમાં ધોવાતાં ઠેર ઠેર નાનામોટા ગાબડાં પડવા પામ્યાંછે.વરસાદમાં અનેક વાહનો ફસાવાના બનાવો પણ બન્યા હતા.જોકે ત્યાર બાદ સમગ્ર વાહનવ્યવહાર ખોટવાઇ જતાં નાનાવાહનોને નહેર પરથી જ્યારે મોટાંને જેતડા,દિયોદર થઈને મીઠા ફરીને પસાર થવાની નોબત આવી હતી.

આ અંગે થરાદ નગરપાલિકાના પુર્વપ્રમુખ પથુભાઈ રાજપુતે જણાવ્યું હતુ કે કંડલા બંદર તરફ જતો પરપ્રાન્તીય ટ્રાન્સપોર્ટ વ્યવહાર અને ભાભરને જોડતા મુખ્ય માર્ગ ખોરવાતાં રીપેર કરવામાટે તેમણે પણ પીડબલ્યુડી વિભાગનું ધ્યાન દોર્યું હતું.દર વર્ષે આ સમસ્યા સર્જાયછે.વળી કોલેજના પ્રવેશદ્વારે પડેલા ખાડાઓ નાના વાહનચાલક માટે જોખમી પણ બનવાની સાથે વિધાર્થીઓને પણ ભારે હાલાકીઓનો સામનો કરવો પડી રહ્યો છે.આથી તાકીદે તે પુરવામાં આવે તેવી પ્રજા માંગ ઊઠવા પામીછે.

# ભાભર પાલિકા વિસ્તારમાં ૫૦૦૦ કિટ અને રૂા.૧.૯ કરોડની કેશડોલ ચૂકવાઈ


વનરાજસિંહ રાઠોડ

પ્રતિનિધિ ભાભર

તાજેતરમાં બનાસકાંઠા જિલ્લામાં ધોધમાર વરસાદથી બનાસનદીએ ભારે નુકશાન વેર્યું હતું.જેમાં ભાભર પંથકમાં પણ વરસાદથી મોટું નુકશાન થવા પામ્યું હતું.આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી અને નગર સેવકોની મહેનતથી વરસાદમાં થયેલ લોકોના નુકશાન પેટે વિવિધ સંસ્થાઓ અને ભાજપ પાર્ટીએ શહેરમાં ૫૦૦૦ કીટનું વિતરણ કર્યું હતું.તેમજ સરકાર તરફથી ભાભર પાલિકા વિસ્તારમાં કુલ રૂા.૧.૯ કરોડની કેશડોલ આપવામાં આવતા ખુશીની લહેર છવાઈ છે.વરસાદથી થયેલ નુકશાનનું દુઃખ ભૂલીને લોકો આનંદમાં આવી ગયા છે.

# પાંચડા ગામે વરસાદી પાણીનું નાળું અદશ્ય

પ્રતિનિધિ પાંચડા

વડગામ તાલુકાના પાંચડા ગામની ઉતરે પાકા રોડ પર વરસાદી પાણીના નિકાલ માટે નાળુ બાંધેલ હતું. પરંતુ કચરા પેટી તરીકે કામ આપતું નાળુ ક્યાં ગરકાવ થઈ ગયું છે. તે આશ્ચર્ય છે. સત્તાવાળા ધ્યાન આપી સત્વરે એસ.ટી. સ્ટેન્ડથી લગભગ ૧૦૦ મીટર દુર અદશ્ય થયેલ નાળું ફરી બનાવે એવી ગ્રામજનોની માંગ છે.

પાંચડા ગામની ઉત્તર તરફ જતાં સાઈડ ખેતરોમાં અને ગામડે જવાનો રેતાળ રસ્તો છે. સાઈડમાં ગામનું તળાવ અને પીંપળો છે. પાણીનો નિકાલ આ નાળા દ્વારા થતો હતો. પરંતુ તળાવમાં જતા પાણીના નાળાં તૂટી ગયાં છે. ખાડા- ખડીયા હોવાથી આ માર્ગે ચાલવામાં ખૂબ જ તકલીફ પડતી હોય છે. ખરેખર પાણીનાં નાળાં દુરસ્ત કરાવવાની જરૂર છે.

# થરાદમાં ગરમીના કારણે પોલીસકર્મીની તબીયત લથડી


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

સરહદી થરાદ પંથકમાં શ્રાવણની પુર્ણાહૂતીની સાથે જ ભાદરવાની ગરમીની પડવાની શરૂઆત થવા પામી છે.જેના કારણે થરાદ પોલીસમથકમાં એએસઆઇ તરીકે ફરજ બજાવતા જશવંતસીહ ભાલુજીને ડ્રીહાઈડ્રેશન થતાં બી.પી ઘટવા પામ્યું હતું.આથી તેમને પોલીસ મથકમાંજ બાટલો ચડાવવો પડ્યો હતો.અત્રે ઉલ્લેખનીયછેકે થરાદ પોલીસ મથકમાં કર્મચારીઓના મહેકમ સામે સ્ટાફની ઘટછે.આથી કર્મચારીઓ પર કામના બોજનું ભારણ પણ વધારે રહેછે.વળી દિવસે અને રાતે પણ નાઈટ કામગીરમાં ફરજ બજાવવી પડતી હોયછે.જેને પરિણામે પુરતો આરામ નહી મળી શકવાથી પણ તેની સીધી અસર સ્વાસ્થય પર થતી હોવાનું પણ ચર્ચાસ્પદ બનવા પામ્યું હતું.

# થરાદના પીલુડામાં કૉમ્યુનીટી હોલનું ખાતમૂહૂર્ત


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના પીલુડા ગામમાં નવીન કૉમ્યેનીટી હોલ બનનાર છે. સોમવારે થરાદના ધારાસભ્ય પરબતભાઇ પટેલના હસ્તે બહોળી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનો વચ્ચે હોલનું ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે થરાદ તાલુકાભાજપના પ્રમુખ રૂપસીભાઇ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ મગાજી ઠાકોર,માર્કેટયાર્ડના વાઇસ ચેરમેન કરણસીહ ચૌહાણ, માર્કેટયાર્ડના ડીરેક્ટર અનાજી વાઘેલા, તાલુકા પંચાયતના પુર્વ કારોબારી ચેરમેન પોપટજી ઠાકોર, પીલુડા શાળાના પુર્વાચાર્ય અજીતસીહ રાઠોડ, ગાયત્રી વિધાલયના કલાર્ક રાસેંગભાઇ ચૌધરી, ગામના અગ્રણી ઓખભાઇ સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. થરાદના ધારાસભ્ય પરબતભાઇ પટેલે ગ્રામજનોને સંબોધતાં રાજયસરકારની ગામડાંના વિકાસની અને સરકારની પ્રજાજનો માટે ચાલતી વિવિધ યોજનાઓની જાણકારી આપી હતી.

# લાખણી તાલુકા ફેર પ્રાઈઝ એસો. દ્વારા પડતર પ્રશ્નો મુદ્દે મામલતદારને રજુઆત


દિલિપ પુરોહિત

(પ્રતિનિધિ) લાખણી

લાખણીની સસ્તા અનાજની દુકાદારોના પડતર પ્રશ્નોનો કોઈ ઉકેલ ના આવતાં લાખણી તાલુકાના સસ્તા અનાજની દુકાનના વેપારીઓએ આજરોજ લાખણી મામલતદારને રજુઆત કરી જણાવેલ કે, તેમના પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો સપ્ટેમ્બર માસની પુરવઠા પરમીટ લઈશું નહીં.

તેમજ આ બાબતે વધુમાં જણાવેલ કે, ગુજરાત રાજ્ય ફેર પ્રાઈઝ એસોસિએશન દ્વારા અગાઉ કમિટી બનાવી સસ્તા અનાજની દુકાન ધરાવતા વેપારીઓના પડતર પ્રશ્નોનો નિકાલ કરવાની ખાત્રી આપી હતી. પરંતુ આજદિન સુધી તેમના પ્રશ્નોનો કોઈ નિકાલ ન આવતા લાખણી તાલુકા સસ્તા અનાજના વેપારીઓ દ્વારા દુકાન ભાડુ, કમ્પ્યુટર ઓપરેટરના પગાર સહિતનાં મુદ્દાઓને લઈને મામલતદાર કચેરી લાખણી ખાતે મામલતદારને રજુઆત સંદર્ભે પત્ર આપેલ અને સામૂહિક રજુઆત કરેલ તેમજ સપ્ટેમ્બર માસનું એડવાન્સ પરમીટ ન લેવાનું પણ વેપારીઓ દ્વારા સામૂહિક નિર્ણય કરવામાં આવેલ. જેમાં લાખણી તાલુકાની તમામ સસ્તા અનાજની દુકાનના વેપારીઓ હાજર રહીને મામલતદાર લાખણીને તેમના પ્રશ્નો વહેલી તકે ઉકેલાય તે માટેની રજુઆત કરી હતી.

# મગરવાડાના યુવકનું ૨૫૨ મી વખત રક્તદાન

(તા.પ્રતિનિધિ) વડગામ

"રક્તદાન મહાદાન"એ કહેવતને વડગામના મગરવાડાના પઢીયાર યુવકે સાર્થક કરી બતાવી છે. જેણે ૪૧ વર્ષની વયે ૨૫૨ વખત રક્તદાન કરી અન્યોને પ્રેરણા પુરી પાડી છે.



મગરવાડા બસસ્ટેન્ડ ઉપર હેર કટીંગનો વ્યવસાય કરતા ભરતભાઈ શંકરલાલ પઢીયારે ૧૮ વર્ષમાં ૨૫૨ વખત રક્તદાન કરી રક્તદાનની પ્રસિત્તને વેગવંતી બનાવી છે. માનવ સેવાની સુવાસ ફેલાવતા ભરતભાઈ પઢીયાર રક્તની જરૂરીયાતવાળા વ્યક્તિ પાસે પહોંચી જાય છે અને રક્તદાન થકી મુરઝાયે જતી માનવ જિંદગીઓને ફરી ખિલવવાનો કાબિલેદાદ પ્રયાસ કરે છે. અન્યો પણ તેમનામાંથી પ્રેરણા લે તે જરૂરી છે.

# ડીસાના ઈન્દિરા નગર ખાતે આવેલ વિશ્વેશ્વર મહાદેવના મંદિરે હવન યોજાયો

ડીસા

સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં શ્રવણ માસ નિમિતે તમામ મહાદેવના મંદિરો શિવ ભક્તોથી ઉભરા હતા. અને દરેક મંદિરોમાં ભક્તો દ્વારા શિવજીની પૂજા અર્ચના કરવામાં આવી હતી. ત્યારે આજે શ્રવણ માસના છેલ્લા દિવસે ડીસાના તમામ મંદીરોમાં હવન તેમજ મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું

ત્યારે ડીસા શહેરના ઈન્દિરા નગરમાં આવેલ વિશ્વેશ્વર મહાદેવના મંદિરમાં આજે શિવ ભક્તો દ્વારા હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હવનમાં આજુબાજુમાં રહેતા શિવ ભક્તો દ્વારા હવનમાં આહુતિ આપી ધન્યતા અનુભવી હતી. આ પ્રશંગે ભોજન પ્રસાદનું પણ આયોજન કરતા ભક્તોએ પ્રસાદનો લાભ લીધો હતો.

# ધાનેરામાં કોંગ્રેસ દ્વારા પુર પીડીતોને કીટ વિતરણ


એન.કે.મોદી

(તા.પ્રતિનિધિ) ધાનેરા

ગુજરાત કોંગ્રેસ પાર્ટી બનાસકાંઠામાં આવેલ પૂરમાં લોકોના સંગાથે રહીને મદદ કરી રહી છે. તા.૨૧-૮-૨૦૧૭ના રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પૂર પીડિત લોકોને જીવન જરૂરિયાત માટે કીટ વિતરણ ધાનેરા શહેરમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધાનેર શહેર કોંગ્રેસના પ્રમુખ બલવંતસિંહ રાવ, વસરામભાઈ ગલચર, નાનજીભાઈ પટેલ, હરીસિંગ રાજપૂત, તળસાભાઈ ચૌધરી, ધાનેરા યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ વસીમભાઈ બેલીમ, જિલ્લા યુથ કોંગ્રસ માંથી વિનુભા સોંલકી,બલદેવ ઠાકોર સહિત અન્ય કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં કીટ વિતરણ કાર્યક્રમમાં જોડાય હતા.

# ડીસામાં વાલ્મીકી સમાજની વાડીનું ખાતમુહુર્ત


વિનોદ બાંડીવાલા

ડીસા

ડીસાના વોર્ડ નં.૮ માં આવેલ નવાવાસની પાછળ વાલ્મીકી સમાજની વાડી બનાવવા માટે ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ ગ્રાન્ટ ફાળવી છે.જેથી વાડી બનાવવાના કામનું ગતરોજ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.જે પ્રસંગે વોર્ડના સક્રિય પાલિકા કોર્પોરેટર શ્રીમતી સેજલબેન દિનેશભાઈ મહેસૂરીયા, કલ્પેશભાઈ મોદી, કિશોરભાઈ ચૌહાણ, સંજયભાઈ, ચંદાભાઈ, હેમચંદભાઈ, રામુંભાઈ, હરેશભાઈ, હિતેશભાઈ સહિતના સમાજના આગેવાનો અને યુવાનો હાજર રહ્યા હતા જે વાડી સમાજને ઉપયોગી નિવડશે તેથી આગેવાનોમાં ખુશાલી છવાઈ છે.

# ખીમાણા ખારશેશ્વર મહાદેવ મંદિરે યજ્ઞ યોજાયો


વિષ્ણુ સોલંકી

પ્રતિનિધિ ખીમાણા

ખીમાણા ખારશેશ્વર મહાદેવ મંદિરે પરમપૂજ્ય શ્યામનારાગણગીરી બાપુના આર્શિવચન થી શ્રાવણી અમાસ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ ખારેશ્વર મહાદેવનો યજ્ઞ-પૂજા અર્ચના તથા ગામના ખીમાણા, નવાવાસ, નવાપુરા, રામપુરા, રામશીપુરા, તખતપુરા, ઉંદરીયાવાસ, હેમાપુરા, તથા મોતીપુરા અને ખોડલા તથા લેબસીયાવાસ અને ખીમાણા હાઈસ્કૂલ અને ગામની છ આંણવાડીઓના આશરે ૩૦૦૦ બાળકોને બટુક ભોજન આપવામાં આવ્યું.

જેમાં ગામના અગ્રણી આગેવાનો યુવામિત્રો અને તમામ શાળાના શિક્ષક મિત્રોએ બહોળી સંખ્યામાં હાજરી આપી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખીમાણા ગામના યુવામિત્રોએ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો.આ શુભ પ્રસંગે સ્વામીનારાયણગીરી બાપુએ ગામના બાળકો સારૂ શિક્ષણ મેળવી પ્રગતિ કેળવે તેવા આર્શીવાદ આપ્યા.

# ડીસામાં સ્વ.વડાપ્રધાનના જન્મદિનની ઉજવણી


ભરત સુંદેશા

ડીસામાં ભારતના પૂર્વ સ્વ.વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મ જયંતિ નિમિત્તે તેમની પ્રતિમાને કોંગ્રેસ કાર્યકરો દ્વારા ફુલહાર પહેરાવી તેમના ભારત નવ નિર્માણના કાર્યો વાગોળવામાં આવ્યા હતા.

# રામદેવપીર સેવા સમિતિ થરા- દિયોદર રણુંજા પદયાત્રિકોની સતત સેવામાં


અશોક પ્રજાપતિ

પ્રતિ. માંડલા

ભાદરવો નજીક આવતા દુર - દુરથી પગપાળા યાત્રિકો રણુંજા જતા જોવા મળે છે. આ પગપાળા યાત્રિકો માટે ખરેખર રાજસ્થાનના રણ વિસ્તારમાં સેવાની જરૂરિયાત હોય છે. આવી જરૂરિયાતોને પુરી કરવા ગુજરાતના અનેક સેવાના ભેખધારી લોકો સેવા કેમ્પ લગાવી પદયાત્રિકોની સેવામાં જોડાય છે.

રામદેવપીર સેવા સમિતિ દ્વારા દિયોદરના સંયુક્ત ઉપક્રમે રાજસ્થાન સેવનિયાણ ખાતે ચા, પાણી, નાસ્તો, આરામની સુવિધા પુરી પાડવામાં આવે છે. સાલુ સાલે ૩૦/૭/૧૭ થી ૨૩/૮/૨૦૧૭ સુધી સેવનિયાણ ખાતે ભવ્યાતિભવ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તથા આ કેમ્પમાં આ દિવસોમાં એકાદ લાખ પદયાત્રિકોએ આ કેમ્પની સેવાઓનો લાભ લીધો છે. સેવા સમિતિના આજીવન સભ્યો થરા ખાતે ૩૧૩ છે. જે દર વર્ષે ૧૧૦૦/- રૂપિયા આપે છે. તેમજ અન્ય સખાવતી દાતાઓ પણ દાન પુરુ પાડી સેવા કેમ્પને સફળ બનાવે છે.

સેવા કેમ્પનું આયોજન કરતા અણદાભાઈ એસ. પ્રજાપતિ (એલ.આઈ.સી) થરા, ગોરધનભાઈ પ્રજાપતિ દિયોદર, વાલાભાઈ પ્રજાપતિ રાજપુર તેમજ તેમની સાથી ટીમની અથાગ મહેનત તથા પરિશ્રમ વડે બાબાના ભક્તોની અનેરી સેવા પુરી પડાય છે.

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં કોંગ્રેસ દ્વારા આયુર્વેદીક ઉકાળાનું વિતરણ


ભરત સુંદેશા

ડીસા શહેર અને તાલુકામાં સ્વાઈનફલૂ સહિતના રોગોએ માથુ ઉંચક્યું છે.જેને ધ્યાને લઈ કોંગ્રેસ કાર્યકરો દ્વારા ઠેરઠેર સ્વાઈનફલુ સામે રક્ષણ આપવા આયુર્વેદીક ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

# માધપુરા (રાંટીલા) પ્રાથમિક શાળામાં સરસ્વતી માતાજીની પ્રતિષ્ઠા કરાઈ


હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

દિયોદર તાલુકાના રાંટીલા ગામે આવેલ માધપુરા પ્રાથમિક સાળામાં રવિવારે સરસ્વતી માતાજી ની પ્રાણ પ્રતિષ્ઠા મિહોત્સવ અને તિથિ ભોજનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

સરસ્વતી માતાજીને વિદ્યાની દેવીનો દરજ્જો અપાયો છે દરેક સાળામાં દરોજ શિક્ષણ કાર્યની શરૂઆત કરતા પહેલા વિધાર્થીઓ અને શિક્ષક ગણ સરસ્વતી માતાજી ની પ્રાર્થના કરી શિક્ષણ કાર્ય ની શરૂઆત કરતા હોય છે જે વિદ્યાની દેવી સરસ્વતી માતાજીની દિયોદરના રાંટીલા ગામે આવેલ માધપુરા પ્રાથમિક શાળાના પટાંગણમાં સાલા સ્ટાફ પરિવારના સહયોગથી સરસ્વતી માતાજીનું મંદિર બનાવમાં આવ્યું છે જે મંદિરમાં ગત રવિવારના રોજ શોભા યાત્રા અને હોમ હવન સાથે શ્રી સરસ્વતી માતાજીની પ્રતિસ્થા કરવામાં આવી હતી.

અનુસંધાન પાના નં.૬

# વડગામના શ્રી નિલકંઠેશ્વર મહાદેવ મંદિરે સવાલાખ બિલી પત્રના સમાપન પ્રસંગે યજ્ઞ યોજાયો

તા.પ્રતિ. વડગામ

તાલુકા મથક વડગામના હિન્દુ પરીવારો સંચાલિત શ્રી નિલકંઠેશ્વર મહાદેવ મંદિરમાં પવિત્ર શ્રાવણમાસ નિમિત્તે ગ્રામજનો દ્વારા સવાલાખ બિલીપત્ર ચઢાવવાનો સંકલ્પ કર્યો હતો.જે પ્રસંગે ગામના બ્રાહ્મણો દ્વારા અભિષેક કરવામાં આવ્યો હતો.દરમ્યાન શ્રાવણમાસના છેલ્લા સોમવારે ગતરોજ હોમાત્મક યજ્ઞ યોજાયો હતો.જેમાં ભોજન પ્રસાદનું આયોજન કરાયું હતું.

સરપંચ ભગવાનસિંહ સોલંકી, પૂર્વ સરપંચ માંઘજીભાઈ આર.ડેકલીયા, તા.પં.ડેલિગેટ અમૃતપુરી ગૌસ્વામી, દૂધ મંડળીના ચેરમેન ભરતભાઈ ડેકલીયા, વિવિધ કાર્યકારી સ.સેવા.મંડળીના ચેરમેન માંઘજીભાઈ જી.પટેલ, રણછોડજી મંદિરના ટ્રસ્ટી આર.વી.પટેલ, પૂર્વ સરપંચ કાળુજી ડી.સોલંકી,

અનુસંધાન પાના નં.૬

# દિયોદર ઠાકોર સેના ગરીબોની વ્હારે


નટુજી ઠાકોર

પ્રતિનિધિ કોતરવાડા

બનાસકાંઠા અને પાટણ જીલ્લામાં અતિ ભારે વરસાદ અને મુખ્ય નર્મદા કેનાલ ટુટતાની સાથે જ બનાસકાંઠા જીલ્લાના કાકરેજ તાલુકાના કેટલાય ગામડાઓમાં પાણીના પુરમાં લોકો તેમની ઘરવખરી અને પશુઓ તણાઈ જવા પામ્યા હતા. ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશભાઈ ઠાકોરના માર્ગ દર્શન હેઠળ આજે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દિયોદરની ટીમ તેમજ દિયોદર તાલુકાના ગ્રામીણની ટીમ સાથે કાકરેજના ગામડાઓમાં ઉતરી પડી હતી અને એક એક ઘરની સર્વે કરીને જે પુરપીડીત હતા તેમને અનાજ અને ચોખાનું કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## તંત્રી સ્થાનેથી ...

### સ્વયંને બદલી દો, ભાગ્ય બદલી જશે.

## રાજસ્થાનમાં પુનઃ ગંભીર બનતો ગુર્જરો માટેનો અનામતનો પ્રશ્ન

દેશભરમાં વારંવાર અનામતના પ્રશ્ને જે તે સમાજ - સંગઠન દ્વારા તોફાનો અને ચક્કાજામ કાર્યક્રમો આપવામાં આવતા સમગ્ર જનજીવન પર ગંભીર અસર પડતી હોય છે. રાજસ્થાનમાં ગુર્જરોએ લાલ આંખ કરતા હવે ગુર્જરોને ૧૦ વર્ષમાં ત્રીજી વખત અનામત અપાશે. આતો ગુર્જરોની રીતસરની દાદાગીરી કહી શકાય. અને તે પાંચ ટકા અનામત આપવામાં આવનાર છે. અનામત આપવા માટે ઓબીસી ક્વોટામાં વધારો કરવામાં આવશે. એવું રાજસ્થાન સરકારનું મંતવ્ય છે.

રાજસ્થાન સરકારની કેબીનેટ અને કર્નલ કિરોડીસિંહ બૈસલાના માર્ગદર્શન હેઠળ ગુર્જર પ્રતિનિધિ મંડળ વચ્ચે અનામત બાબતે સમજુતી થયા પછી તેને સીએમ દ્વારા હવે લીલીઝંડી આપવામાં આવી છે.

અગાઉ ગુર્જરોને અનામત આપવા માટે અલગથી સ્પેશીયલ બેકવર્ડ ક્લાસ ઉભો કરવામાં આવ્યો હતો. તેને નોટિફિકેશન દ્વારા રદ કરવામાં આવશે. ગુર્જરોને અનામત આપવા માટે છેલ્લા દસ વર્ષમાં બહારના કોઈ રાજ્યોએ આ બાબતે હસ્તક્ષેપ કર્યો નથી. એટલે ઠીક છે, નહિતર ઘણા સમાજ સંગઠનો અનામત બાબતે આગળ આવવાના પ્રયાસો કરી રહેલ છે.

ગુર્જર આંદોલન પછી રચાયેલી ચોપરા સમિતિએ ૧૫ ડિસેમ્બર ૨૦૦૭ માં ગુર્જરોને પાંચ ટકા અનામત આપવાની વાત કરી હતી. આ પછી રાજસ્થાન સરકાર દ્વારા ૨૦૦૮ માં વિધાનસભામાં ખરડો રજુ કરીને ગુર્જરોને પાંચ ટકા અને આર્થિક રીતે પછાત વર્ગને ૧૫ ટકા અનામત આપવામાં આવી હતી. તે વખતે આર્થિક પછાત લોકોને અનામત આપવાની જોગવાઈ ન હોવાથી કોર્ટે તેના પર સ્ટેઓર્ડર આપ્યો હતો. ત્યારબાદ સરકારે ૨૦ જુલાઈ ૨૦૦૯ માં ગુર્જરોને અલગ રીતે પાંચ ટકા અનામત આપી હતી. આમ રાજ્યમાં કુલ અનામત વધીને ૫૪ ટકા થયેલ છે.

રાજસ્થાન હાઈકોર્ટે ૫૦ ટકાથી વધુ અનામત સામે સ્ટે આપ્યો છે. બાદમાં સરકારે ગુર્જરોને ૧ ટકા અનામત આપીને રસ્તો કાઢ્યો હતો, ત્યારથી ગુર્જરો અને સરકાર વચ્ચે હાલ કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે.

દેશના બંધારણમાં એવું કહેવાયું છે કે આર્થિક અને સામાજીક રીતે પછાત જાતિઓ માટે અનામતની જોગવાઈ કરવાથી તેઓ એકાદ દાયકામાં સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડાઈ જશે. જો કે હવે આર્થિક રીતે સંપન્ન જાતિઓ પણ હવે આરક્ષણ લેવા મેદાનમાં ઉતરી આવી છે. અમુક જાતિ સરકાર માટે વોટબેન્ક છે. એટલે સરકાર તેઓને અનામત આપવા ઈન્કાર કરી શકશે નહિં, સરકાર આ બાબતે કોઈપણ જાતનું જોખમ ઈચ્છતી નથી. જો કે અમુક સમાજના લોકો હવે અનામતના આંદોલનનો માર્ગ અપનાવે એવું ચોક્કસ લાગી રહ્યું છે.

રાજસ્થાનમાં વસુંધરા રાજેની સરકાર અને ગુર્જર નેતાઓ વચ્ચે થયેલી સમજુતિ અનુસાર ગુર્જર સહિત પાંચ જાતિઓને પાંચ ટકા અનામત આપવા ઓબીસી માટેના આરક્ષણનો ક્વોટા ૨૧ ટકાથી વધારીને ૨૬ કરી દેવાશે. તેવી હકીકત બહાર આવી છે. તેમ છતાં આર્થિક રીતે મજબુત હોય તેવા સમાજે અનામતના બાંધછોડ કરવી જોઈએ. તેવું શિક્ષણવિદોનું માનવું છે.

## ગુજરાત સ્થિત ચાટર્ડ સ્પીડ બેગ્સને ૨૦૧૭ માં ત્રણ નેશનલ એવોર્ડથી સન્માનિત કરાઈ

દેશની પેસેન્જર ટ્રાન્સપોર્ટ સર્વિસમાં અગ્રણી નામ ધરાવતી અમદાવાદ સ્થિત ચાટર્ડ સ્પીડ પ્રાઈવેટ લિમિટેડને પ્રવાસ ૨૦૧૭- ઈન્ડિયા ઈન્ટરનેશનલ બસ એન્ડ કાર ટ્રાવેલ શોમાં ત્રણ રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે.કંપનીને ભારતીય સરકારના માર્ગ પરિવહન, હાઈવે અને શીપિંગના કેબિનેટ મંત્રી નીતિન ગડકરી, વિવિધ રાજ્યોના પરિવહન ખાતાના મંત્રીઓ તેમજ અન્ય માંધાતાઓની ઉપસ્થિતિમાં બેસ્ટ પેસેન્જર ચોઈસ બસ ઓપરેટર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત કંપનીને પ્રાઈવેટ સેકટરમાં સ્ટેજ કેરેજ ઓપરેટર તથા સ્કૂલ ટ્રાન્સપોર્ટ માટે બસ ઓપરેટરના એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવી છે. મુંબઈમાં યોજાયેલા આ એવોર્ડ સંમારંભમાં દેશભરના ટૂર, બસ, કાર અને ટ્રાવેલ ઓપરેટર્સે ભાગ લીધો હતો. દેશની પેસેન્જર ટ્રાન્સપોર્ટ સર્વિસમાં ચાટર્ડ સ્પીડ પ્રાઈવેટ લિમિટેડ અગ્રણી નામ ધરાવે છે જેનું મુખ્ય લક્ષ્યાંક મુસાફરોને સલામત, ઉચ્ચ ગુણવત્તાની તથા એકરૂપ મુસાફરીના વિકલ્પો પૂરા પાડવાનો છે. વર્ષ ૨૦૧૦મા શરૂ થયેલી કંપની મેનેજિંગ ડાયરેક્ટર પંકજ ગાંધીના વડપણ હેઠળ છેલ્લા ૩૦ વર્ષોથી ઓટોમોટિવ સેક્ટરમાં બહુમાન ધરાવે છે. અમદાવાદ સ્થિત હેડકવાર્ટર ખાતે કંપની તેના ટકાઉ ઉકેલનું નિર્માણ કરવાના આશય સાથે તેના બિઝનેસ મોડલમાં સતત નાવીન્યતાના પ્રયાસો કરવા માટે સક્રિય છે. કંપની તેના ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન તથા મહારાષ્ટ્ર ખાતેના નેટવર્કથી તેના ગ્રાહકોને સેવાઓની વ્યાપક શ્રેણી પૂરી પાડે છે. કંપનીના પ્રારંભથી અત્યારસુધીમાં કંપનીએ ૫૬ ટકાના ઝઇચ્ઝ સાથે ઝડપી વૃદ્ધિ નોંધાવી છે. કંપનીના વાહનોની શ્રૃંખલામાં ૮૦૦થી વધુ વાહનો છે તેમજ ૨૦૦૦ કર્મચારીઓ કામ કરે છે. પ્રવાસ ૨૦૧૭ બીઓસીઆઈ દ્વારા આયોજિત દેશનો આંતરરાષ્ટ્રીય બસ અને કાર ટ્રાવેલ શો છે. BOCI અગ્રણી સંસ્થા છે જેમાં દેશભરના બસ અને કાર ઓપરેટરનું પ્રતિનિધિત્વ કરતા રાજ્યોનાસંઘ સમાવિષ્ટ છે.

## આયરિયાણં નમોનમઃ

ઓમ નમો આયરિયાણં ભગવંતાણં નાણીણં પંચવિહાયાર સુટ્ઠિયાણં ત્રિસ્તુતિક માન્યતાવાળાના વડા પૂ.આચાર્ય દેવશ્રી જયંતસેન સૂરિશ્વરજી મહારાજ કાળધર્મ પામ્યા... એમના અગ્નિસંસ્કાર વગેરેની બોલી ખુબ સુંદર થઈ. એમના એક સુંદર ગુણની અહીં વાત કરવી છે.

મુંબઈ માટુંગા કિંગ સર્કલના ઉપાશ્રયની જગામાં જ સુમતિપ્રદાયીશ્રી સુમતિનાથાદિ ત્રણ ભગવાનના જિનબિંબની પ્રતિષ્ઠા વખતે પૂજ્ય સિધ્ધાંત દિવાકર આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષ સૂરિશ્વરજી મહારાજશ્રીની ઉદાત્ત ભાવનાથી તેમનાથી નાના- મોટા ૨૫ આચાર્ય દેવોની ઉપસ્થિતિમાં ભગવાન ગાદીનશીન થયા... આ વર્ષે સંવત્સરી પર્વમાં એક તિથિ- બે તિથિનો ભેદ આવ્યો. ત્રણ સ્તુતિ માન્યતાવાળા પક્ષની સંવત્સરી પર્વની આરાધના એક તિથિ પક્ષની માન્યતા કરતા એક દિવસના ફેરફારવાળી હતી. સંમિલિત- સંગઠિત થયેલા ૨૫ આચાર્યોએ પૂ.જયંતસેન સૂરીશ્વરજી મહારાજને નિવેદનપત્ર લખ્યો,

સંવત્સરી પર્વ એક જ દિવસે કરવા રજુઆત કરી અને આ નિવેદનમાં પોતાની સંમતિનો સૂર પૂરાવ્યો આ આચાર્ય દેવેઓશ્રીએ અને એમના આજ્ઞાનુવર્તી વર્ગે એક તિથિ પક્ષવાળાની માન્યતા મુજબની તિથિના દિવસે જ સંવત્સરી પર્વની આરાધના કરી. ભૂરિ અનુમોદના! કેવો દાક્ષિણતાનો સુંદર ગુણ? કદાગ્રહ પરવશ થયેલા ક્યારેય પણ પોતાની પકડ છોડી ના શકે!

-પં.શ્રી ભુવનસુંદરવિજયજી ગણિ
-પં.શ્રી ગુણસુંદરવિજયજી ગણિ

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

## અમદાવાદમાં રેડિયો સિટી સુપર સિંગર સિઝન ૯ના ગ્રાન્ડ ફિનાલેમાં સંગીતની રેલમછેલ યથાવત્



અમદાવાદ

ભારતની સૌથી વિશાળ સિંગિંગ ટેલેન્ટ હન્ટ લવઈટ ચોકલેટ્સ પ્રેઝન્ટસ - રેડિયો સિટી સુપર સિંગર સિઝન ૯ તમામ રેકોર્ડ્સ તોડીને નવી ઊંચાઈ પર પહોંચી છે જેમાં દેશભરમાંથી સૌથી વધુ સંખ્યામાં લોકો સામેલ થયા છે. લવઈટ ચોકોલેટ્સ પ્રેઝન્ટ્સ - રેડિયો સિટી સુપર સિંગર સિઝન ૯ તેની ભવ્ય સંગીતમય ફિનાલે સાથે નવી ઊંચાઈ પર પહોંચી છે. ટોચના પાંચ સ્પર્ધકોને હિરલ બ્રહ્મભટ્ટ, સંજય ઓઝા અને ડો. પાર્થ ઓઝાએ જજ કર્યા હતા અને આખરે અમદાવાદના વિજેતા તરીકે અર્ચિત પાટડીયાનું નામ સુનિશ્ચિત કર્યું હતું, જેને કેશ પ્રાઈઝ રૂ. ૧ લાખથી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ વર્ષે વધુ ૧૧ સ્ટેશનો સુધી સ્પર્ધા વિસ્તારવામાં આવી હતી, જેમાં દેશભરના ૩૯ શહેરોને આવરી લેવાયા હતા. રેડિયો સિટીની ફિલોસોફી 'રગ રગ મૈં દોડે સિટી'ને યથાર્થ ઠેરવતા અમદાવાદના ખૂણે ખૂણેથી આવેલા સ્પર્ધકોએ રેડિયો સિટીના ડિજિટલ પ્લેટફોર્મ - રેડિયોસિટી.ઈન, આઈવીઆરએસ, ઈન-સ્ટુડિયો અને મોલ ઓડિશન્સ દ્વારા રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.રેડિયો સિટી સુપર સિંગર એ અમારી એક માર્કી પ્રોપર્ટીઝમાંની એક છે જેનો છેલ્લા ૮ વર્ષમાં નોંધપાત્ર વિકાસ થયો છે. અમે આ પ્રોપર્ટીસાથે કાયમ નવા રેકોર્ડ સ્થાપ્યા છે અને દર વર્ષે વધુને વધુ લોકો તેમાં સામેલ થઈ રહ્યા છે. આ ૯મી સિઝનને પણ દેશભરમાંથી જોરદાર પ્રતિસાદ મળ્યો હતો જેમાં ૬ લાખ સ્પર્ધકો દેશભરમાંથી જોડાયા હતા જે આ માધ્યમની તાકાત અને અસર દર્શાવે છે. સ્પર્ધકોએ દર્શાવેલો ઉત્સાહ અને આતુરતા દરેક ભારતીયના હૃદયમાં રહેલા સંગીત માટેના પ્રેમનો પુરાવો હતો. ત્રણ સપ્તાહના સમયની તીવ્ર સ્પર્ધા પછી ટોચના પાંચ સ્પર્ધકો - હિમાંશુ બારોટ, અર્પિતા જયચંદાણી, ઉપાસના પરમાર, આકાશ શર્મા,

અર્ચિત પાટડિયાને માનનીય જ્યુરી દ્વારા શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ હિરલ બ્રહ્મભટ્ટ, સંજય ઓઝા અને ડો. પાર્થઓઝા દ્વારા જજ કરવામાં આવ્યા હતા. તીવ્ર સ્પર્ધા પછી ટોચના પાંચ સ્પર્ધકોને તેમની ગાયકી પ્રતિભા રેડિયો પર દર્શાવવાની અનેશ્રોતાઓનાં વોટ મેળવવા માટે તક આપવામાં આવી હતી. ફિનાલેનું આયોજન સીજી સ્ક્વેર, પંચવટી રોડ ખાતે થયું હતું. જ્યાં પાંચેય ફાઈનલિસ્ટોએ ઓડિયન્સને મંત્રમુગ્ધ કર્યું હતું.

## વર્લ્ડ યુથ (અન્ડર-૧૬) ચેસ ઓલમ્પીયાડ-૨૦૧૭

ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશનઅને ફીડે (વર્લ્ડ ચેસ ફેડરેશન)ના નેજા હેઠળ "વર્લ્ડ યુથ (અન્ડર-૧૬) ચેસ ઓલમ્પીયાડ-૨૦૧૭" ટુર્નામેન્ટનુંઆયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટ તા.૧૦મી ડિસેમ્બર, ૨૦૧૭ થી શરૂ થઈ તા.૨૦મી ડિસેમ્બર, ૨૦૧૭સુધી કર્ણાવતી કલબ, ગોલ્ડન ગ્લોરી હોલ (એ.સી.), એસ. જી. હાઈવે, અમદાવાદ ખાતે રમાશે. ટુર્નામેન્ટની સંક્ષીપ્તમાહિતી નીચે મુજબ છે. .. ટુર્નામેન્ટનું સ્થળ : કર્ણાવતી કલબ, ગોલ્ડન ગ્લોરી હોલ (એ.સી.), સરખેજ હાઈવે, અમદાવાદ... આ ટુર્નામેન્ટમાં ૧૬ વર્ષથી નીચેની ઉંમર ધરાવતા ખેલાડીઓ (છોકરાઓ તેમજ છોકરીઓ) ભાગ લેશે... આ ટુર્નામેન્ટમાં લગભગ ૩૦૦ જેટલા પ્રતિભાશાળી ખેલાડીઓ દુનિયાના ૬૦ થી વધુ દેશમાંથી ભાગ લેવાઆવશે. આ ટુર્નામેન્ટ ટીમ ફોર્મેટમાં રમાડવામાં આવશે જેમાં કુલ ૫ ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવશેએટલે કે પ્રત્યેક દેશ તરફથી એક ટીમ કે જેમાં ૫ ખેલાડીઓનો સમાવેશ થાય તેવી ૬૦ થી વધુ ટીમો આટુર્નામેન્ટમાં ભાગ લેવા આવશે. આ ૫ ખેલાડીઓમાં ૧ ખેલાડી તરીકે ગર્લ્સ ખેલાડીએ રમવું આવશ્યક છે.અને ૧ કપ્તાન (મેનેજર, ટ્રેઈનર)નો સમાવેશ થાય છે... .પાંચ શ્રેષ્ઠ ટીમનો એવોર્ડ દ્વારા નવાજવામાં આવશે જયારે ૬ મેમ્બરની શ્રેષ્ઠ ટીમને ગોલ્ડ, સીલ્વર અને બ્રોન્ઝમેડલથી નવાજવામાં આવશે. આ ઉપરાંત ગર્લ્સ માટે તેમજ શ્રેષ્ઠ બોર્ડને પણ ઈનામો આપી સન્માનીત કરવામાં આવશે.આ ટુર્નામેન્ટમાં કુલ ૯ રાઉન્ડ ફીડે સ્વિસ સિસ્ટમથી રમાશે.

## એસ્ટ્રોઈન્ફોલાઈન - ધ સ્પિરિચ્યુઅલ સર્ચ એન્જિન ની રજૂઆત કરવામાં આવી



અમદાવાદ

થર્ડ આઈ સ્પિરીચ્યુઅલ રીસર્ચ ફાઉન્ડેશન દ્વારા વેબ પોર્ટલ ની શરૂઆતકરવામાં આવી જેમાં જ્યોતિશ,વાસ્તુશાસ્ત્રી, ટેરોકાર્ડ રીડર, કે.પી.સિસ્ટમ, આંકડાશાસ્ત્રી, સહી વિશ્લેષક,ચહેરો,પગ અને હથેળી રીડર, રેકી હીલર્સ, રમલ શાસ્ત્રી, કર્મ કાંડી, કલર થેરાપી, યોગા અને મેડીટેશનએક્સપર્ટ વગેરે લોકો જોડાઈ શકે છે. લોન્ચ ના દિવસેજ ૬૦૦૦ લોકો આ પોર્ટલ ઉપર રજીસ્ટર થયા હતાં. www.astroinfo.in પર થી વધું માહિતી મેળવી શકાય છે અને સાથે દેશની દરેક આધ્યાત્મિક કાર્યક્રમ ની જાણકારી આ પોર્ટલ પર થી મેળવી શકાશે"આ એક એવું સર્ચ એન્જીન છે જેમાં દુનિયાભર ના જ્યોતિશ,વાસ્તુશાસ્ત્રી વગેરે જોડાઈ શકે છે અને આધ્યાત્મિક દુનિયામાં જોડાયેલા અથવા આધ્યાત્મિકતા માં કાર્ય કરતા લોકો આમાં જોડાઈ એકબીજા નું સંપર્ક કરી શકે છે. અમારા ત્યાં માતા-પિતા ની સાથે સાથે યુવાનો પણ જ્યોતિશ અને વાસ્તુશાસ્ત્ર શીખવા માટે આવે છે.અમારો મિશન લોકો ને તેમની દૂનિયા થી જોડવાનો છે વિશ્વના સૌથી ઉપયોગી સૂચનો બનાવીને અમે લોકો ને જાગૃત કરવા માંગીએ છીએ કે જે તેમના માટે જરૂરી છે તે કઈ રીતે મેળવ્વું." આજના સમયમાં લોકોમાં વિશ્વાસ ની ખૂબજ અછત છે એ પછી સંબંધો ને લઈને હોય કે નોકરી ને લઈને ગમે તે હોઈ શકે છે અને તેના નિરાકરણ માટે લોકો જ્યોતિશ,વાસ્તુશાસ્ત્રી, ટેરોકાર્ડ રીડર વગેરે તરફ વળે છે. પહેલા ના સમય માં ફક્ત માતા-પિતા અને વૃદ્ધ લોકો અમારી પાસે આવતા હતા પરંતુ

આજના સમય માં યુવાનો ની સંખ્યા મા વધારો થયો છે કારણકે તેઓ ખૂબજ વહેલા સંબંધો માં જોડાઈ જાય છે અને તેને સંભાળી શકતા નથી અથવા વિશ્વાસ નો અભાવ હોય છે માટે તેઓ આ બધી વસ્તુ તરફ આવે છે અને સાથે સાથે તેઓ માં આ બધી વસ્તું શીખવાની પણ એટલીજ ઉત્સુકતા જોવા મળે છે.આ પોર્ટલ દરેક વય ના લોકો માટે ફાયદાકારક નિવળશે."

## આલ્ફા ઈન્સ્ટીટ્યૂટ ઓફ આર્કીટેક્ચર સ્ટડીઝ GTU ની બીજા સેમેસ્ટરની પરીક્ષામાં પ્રથમ ક્રમાંકે

આલ્ફા ઈન્સ્ટીટ્યૂટ ઓફ આર્કીટેક્ચર સ્ટડીઝ, જે વૈષ્ણોદેવી અને ગોત સર્કલથી ૧૦ કિમીના અંતરે આવેલી છે તેણે બીજાવર્ષમાં પ્રવેશ કરતાની સાથે જ GTU ની Summer-2017 માં યોજાયેલ પરીક્ષામાં બીજા સેમેસ્ટરમાં પ્રથમ ક્રમાંકે પરીણામ મેળવેલ છે. આ સંસ્થાની વિદ્યાર્થીનીએ GTU ની Summer-૨૦૧૭ પરીક્ષામાં ૯.૭૦ SPI મેળવી GTU માં દ્વિતીય સ્થાનપ્રાપ્ત કરેલ છે તેમજ આ સંસ્થાએ સરેરાશ ૯૪% જેટલું ઉજ્જવળ પરિણામ મેળવેલ છે. આમ વર્ષ ૨૦૧૬માં ચાલુ થયેલઆર્કીટ-ક્ચર કોર્ષ એક વર્ષના ટૂંકા સમયગાળામાં GTU ની પરીક્ષામાં જ્વલંત સફળતા પ્રાપ્ત કરેલ છે.આલ્ફા ઈન્સ્ટીટ્યૂટ ઓફ આર્કીટેક્ચર સ્ટડીઝ અને આલ્ફા કોલેજ ઓફ એન્જીનિયરિંગ એન્ડ ટેકનોલોજી આ બંને આલ્ફા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત સંસ્થાઓ છે જે વર્ષ ૨૦૦૯માં ૨૪૦ વિદ્યાર્થીઓની ઈન્ટેકથી શરૂ થઈ અત્યારે વર્ષ ૨૦૧૭ દરમ્યાન ૯૦૪ વિદ્યાર્થીઓની ઈન્ટેક સુધીની સફરના માત્ર દસ વર્ષના સમયગાળામાં અમદાવાદ નજીકની સંસ્થાઓમાં અગ્રેસર સંસ્થા તરીકેનું ગૌરવ મેળવી ચૂકેલ છે. આ સંસ્થા ઉત્તમ ટેકનિકલ એજ્યુકેશનની સાથે વિદ્યાર્થીઓના સોફ્ટ સ્કીલ ડેવલપમેન્ટ અને સર્વાંગી વિકાસને વિવિધ શૈક્ષણિક સંલગ્ન અને ઈત્તર પ્રવૃત્તિઓ દ્વારા પૂરતું પ્રોત્સાહન આપે છે.

## દત્તક લીધેલ ૩૦ દીકરીઓને શૈક્ષણિક કીટનું વિતરણ



દત્તક લીધલી ૩૦ દીકરીઓને યુવા લીડર અર્જુન મિશ્રા દ્વારા આજ રોજ તેમની "તિજ્ઞા મુજબ શૈક્ષણિક કીટ કે જેમાં ડ્રેસથી લઈને બુટ-મોજા, નોટ-ચોપડા, પેન્સિલથી લઈ બધીજ અ"ત્યની વસ્તુઓની કીટ વિતરણ કરવામાં આવી. શૈક્ષણિક રીતે ક્યાય પાછા ના પડે એની કાળજી લઈ અને એમને ભણવું કેમ જરૂરી છે એ મા"દર્શન પૂરું પડ્યું. આજ રોજ રામોલ ની શાળા નં.૧ માં ભણતી દીકરીઓને જે આર્થિક રીતે ભણવા માટે ની સર સામ્"ીઓ ના હોય એમને ફ્રી ટ્યુશન પણ આપવાની જાહેરાત કરી છે.આ અભિયાન થી "રાઈ ને ખુબ જ મોટી સંખ્યામાં યુવાનો આ અભિયાનમાં જોડાયા છે અને સતત અવિરત આ સદ્કાર્ય કરતા રેહવા "તિજ્ઞા લઈને આજ રોજ શાળા માં કીટ વિતરણ નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિ"ાયે અર્જુન મિશ્રા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે "હું આવા સામાજિક કાર્યો કરવા સક્ષમ રહીશ કે નઈ એની ચિંતા નથી પણ જયારે આ દેશ માં યુવાનો ની સંખ્યા હોય કે જેઓ ઉર્જા થી પરિપૂર્ણ હોય એવા લોકો જો આવા ભ"ીરથ કાર્યોમાં જોડાઈ જાય તો આ દેશ ખુબ જ ઝડપ થી ""તી કરી શકશે. દેશ માં "રીબી હટાવવા ના નારા થી કઈ ના થાય એમાં સરકાર સાથે જન ભા"ીદારી જરૂરી છે. હું આજ થી આ દીકરીઓની શૈક્ષણિક જવાબદારી નિભાવીશ અને નવયુવાનો ને આવા સદ કાર્ય માટે "રણા આપતો રહીશ."

## બ્રાહ્મણોની અવગણના હવે બ્રહ્મ સમાજ સાંખી નહીં લે : યજ્ઞેશ દવે

***૬૫૦થી વધુ ભૂદેવોને બ્રહ્મ ગૌરવ એવોર્ડ એનાયત***



અમદાવાદ

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજયકક્ષા દ્વારા ગુજરાતભરના સુવિખ્યાત બ્રહ્મ પ્રતિભાઓની પ્રેરક ઉપસ્થિતિ તેમજ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના પ્રતિનિધિઓની હાજરીમાં 'બ્રહ્મ ગૌરવ એવોર્ડ ૨૦૧૭' વિતરણ સમારોહ આજે શહેરના પંડિત દિનદયાલ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે યોજાયો હતો. આ સમારોહમાં ગુજરાતમાં વસતા કર્મકાંડી બ્રાહ્મણો માટે એક મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી હતી. તેમજ ગુજરાતના કર્મકાંડી બ્રાહ્મણો માટે રૂ. એક લાખનું વીમાકવચ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા પુરુ પાડવાની ઘોષણા કરવામાં આવી હતી.'બ્રહ્મ ગૌરવ એવોર્ડ ૨૦૧૭'માં અલગ-અલગ ૨૦ કેટેગરીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બ્રહ્મ ગૌરવ એવોર્ડ ૨૦૧૭માં દરેક કેટેગરીમાં કુલ ૩ એમ ૬૦ ભૂદેવોનું બ્રહ્મ ગોરવ એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું, જયારે અન્ય બ્રહ્મ તેજને (ભૂદેવો)ને મેડલ તથા સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં.આજે 'બ્રહ્મ ગૌરવ એવોર્ડ ૨૦૧૭'માં ૬૫૦ ભૂદેવોનું થયેલુ સન્માન એ ઐતિહાસિક ઘટના છે, જેનો અમને ખૂબ આનંદ છે. આ એવોર્ડ સમારંભથી સમાજની એકતામાં વધારો થયો છે. કારણ કે સમાજ દ્વારા સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું છે. આ એવોર્ડ સમારોહમાં સન્માન મેળવનાર બ્રાહ્મણ અને સન્માનિત થનાર પણ બ્રાહ્મણ છે, જે એક અવિસ્મરણીય ઘટના છે. ગુજરાતમાં બ્રાહ્મણોને થતા અન્યાય સામે બ્રહ્મસમાજ સંગઠિત થઈ ગયો છે. હવે કોઈપણ રાજકીય પક્ષ કે સંગઠન બ્રાહ્મણની સામે બ્રાહ્મણ લડાવવાનું વિચારશે તો, તેમને તેમની છઠ્ઠી યાદ કરાવતા બ્રહ્મસમાજ અચકાશે નહીં, કારણકે હવે બ્રાહ્મણ બ્રાહ્મણ સામે નહી પરંતુ બ્રાહ્મણ બ્રાહ્મણની સાથે છે.` સારા અને સાચા વર્તનનું ભલે કઈ આર્થિક મૂલ્ય ન હોય પરંતુ તેનું મૂલ્યાંકન સમાજ અવશ્ય કરે છે, આજે 'બ્રહ્મ ગૌરવ એવોર્ડ ૨૦૧૭'માં સન્માનિત થનારા દરેક ભૂદેવો સમાજને હંમેશા મદદરૂપ થયા છે અને થતા રહેશે. વર્તમાન સમયમાં બ્રહ્મસમાજની જે અવગણના થઈ રહી છે, તેની સામે આ કાર્યક્રમથી સમાજમાં બ્રહ્મસમાજ પુનઃ ગૌરવશાળી સ્થાને બીરાજશે.

આ કાર્યક્રમની સફળતાથી સમાજની યુવા પેઢીને નવો રાહ મળ્યો છે. એક બીજાના સહિયારા પુરુષાર્થથી સમાજના વિકાસકાર્યોને વેગ મળશે અને સમાજની ઉન્નતિ થશે જે બ્રાહ્મણની સાથે બ્રાહ્મણ તેની સાથેના સુત્રને આ કાર્યક્રમથી મજબૂતી મળી છે. બ્રહ્મ ગૌરવ એવોર્ડ ૨૦૧૭ વિતરણ સમારોહમાં બ્રહ્મ અગ્રણી શ્રી જગત શુક્લ અને બ્રહ્મ યુવા પ્રમુખ શ્રી હેમાંગ રાવલે પ્રાંસગિક પ્રવચન કર્યા હતાં.શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા યોજાયેલા બ્રહ્મગૌરવ એવોર્ડ ૨૦૧૭ના વિતરણ સમારોહમાં દરેક રાજકીય પક્ષના અગ્રણીઓ, વ્યવસાયિકો, સંતો-મહંતો, કલાકારો, તેમજ રમતવીરોએ એક ભૂદેવ તરીકે હાજરી આપી સમારોહની શોભામાં અભિવૃધ્ધિ કરી હતી.

## ઓપ્પો દ્વારા શહેરમાં યોજાઈ ઓપ્પો ફ્રેશ ફેસ સ્પર્ધા




ઓપ્પો ફ્રેશ ફેસ એ સૌથી મોટી આંતર કોલેજ પ્રતિભા દર્શાવે છે. આ સ્પર્ધાનું આ દસમું વર્ષ છે. ઘણા કોલેજના વિધ્યાર્થીઓએ આમા રસ દાખવ્યો હતો. અમદાવાદના ગુલમહોર પાર્કમાં યોજાયેલ ઓપન ઓડિશન સ્પર્ધામાં મૈથીલી ચૌહાણ અને ગિટારિસ્ટ નિશિથ વિજેતા બન્યા હતા. હવે આ વિજેતાઓ સેમી- ફિનાલે તરફ આગળ વધશે અને ત્યારબાદ ૧૫મી સપ્ટેમ્બરના રોજ સિટી ફિનાલે યોજાશે.

## મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સની ગ્રાહકલક્ષીતામાં વધુ એક ઊંચી છલાંગ

***ગ્રાહકો માટે દાવો ન કરેલી ઓવરડ્યુ રકમ એક વર્ષમાં એકચતુર્થાંશ ઘટાડશે***

નવી દિલ્હી

ગ્રાહકો માટે અગ્રક્રમે પહેલ કરવાની દિશામાં વધુ એક પગલું ભરતાંભારતી અગ્રણી જીવન વીમા કંપનીમાંથી એક મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સે ગ્રાહકો માટે દાવો નહી કરેલીઓવરડ્યુ રકમ ૩૧ માર્ચ, ૨૦૧૭ના રોજ ફક્ત રૂ. ૫૦ કરોડ સુધી ઘટાડી છે, જે ગયા વર્ષે આ જસમયગાળામાં રૂ. ૨૧૩ કરોડ સુધી ઘટાડી હતી. ૧૭ માર્ચના રોજ ગ્રાહ-કો માટે દાવો નહીં કરેલી ઓવરડ્યુરકમ ઉદ્યોગે રૂ. ૧૦,૪૬૯ કરોડ સુધી વધારી છે ત્યારે મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સની આ રકમ સંભવિત રીતેસૌથી ઓછી છે. છેલ્લાં પાંચ વર્ષમાં મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સે ૨૫ ટકાનો સરેરાશ ઘટાડો નોંધાવ્યો છે. આપૂરતો ઘટાડો ઉદ્યોગના સ્તરે દાવે નહીં કરેલી ઓવરડ્યુ રકમમાં સરેરાશ ૫૧ ટકાના વધારાના ઉપલક્ષ્યમાંઆ અત્યંત નોંધનીય પગલું છે. વાસ્તવમાં ૨૨ અન્ય ખાનગી ખેલાડીઓએ દાવો નહી કરેલી ઓવરડ્યુરકમમાં વધારો નોંધાવ્યો છે, જેમાં મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સ એકમાત્ર અપવાદ છે. દાવો નહી કરેલીઓવરડ્યુ રકમ ગ્રાહકોનાં નાણાં હોય છે, જે વિવિધ કારણસર ચૂકવ્યાં વિનાનાં લેણાં તરીકે રહી જાય છે અનેઆખરે ગ્રાહકો માટે તે નુકસાન હોય છે, જે ગ્રાહકો દ્વારા જીવન વીમા કંપનીઓ પર મુકાતા વિશ્વાસને ધ્યાનમાં લેતાં બિલકુલ યોગ્ય નથી. ગ્રાહકલક્ષી સંસ્થા તરીકે અમે અમારા ગ્રાહકોને ખુશી આપવાની તકો હંમેશાંજોતા રહીએ છીએ. આંતરિક આંકડાવારીનું વિશ્લેષણ બતાવે છે કે અમારા ગ્રાહકોમાંથી ફક્ત એકચતુર્થાંશચેક ડિસ્પેચ કર્યાના એક મહિનામાં તેમના ચેક બેન્કિંગ કરતા હતા. કુલ દાવો નહીં કરાયેલી ઓવરડ્યુરકમમાંથી ૭૫ ટકા કેસમાં ચેકના મુદ્દાઓ ૬ મહિનાથી વધુ પાછળના હતા. આ વિશ્લેષણને આધારે અમેસમસ્યાના મૂળમાં જવાનો પ્રયાસ કર્યો હતો અને અસરકારક નિવારણ લઈને આવ્યા છીએ. ગ્રાહકો અમારીબધી વ્યૂહરચનાઓ અને પહેલોના હાર્દમાં હોય છે તેવી સંસ્થા તરીકે અમારે માટે અમારા પોલિસીધારકોનામહત્તમ લાભમાં તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવાનું મહત્ત્વપૂર્ણ છે.સમસ્યાનું મૂળ ગ્રાહકો સાથે ઓછી સંપર્કક્ષમતા અને ગ્રાહકો દ્વારા બેન્ક અકાઉન્ટની વિગતો અપડેટ કરાતીનથી તેમાં છે. ઉપરંત ભારતમાં બેન્કિંગ પહોંચ ઓછી હોવાથી મોટા ભાગનાં બેન્ક અકાઉન્ટ ડોર્મન્ટ છે અનેઈલેક્ટ્રોનિક પેમેન્ટ્સનો ઉપયોગ મર્યાદિત છે.

## બેન્કિંગ સંગઠનોના સંયુક્ત મંચ- યુએફબીયુના નેજા હેઠળ દેશભરના બેંકિંગ ઉદ્યોગમાં તારીખ ૨૨ ઓગસ્ટે પ્રતીક હડતાળ

બેન્કિંગ સંગઠનોના સંયુક્ત મંચ- યુએફબીયુના આદેશ અનુસાર તારીખ ૨૨/૦૮/૨૦૧૭ ના રોજ દેશભરના લગભગ ૧૦૦ % બેંકિંગ ઉદ્યોગમાં એક દિવસની પ્રતીક હડતાળ પાડવામાં આવશે.

ચીફ લેબર કમિશ્નર (સેંટ્રલ), નવી દિલ્હીની મધ્યસ્થતામાં આઈબીએ તથા યુએફબીયુ વચ્ચે તારીખ ૧૮/૦૮/૨૦૧૭ ના રોજ વાટાઘાટો થઈ હતી. જે આઈબીએના નકારાત્મક વલણના લીધે પડી ભાગી હતી અને અંતમાં, તારીખ ૨૨/૮/૨૦૧૭ ની હડતાળ પાડવાનો યુએફબીયુ નો નિર્ણય યથાવત્ રહ્યો છે અને નીચે પ્રમાણેની માંગણીઓ અને વિરોધના કારણે તારીખ ૨૨/૮/૨૦૧૭ ની હડતાલ આખાયે દેશના કર્મચારીઓ તથા અધિકારીઓ પાડવા જઈ રહ્યા છે.

***સમાજ દર્પણ***

## ગુરૂ વિના જ્ઞાન નહી એટલા માટે જ રાજા હોય કે રંક ગરીબ હોય કે અમીર બધાના સંતાનો જ્ઞાન માટે ગુરૂ પાસે જાય છે



પ્રાચીન કાળથી માંડીને અર્વાચીન કાળ સુધીનો ઈતિહાસ જોઈશું તો આપણ ચોક્કસ સમજાશે કે ગુરૂવિના જ્ઞાન પ્રાપ્ત થતુ નથી.રામાયણ મહાભારત કાળથી માંડીને આજ સુધીના સમયમાં જ્ઞાન પ્રાપ્તી માટે ગુરૂ પાસે પોતાના સંતાનોના અભ્યાસ માટે જ્ઞાન માટે તેમના જીવનના ઘડતર માટે મા-બાપ પોતાના સંતાનોને ગમે તેટલો પ્રેમ કરતા હોય, ગમે તેટલા વહાલા લાગતો હોય તો પણ પોતાની તમામ લાગણીઓને કાબુમાં રાખીને સંતાનોને જ્ઞાન-વિદ્યાભ્યાસ માટે ગુરૂ પાસે અથવા શિક્ષક પાસે કે સ્કૂલોમાં મુકવા પડે છે.

રામાયણના સમયની વાત કરીએ તો દશરથ રાજાને ચારેય પુત્રો રામ, લક્ષ્મણ, ભરત, શતુઘ્ન પ્રત્યે ખુબજ લાગણી અને પ્રેમ હતો તેમાંય રામ પ્રત્યે અનહદ રામ તેમનાથી એક પળ દુર થાય તે તેમને ગમતું ન હતુ છતાય ચારેય સંતાનો અભ્યાસ લાયક થયા ત્યારે તેમને રાજમહેલથી દુર ગુરૂના આશ્રમમાં ભણવા મોકલતી વખતે તેમને અપાર દુઃખ થાય છે પોતાના સંતાનોને નજર આગળથી બીલકુલ દુર કરવા નથી માંગતા છતાંય અભ્યાસ માટે આશ્રમમાં મોકલે છે તે મોકલતી વખતે દશરથ રામ હૈયા ફાટ રૂદન કરે છે એટલુ દુઃખ લાગે છે છતાંય મોકલે છે.તેવી જ રીતે મહાભારતના સમયમાં પણ ભગવાન કૃષ્ણ એક રાજપૂત્ર અને એક ગરીબ બ્રાહ્મણ સુદામા બંને અમીરી ગરીબીનો ભેદ ભુલી ગુરૂઆશ્રમમાં રહી અભ્યાસ કરે છે તેવી જ રીતે પાંડવો તથા કૌરવો પણ રાજમહેલ છોડી દ્રોણાચાર્ય પાસે આશ્રમમાં અભ્યાસ કરતા તે વખતે એક તેજસ્વી બાળક એકલવ્યને દ્રોણાચાર્યે રાજકુમાર ના હોવાથી શિક્ષણ આપવાની ના પાડી અને એકલવ્ય જાણતો હતો કે ગુરૂવગર જ્ઞાન પ્રાપ્ત નહી થાય તેથી તેણે બુધ્ધીથી વિચારીને દ્રોણાચાર્યની માટીની મૂર્તિ બનાવી તેનામાંથી પ્રેરણા લઈને વિદ્યાભ્યાસ કર્યો પરંતુ ગુરૂ વગર અભ્યાસ કરી શક્યો ન હતો.ત્યાર બાદના મધ્યકાલીન સમયમાં પણ વિદ્યાર્થીઓ નાલંદા તથા તક્ષશિલા નામની વિદ્યાપીઠોમાં અભ્યાસ કરતા અને આ વિદ્યાર્થીઓમાં દુનિયાભરના વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવવા આવતાં.આજના સમયમાં પણ અત્યંત અમીર એવા મુકેશ અંબાણી કે ગૌતમ અદાણી જેવા અબજોપતિઓને પણ પોતાનાં સંતાનોને બાળકોને ભણવા સ્કૂલમાં મુકવા પડે છે અને ગરીબ વ્યક્તિઓ પણ પોતાની કેપેસીટી પ્રમાણે બાળકોને શિક્ષણ માટે સ્કૂલમાં મોકલતાં હોય છે.એટલે જ કહેવાય છે કે રાજા હોય કે રંક અને ગમે તેટલા ગરીબ હોય કે અમીર કોઈના પણ સંતાનો ગુરૂ કે શિક્ષક વગર જ્ઞાન કે અભ્યાસ પ્રાપ્ત કરી શકતા નથી માટે તો અત્યારે તમામ ગામોમાં સ્કૂલોનો રાફડો ફાટ્યો છે છતાંય કોઈ સ્કૂલ ખાલી નથી હોતી.

**દિલીપ પુરોહિત મુ.લાખણી**

# દિવ્યજ્યોત

અધ્યાત્મ, ધર્મ, ભકિતને લગતાં સાહિત્યનાં અજવાળાં...


## સુવાક્યો

ઉત્સાહ વિના ક્યારેય ઉચ્ચ લક્ષ્યની પ્રાપ્તિ થતી નથી.
અસત્ય બોલનાર વ્યક્તિથી લોકો જેમ સાપથી ડરે તેમ ડરે છે.
વિપતિઓમાં મિત્ર પણ વિપરિત બની જાય છે.
કથામાં સાંભળેલું ક્રિયામાં ઉતારીએતો જ કામનું.
પોતાની જાતને બદલો, ભાગ્ય અવશ્ય બદલી જશે.
ઉત્સાહ જ માનવીના ભાગ્યશાળીપણાનું માપ છે.
એક સારો વિચાર અનેક ખોટા વિચારોને દૂર કરી શકે છે.
મોટી મોટી ભૂલોના મૂળમાં અહંકાર રહેલો છે
સ્વભાવ મળે તો જ મનમેળ રહે.



**આરાધના** — નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

## અપરિગ્રહી બનવું છે

પરિગ્રહ એટલે સંઘરવું, ભેગું કરવું તે રીતે અપરિગ્રહ એટલે કોઈ વસ્તુનો સંગ્રહ કરવો નહીં.

કુદરત પોતે જે વસ્તુનું નિર્માણ કરે છે, હવા પાણી, ખોરાક અને જીવન જરૂરી કોઈ પણ પદાર્થનો સંગ્રહ કરતી નથી. તે તો પોતે તૈયાર કરેલી સંપત્તિ આપણને છુટથી આપી દે છે. વૃક્ષ સરસ મજાના સ્વાદિષ્ટ ફળ તૈયાર કરે છે જે આપણને પોષણક્ષમ આહાર તરીકે આપી દે છે. નદીઓ પોતાનું પવિત્ર જળ આપણી તરસ છીપાવવા અને ખેતી વાડીમાં ઉપયોગમાં લેવા આપી દે છે. પવનદેવ વાયુના વીંઝણા ઢોળીને આપણા પ્રાણને ટકાવી રાખે છે. આકાશમાંથી વરસાદ રૂપે પડતું પાણી જીવનને ટકાવવા જરૂરી ખેતીવાડી અને પશુ પક્ષીઓને તરસ છીપાવવા આપી દે છે.

નદી, નાળાં, પર્વતો, મહાસાગરો, વનસ્પતિ અને વૃક્ષો આ બધું કુદરતે આ સૃષ્ટી ઉપરના જીવધારીઓના જતન માટે નિર્માણ કર્યું છે તેથી આવા કુદરતી તત્વોની ઉપર દરેકનો સરખો અધિકાર છે તેમ સમજીને જે તે પદાર્થનો આપણે ઉપયોગ કરવો. જરૂરથી વધારે પદાર્થ અન્ય માટે સાચવીને છોડી દેવો. જેથી અન્ય જીવધારીઓ પણ પોતાના અસ્તિત્વ માટે તેનો ઉપયોગ કરી શકે. આવો વિચાર એટલે 'અપરિગ્રહ'. ભગવાન મહાવીર સ્વામીએ પોતાના બોધવાકયોમાં અપરિગ્રહને ખુબ જ મહત્વ આપ્યું છે.

મહાત્મા ગાંધીએ 'મારા સત્યના પ્રયોગો' તથા તેમણે રચેલાં અનેક સાહિત્ય ગ્રંથોમાં અપરિગ્રહ, અહિંસા તથા સત્ય માટેના પ્રયોગો દ્વારા આપણી જીવનશૈલી ઘડવાનો આગ્રહ કર્યો છે.

આપણે જાણીએ છીએ કે અંગ્રેજો જેવી વિશાળ સલ્તનતને ભારતમાંથી જવા માટે મજબુર કરવામાં તેમણે કોઈ શસ્ત્રનો ઉપયોગ નથી કર્યો.

એક પણ ટીપું લોહીનું વહેવડાવ્યા વગર માત્ર સત્ય અને અહિંસા, અપરિગ્રહ જેવા વૈચારિક આંદોલનો દ્વારા જ આપણા દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુકત કરાવ્યો હતો.

રોજ જોઈએ તે રોજ સમયસર આપણને મળી રહે તેવી વ્યવસ્થા કુદરતે કરી છે તેવો દ્રઢ વિશ્વાસ આપણે ગુમાવતા રહ્યા છીએ. તેથી કરોડપતિ નિખવોપતિ બનવાની હોડ લગાવે છે.


અનુસંધાન પાના નં.૬ ઉપર


## પઞ્ચૈતાનિ મહાબાહો કારણાનિ નિબોધ મે ।
## સાંખ્યે કૃતાન્તે પ્રોકતાનિ સિદ્ધયે સર્વ કર્મણામ્ ।।

**અધ્યાત્મ** — **૫૭૯** પ્રિ.ડો.હેમરાજભાઈ આર.પટેલ

ગીતાની સંન્યાસ વિભાવના અલૌકિક છે. ગીતામાં વારંવાર કર્મના સંપુર્ણ ત્યાગની હીમાયત કરવામાં આવી નથી. દેહધારી મનુષ્ય કર્મનો સંપૂર્ણપણે ત્યાગ કરવામાં સમર્થ નથી. જે મનુષ્ય કર્મફળનો ત્યાગકરે છે તે જ સાચો ત્યાગી છે. કર્મફળના ત્યાગનો આ આદેશ વાસ્તવમાં એક એવા કુદરતી સત્ય પર આધારીત છે જેમાં કર્મોની સિદ્ધિ વિશે જાણકારી મળે. હવે આ કર્મસિદ્ધિનું વિશ્લેષણ કરતાં નીચેના શ્લોકમાં ભગવાન કહે છે કે :

**પઞ્ચૈતાનિ મહાબાહો કારણાનિ નિબોધ મે ।**
**સાંખ્યે કૃતાન્તે પ્રોકતાનિ સિદ્ધયે સર્વ કર્મણામ્ ।। ૧૮-૧૩ ।।**

હે બળવાન ભુજાઓવાળા, હે મહાબાહુ અર્જુન (મહાબાહો) ! બધા સંપુર્ણ (સર્વ) કર્મોની (કર્મણામ્) સિદ્ધિ માટે સિદ્ધિમાં (સિદ્ધયે) સાંખ્ય સિદ્ધાંતમાં-જ્ઞાનમય વેદાંતમાં (સાંખ્યે) કર્મની સમાપ્તિરૂપ-નિષ્કર્ષ તરીકે (કૃતાન્તે) કહેલાં (પ્રોકતાનિ), આ એતાનિ પાંચ (પકચ) કારણો-હેતુ (કારણાનિ) મારી પાસેથી-મારાથી (મે) જાણી લે. બરાબર સમજી લે.(નિબોધ)'

ભગવાન કહે છે કે હે અર્જુન ! સાંખ્યશાસ્ત્રમાં કર્મ સંબંધી નિર્ણયને અંતે સમસ્ત બધા સંપૂર્ણ કર્મોને સિદ્ધ કરનારાં આ પાંચ કારણો કયાં છે ? તે તું મારી પાસેથી બરાબર સમજી લે, જાણી લે. સર્વ કર્મોની સિદ્ધિને માટે પાંચ ઉપકરણોની આવશ્યકતા છે એવો સાંખ્ય સિદ્ધાંત છે. સામાન્ય રીતે 'સાંખ્ય' એટલે કપિલમુનિનું 'સાંખ્યદર્શન' એમ સમજવામાં આવે છે પરંતુ આ શ્લોકમાં 'સાંખ્ય શબ્દ' વેદાંતશાસ્ત્ર માટે પ્રયોજાયો છે, એમ શ્રી શંકરાચાર્ય, શ્રી મધુસુદન, શ્રી નીલકંઠ અને શ્રીધર કહે છે. શ્રી શંકરાચાર્યની દ્રષ્ટીએ 'સાંખ્ય' એટલે જે શાસ્ત્રમાં જાણવા યોગ્ય પદાર્થોનું સારી રીતે નિરૂપણ થયેલું છે તે વેદાંત.

શ્રી ટીળક સાંખ્ય શબ્દનો અર્થ કપિલ સાંખ્ય અર્થાત કપિલ મુનિનું સાંખ્યદર્શન એવો જ કરે છે. તેમના મતે પ્રકૃતિના સ્વભાવ પ્રમાણે જગતનો વ્યવહાર ચાલે છે. તો વળી ડૉ.પી.એમ.મોદી સાંખ્યનો અર્થ 'યુધ્ધને લગતું' એવો કરે છે જે સર્વથા અસ્વીકાર્ય છે.'સાંખ્ય' એટલે જ્ઞાન અને વેદાંત એ છેવટનું જ્ઞાન છે. તેથી બધા આચાર્યો અને શ્રી શંકરાચાર્યો પણ વેદાંતશાસ્ત્રને સ્વીકારે છે. વેદાંતશાસ્ત્રમાં કર્મની સિદ્ધિ માટે પાંચ કારણો કહ્યા છે. શ્લોકમાં પ્રયોજાયેલ 'કૃતાંત' શબ્દ સાંખ્યનું વિશેષણ છે. 'કૃત' એટલે કર્મ અને તેનો અંત એટલે પરિસમાપ્તિ જેમાં છે તે કૃતાંત. જેમાં કર્મની પરિસમાપ્તિ થઈ જાય છે તે આત્મજ્ઞાન થતાં સર્વ કર્મો નિવૃત્ત પામે છે. એટલા માટે અહીં આત્મજ્ઞાન વિષયક વેદાંત શાસ્ત્રને માટે પ્રયોજાયેલ 'કૃતાંત' વિશેષણ યોગ્ય છે.

જોકે ટીકાકારોએ 'કૃતાંત' શબ્દના અનેક અર્થો આપેલા છે. જેમણે 'સિદ્ધાંત' કૃતયુગના અંતમાં કર્મની સમાપ્તિ જેમાં છે તે સાબિત કરેલા વગેરે. કર્મની સમાપ્તિવાળા વેદાંત શાસ્ત્રમાં સર્વ કર્મોની સિદ્ધિ માટે પાંચ કારણ હેતુ કહેલાં છે. આ કારણો એટલે કર્મનાં સાધનો.'મેં' એટલે મારી પાસેથી યથાર્થ વકતા તેમજ સર્વજ્ઞ એવા ઈશ્વર પાસેથી જેમાં સંપુર્ણ કર્મોનો અંત થઈ જાય છે એવા સાંખ્ય સિદ્ધાંતમાં અર્થાત જ્ઞાનમય વેદાંતશાસ્ત્રમાં સંપુર્ણ વિહીત અને નિષિધ્ધ કર્મોની સિદ્ધિ માટે પાંચ કારણો હેતુ બતાવ્યા છે. કર્મભલે શાસ્ત્રવિહીત હોય, શાસ્ત્ર નિષિધ્ધ હોય, શારિરિક, માનસિક, વાચિક હોય કે સ્થુળ તેમજ સુક્ષ્મ હોય. આ બધાં કર્મોની સિદ્ધિ માટે પાંચ પ્રકારના હેતુ-કારણો કહ્યા છે.

આ અધ્યાયમાં ભગવાને જ્યાં સાંખ્ય સિદ્ધાંતના વર્ણનનો આરંભ કર્યો છે ત્યાં નિબોધ ક્રિયાનો પ્રયોગ કર્યો છે. જેમ કે શ્લોક ૧૩ અને ૫૦ જ્યારે બીજી જગ્યાએ શૃણુ ક્રિયાનો પ્રયોગ કર્યો છે. જેમકે શ્લોક ૪,૧૯,૨૯, ૩૬,૪૫ અને ૬૪ આનું તાત્પર્ય એ છે કે સાંખ્ય સિદ્ધાંતમાં તો 'નિબોધ' પદથી સારી રીતે સમજવાની જાણવાની વાત કહી છે અને બીજી જગ્યાએ શૃણુ પદથી સાંભળવાની વાત કહી છે. આથી સાંખ્ય સિદ્ધાંતને ગહન રીતે સમજવો જોઈએ જેવી રીતે કર્મયોગમાં કર્મોનો પોતાની સાથે સંબંધ રહેતો નથી તેવી જ રીતે સાંખ્ય સિદ્ધાંતમાં પણ કર્મોનો પોતાની સાથે કિંચિત માત્ર સંબંધ રહેતો નથી તે સમજાવે છે.

**જીવન દર્શન** — ભગવાનદાસ બંધુ

## એક જ દ્રષ્ટિ, એક જ મુદ્દો, એક જ વાત એમ અર્જુન દ્રષ્ટિથી ભાજપને મજબુત કરી રાષ્ટ્રકાજે સતત આગળ વધતા અમીતભાઈ શાહ



માણસના ભણતર, ઉંમર, કામકાજ, વાતાવરણ, વારસો આ બધી બાબતોની સાથે સાથે આગળ વધવા માટે માણસના દ્રઢ મનોબળની પણ જરૂર પડતી હોય છે. સારીનરસી પરીસ્થિતિમાં પણ માણસ મૌન રહીને પોતાના ધ્યેયને વળગી રહે એ વ્યક્તિ જ સતત આગળ વધી શકે છે. મહાભારતમાં શ્રીકૃષ્ણના પાત્ર ઉપર અનેક લોકોએ અભ્યાસ કરેલ છે, કથાઓ કરી છે અને પી.એચ.ડી. પણ કરેલ છે. કૃષ્ણના હાથમાં વાંસળી અને ચક્ર આ બે સિવાય વિશેષ કોઈ શસ્ત્ર, શાસ્ત્ર કે હથિયાર જોવા મળેલ નથી. ગુજરાતના પનોતા પુત્ર અને રાજયસભાના સાંસદ અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ આદરણીય અમિતભાઈ શાહે નાનપણમાં કૃષ્ણને ખુબ જ વાંચ્યા, કોલેજ કક્ષાએ પચાવ્યા અને અત્યારે કૃષ્ણ બુદ્ધિ મુજબ સરસ મજાના ચક્રવ્યુહથી આગળ વધીને ભાજપને રાષ્ટ્ર કાજે મજબુત બનાવી રહેલ છે તેવું લાગી રહ્યું છે. મોટા ભાગે દરેક વ્યક્તિમાં નેતૃત્વના ગુણો નાનપણથી જ જોવા મળતા હોય છે. પોતાની સોસાયટી કે શેરીમાં આગળ પડતા હોવું, શાળામાં મોનીટર હોવું, કોલેજમાં સી.આર.કે જી.એસ.હોવું, સમાજ કે મંડળમાં આગળ પડતા બનવું જે તે પક્ષમાં નેતૃત્વ કરવું અને ધીરે ધીરે રાષ્ટ્રના મહાનાયક બનવું એ બધી જ બાબતો લગભગ દરેક નેતામાં જોવા મળતી હોય છે.

અમિત શાહ એકદમ સીધી લીટીવાળા નેતા છે. એક જ દ્રષ્ટિ, એક જ મુદો અને એક જ વાત એમ અર્જુન દ્રષ્ટિથી સતત કામ કરવું, આગળ વધવું, ભાજપને મજબુત બનાવવો અને રાષ્ટ્રને આંતર રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ અપાવવી એ જ બાબતને લઈને તેઓ સતત આગળ વધી રહ્યા છે. મહાભારતના યુદ્ધમાં શ્રીકૃષ્ણની વ્યુહરચનાઓનો અભ્યાસ કરવા જેવો છે. શ્રીકૃષ્ણ દુશ્મનો સાથે પણ કુણા માખણ જેવા જ રહ્યા છે અને કોઈપણ પ્રકારની બીનજરૂરી બોલચાલ કે કજીયા કર્યા સિવાય માત્ર અને માત્ર ધ્યેય પ્રાપ્તિને માટે ચર્ચા, ચિંતન, વિચાર અને વ્યુહરચના કરી મુઠ્ઠીભર પાંડવોને જીતાડયા છે. ભાજપના વિકાસમાં આર. એસ.એસ.નો ફાળો કેન્દ્ર સ્થાને છે પરંતુ આર.એસ. એસ.ની મહત્વની કામગીરી એન્જીન ઢીલું પડે તો ઈંધણ પુરૂં પાડી બળ આપવાની છે. જે ગાડી કે પક્ષનું એન્જીન પાવરફુલ હોય તેનું પીકઅપ જલ્દી પકડાય છે. અમિતભાઈ શાહે મહાભારત કે ચાણકય નીતિ અને વિદુરનીતિ જેવા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો તો હશે જ પણ સાથે સાથે આ શાસ્ત્રોના મુળભુત તત્વને બરાબર પચાવ્યું છે. ભારતીય જનતા પાર્ટી માત્ર થોડાંક વર્ષો પહેલાં જ મુઠ્ઠીભર કાર્યકર્તાઓની પાર્ટી હતી અને આજે સંગઠનની દ્રષ્ટિએ સમગ્ર વિશ્વમાં સૌથી મોટી, મજબુત, વિચારબદ્ધ કેડરબદ્ધ અને દ્રષ્ટિવાળી પાર્ટી બની છે તેમાં અમિતભાઈ શાહનું રાષ્ટ્રીય નેતૃત્વ, સમર્પિત આગેવાનો અને શીસ્તબદ્ધ કાર્યકરોની મહત્વની ભૂમિકા ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવાં ત્રણેક રાજયોમાં નજીકના ભુતકાળમાં ભાજપનો દબદબો હતો જે આજે ધીરે ધીરે સમગ્ર રાષ્ટ્રમાં વધી રહ્યો છે. ધારાસભ્યો, સંસદસભ્યો અને રાજયસભાના સભ્યોની દ્રષ્ટિએ પણ એક સમયે ભાજપ પાસે ૧૦ ના આંકડામાં સંખ્યા નહોતી જે આજે કુલ સરવાળો હજારોની સંખ્યા ઉપર પહોંચ્યો છે. અર્પણ, તર્પણ અને સમર્પણની ભાવના હોય ત્યાં વહેલા મોડું રીઝલ્ટ આવે જ છે તે વાત ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહે સાબિત કરી છે. કોઈ વ્યક્તિ વિકાસ કરે કે પ્રગતિ કરે ત્યારે એમ કહેવાય કે એક સફળ પુરૂષની પાછળ પત્નીનો હાથ હોય છે પરંતુ નરેન્દ્રભાઈ મોદીની બાબતમાં કદાચ એમ બન્યું છે કે એક સફળ પુરૂષની પાછળ એક સાચા મિત્રનો હાથ હોય છે. નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહની ઉંમર વચ્ચે થોડોક ફરક છે પણ બંનેની કાર્ય કરવાની દિશા, રાષ્ટ્ર પ્રત્યેની ભાવના અને વૈચારીક અનુસંધાનમાં પુર્ણ સામ્યતા છે. આર.એસ.એસ.અને તેની ભગિની સંસ્થાઓ માત્ર હિંદુત્વને મજબુત બનાવવાનું જ નહીં પરંતુ રાષ્ટ્રને મજબુત બનાવવાનું કામ કરે છે અને તેના ફળ સ્વરૂપે નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહ જેવા હજારો સમર્પિત આગેવાનો આર.એસ.એસ.થકી ભાજપને મળ્યા છે.

આવતા દિવસોમાં નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહ જેવા આગેવાનો ઉપર કેટલાક વિદ્યાર્થીઓ પી.એચ.ડી.પણ કરશે તેવું લાગી રહ્યું છે. અમિતભાઈ શાહ ઓછું બોલીને વધારે કામ કરવાવાળા નેતા છે. ગાંધીનગરથી દિલ્હી સુધી વાયા ગુજરાત પહોંચનાર અમિતભાઈ શાહે ભાજપની મજબુતાઈ માટે સમગ્ર રાષ્ટ્રનો પ્રવાસ કર્યો છે. જ્યાં દુશ્મનો ઘણા હોય એવા રાજયોમાં જઈને પણ નાનકડું છીંડુ પાડી ધીરે ધીરે સમગ્ર રાજયને ભાજપ તરફી કરવામાં અમિતભાઈ શાહની માસ્ટરી છે. નજીકના ભવિષ્યમાં પણ જે રાજયોમાં ભાજપની સરકાર નથી ત્યાં કેવી રીતે આવી શકે કે બની શકે તેની વ્યુહરચના અને અભ્યાસ ખુબ જ ઠાવકાઈથી અમિતભાઈ શાહ કરી રહેલ છે. અર્જુન દ્રષ્ટિથી કામ કેવી રીતે થઈ શકે તે જોવું હોય તો અમિતભાઈના જીવનનો અભ્યાસ કરવો પડે. નિશાન ચુક માફ, નહીં માફ નીચું નિશાન એ કહેવતના આધારે અમિતભાઈ શાહનાં નિશાન ખુબ જ ઉંચા હોય છે. શૂન્યમાંથી સર્જન કરવું હોય કે મડદાં બેઠાં કરીને કામે લગાડવાં હોય અથવા તો સામેની છાવણીવાળાને પોતાની છાવણીમાં લાવવા હોય તો અમિતભાઈ શાહની કાર્યપદ્ધતિ જાણવી પડે. ભાજપના લાખો કાર્યકરોને તેમણે દોડતા કર્યા છે. કોંગ્રેસના હજારો આગેવાનો જુદા જુદા રાજયોમાંથી ધીરે ધીરે ભાજપ તરફ સરકી રહ્યા છે અને જ્યાં ભાજપનું નામનિશાન નહોતું તેવા રાજયોમાં પણ શૂન્યમાંથી સર્જન કરી ભાજપને ચેતનવંતો બનાવવામાં અમિતભાઈ શાહની દિવ્ય દ્રષ્ટિ, દીર્ઘદ્રષ્ટિ, અને સુક્ષ્મદ્રષ્ટિની ભૂમિકા અતિ મહત્વની છે. નરેન્દ્રભાઈ મોદી વિદેશોના પ્રવાસ કરી આંતર રાષ્ટ્રીય કક્ષાએ દેશની શાખ વધારવાના પ્રયત્નો કરે છે તો અમિતભાઈ શાહ ભારત રાષ્ટ્રનાં વિવિધ રાજયોમાં મક્કમતાપુર્વક પ્રવાસ કરી ભાજપને મજબુત બનાવી સાચા અર્થમાં રાષ્ટ્રવાદીઓ પેદા કરી સમગ્ર રાષ્ટ્રને મજબુત બનાવવાની કામગીરી કરી રહેલ છે. નીડર અને અડગ મનોબળવાળા અમિતભાઈ શાહને ખુબ ખુબ અભિનંદન સાથે અઢળક શુભેચ્છાઓ...

**ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**

## ધર્મ ન તર્ક વિતર્ક છે ધર્મ ન વાદવિવાદ !
## વિરજ વમળ ચૈતન્યનો, ધર્મ પુનિત પ્રસાદ !!

**ચિંતન** — યશપાલસીહ ટી.વાઘેલા

ધર્મ એ જીવન જીવવાની ઉમદા કળા છે. આવું વારંવાર સાંભળવા મળે છે ને આ વાતમાં આગળ વધીએ તો એ કળા સ્વયં સુખપૂર્વક જીવવાની અને અન્યોને સુખથી જીવવા દેવાની દરેક સંપ્રદાયમાં 'ધર્મ' નો મુખ્ય ઉદ્દેશ કંઈક આ રીતે જ છે. પવિત્ર શ્રાવણ માસની ઉત્સાહ, ઉલ્લાસ, આરાધના ઉપાસના, અભિષેક, પુજન, અર્ચન, વ્રત-તપ થકી ઉજવણી કરીને અંતિમ દિવસો સુધી પહોંચ્યા..ગઈકાલે સોમવતી અમાસ આપણે ઉજવીને શિવમંદીરોમાં ભાવિક ભકતોની ભીડ પણ જોઈએ. ગત શુક્રવારથી પર્વરાજ પર્યુષણ પર્વ જૈન સંપ્રદાયમાં શરૂ થયું જે સંવત્સરી સાથે આઠ દિવસે સંપન્ન થશે. મિચ્છામિ દુક્કડમની ભાવના જાણ્યે અજાણ્યે વર્ષભરમાં કયાંકને કયાંક ભુલચુક થઈ હોય તો હ્રદયથી ક્ષમા માંગવીને સામેવાળો પણ એવી ઉદારતાથી એની ભુલોને માફ કરી આગામી દિવસોથી હસી ખુશી ખેલદિલીથી સમયને પસાર કરવા પ્રયત્ન કરીએ. અમુક મુઢ એવા અક્કડ હોય છે કે જાણે પોતે જ સર્વજ્ઞ. તેનાથી તો કયારેય કંઈ ભુલ થાય જ નહીં બીજાના દોષો જ જોયા કરે ને.. માફ કરવાની વાત આવે તોય મોંઢુ ફુલાવીને ફરતા જોવા મળે છે.. હવે આવા વ્યક્તિને ધર્મની સાથે શું લેવા દેવા ? આવા વિકૃત હ્રદય મન વાળાઓ માટે વારંવાર કહેવામાં આવે છે કે ધર્મ એ જીવન જીવવાની કળા છે. તેને જીવનમાં સમજાવી જન્મ મરણના વિષચક્ર વચ્ચેનો સમય એવો પસાર કરો કે જીવન ધન્ય બની જાય છે. દુનિયામાં સહુ કોઈ સુખપૂર્વક જીવવા ઈચ્છે છે. દુ:ખોથી મુકત રહેવા ઈચ્છે છે પરંતુ વાસ્તવિક સુખ શું છે ? તેને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય એ આપણે જાણતા નથી ત્યારે આભાસીત સુખની પાછળ ભાન ભુલીને દોડીએ છીએ અને એ આંધળી દોટમાં આપણે વાસ્તવીક સુખથી વંચિત રહીને બુમાબુમ પાડી દુ:ખી થઈએ છીએ. ત્યાં આપણે અટકતા નથી. સ્વયં તો દુ:ખી થઈ ભટકે છે ને બીજાને દુ:ખી કરવા જ હંમેશાતત્પર રહે છે. હવે એ કયાંથી સુખી થવાનો ? પોતાની પાસે કંઈ જ નહોતું ત્યારે તે બુમરાડ પાડતો હતો. પ્રભુ પાંચ પચ્ચીસ હજાર મળી જાય તો ઘણું થયું ને આ વ્યક્તિને પાંચ પચ્ચીસ હજાર મળી જાય એટલે તે વધુ વિહવળ બને છે. કારણ કે તેના પૈસા તે સમજે તો તેની જરૂરીયાત પુરીકરી શકે છે પણ નહીં હવે તેની પાસે પૈસા પાંચ પચ્ચીસ હજાર આવ્યા એટલે તેની દોટ પચ્ચાસ પંચોતેર હજારના આસામી પર પડશે તે તેના કરતાં કેમ વધુ સુખી છે ? પોતાનું સુખ તે પચાવી શકતો નથી ને બીજાનું સુખ જોઈને તે દુ:ખી થાય ત્યાંથી અટકતો હોય તો સારૂં પણ ના તો તેને દુ:ખી કરવાની મથામણમાં કરતો રહીને એટલે કે બીજાને દુ:ખી કરે છે. વાસ્તવિક સુખની જે ઈચ્છા રાખતો હતો તે મળી ગયું પણ તે ભોગવી શકતો નથી તે આભાસીત સુખની પાછળ દોટ મુકવામાં તેની સ્થિતિ ભ્રમીત કક્ષામાં મુકાઈ જાય છે ને તે ભટકતો જ રહે છે.

વાસ્તવિક સુખ આંતરિક શાંતીમાં છે અને આંતરીક શાંતિ વિકાર વિહિન અવસ્થામાં છે. આપણે રાગ, દ્વેષ, ઈર્ષ્યા, વેરમનસ્ય, મદ, મોહ, અભિમાન જેવી વિકૃતિ વિકારથી મુકત થવા પ્રયત્ન કરવા જોઈએ ને વિકારમુકત વ્યક્તિ જ હંમેશા દુ:ખમુકત રહે છે ને આ વ્યક્તિએ જીવન જીવવાની સાચી કળા શીખી છે, જાણી છે તેવું ચોક્કસ કહી શકાય. શ્રાવણ-ચાતુર્માસમાં લોકો વ્રત-તપ, ઉપાસના, આરાધના કરે પણ મનસ્થિતિ નથી બદલાતી વિકૃતિઓ તેને છોડતી નથી. આવો પ્રશ્ન કેટલાક લોકોને થાય અથવા જોવા મળે, સતત બાહ્ય રીતે એવું જ લાગે કે તે વિકારમુકત છે ને સુખી છે પણ આવી ધારણા ઘણી વાર ખોટી પડે છે. આવા તપસ્વીઓ સાથે તેમની માનસિકતા જોવા પ્રયત્ન થાય તો તે વિકાગ્રસ્ત જ હોય છે ને કેટલીય ગ્રંથિથી પીડાઈને પોતે તો એટલે કે સ્વયં તો દુ:ખી હોય પણ બીજાને દુ:ખ પહોંચાડવા પ્રયત્ન કરે છે. શ્રાવણ માસ પુરો થતાં જ રણુંજાના રાજા રામદેવરા, રામદેવપીરનો મેળો ને માં અંબાના અંબાજી ભાદરવી પુનમનો મેળો થનગનાટ ચોક્કસ સાંભળવા મળે. ભારતીય સંસ્કૃતિમાં એવી જીવલક્ષી યોજના અમલમાં છે કે જેમાં સર્વે ભવતું સુખીનમ્ બધા જીવો સુખ, શાંતિથી આ વિશાળ પૃથ્વીલોક પર પોતાનું જીવન વ્યતીત કરે. સુક્ષ્મ જીવને પણ જીવાવનો અબાધિત અધિકાર છે. એ ભારતીય સંસ્કૃતિ જ શીખવે ભગવાન શ્રીરામચંદ્રજી, મહાવીર સ્વામી, બુદ્ધ,પયંગબર,મહાત્મા ગાંધી બધાએ એક જ ઉપદેશ આપ્યો છે જીવો ને જીવવા દો.

ગત ચોવીસમી જુલાઈ ૨૦૧૭ ના કાળઝાળ ગરમી, બફારા વચ્ચે મેઘરાજા રીઝાયા અને બનાસકાંઠાની ઓળખ સમી બનાસ નદી ગાંડીતુર બની દાંતીવાડા,સીપુ ડેમ આખું ચોમાસુ સમાપ્ત થવા આવે છતાં ભરાય નહીં આ એક બે દિવસના ધોધમાર ઉપરવાસ માઉન્ટ આબુ ને સ્થાનિક વરસાદને કારણે ઓવરફલો થયા ને તંત્રને બંને ડેમોના બધા જ દરવાજા ખોલવાની ફરજ પડી. જેમાંથી આપણી વર્ષોથી સુકી ભઠ્ઠ બનાસ નદીમાં ઘોડાપુર આવ્યા ને કાંકરેજ તાલુકામાં બનાસ નદી તટ વિસ્તારના ગામડાં, ખેતી વિસ્તારમાં અસર થઈ પણ નર્મદા સાયફન પાણી નહીં ગાળી શકતા નર્મદા નહેર તુટીને બનાસના ઘોડાપુરમાં નર્મદાના પાણી ભળતાં ભારે તારાજી સર્જાઈ જેમાં માનવ મૃત્યુ થયાં, પશુઓ મરાયાં ઘરવખરી, અનાજ, કૃષિપાક, જમીન, ધોવાયા, ને આજના ઝડપી પ્રિન્ટ, ઈલેકટ્રોનિક, સોશીયલ માધ્યમોના પ્રચારથી નુકશાની કરતા બહુ વિકરાળ સ્વરૂપ દર્શાવતાં બીજા જીલ્લાના લોકો હચમચી ઉઠયા ને બસ આફતથી ઘેરાયેલા માનવી-પશુઓને ઝડપભેર કેવી રીતે બેઠું કરવું, કાંકરેજ, ધાનેરા, પાટણ જિલ્લાના વિસ્તારોમાં સેવાભાવી સંસ્થા, લોકોને સરકાર દ્વારા જે અપાયું તે અનેકગણું સાબીત થઈ રહ્યું છે. જ્યાં પુર કે વરસાદની કોઈ અસર નથી તેવા વિસ્તારના લોકો મફતનુંને સરકારી મળે છે એટલે લુંટો મારા ભાઈ લુંટોની જેમ લાગી ગયા છે. ઘાસચારો કે અન્ય સહાય બસ મારૂં મારૂં ને મરૂંની જેમ લઈ રહ્યા છે. કુદરતી કહેર, પ્રકોપમાં માનવ બોધપાઠ લેવાના બદલે આવો વિકરાળ કેમ બની બેઠો છે તે સમજાતું નથી. શું ખરેખર પૃથ્વીલોક પર પ્રલય આવા લોકોના કારણે જ થશે.


અનુસંધાન પાના નં.૬ ઉપર


## જેવા સાથે તેવા

**શ્રદ્ધા અને સંસ્કાર**

દાનપુર નામના નગરમાં અચલ શ્રેષ્ઠી રહેતા હતા. મહારાજા તરફથી તેમને નગરશેઠની પદવી મળી હતી. રાજસભામાં પ્રતિદિન આવવા માટે મહારાજા તરફથી તેમને નિમંત્રણ મળેલું હતું. અચલ શ્રેષ્ઠીની સંપત્તિ પણ મહારાજાની સંપત્તિ સાથે સાથે સ્પર્ધા કરે તેટલી હતી.આલીશાન મહેલના તેઓ સ્વામી હતા.સેંકડો સેવકો તેમની સેવા કરવા માટે તૈયાર હતા. પાણી માંગે ને દુધ હાજર થાય એટલું રેલમછેલ સુખ હતું તો પણ શેઠ અને શેઠાણીને કંઈક અધુરૂં લાગતું. હજી પણ કંઈક મધુરતાની ઉણપ જણાતી હતી. બધું જ હતું પણ શેઠાણીનો ખોળાનો ખુંદનારો ન હતો. સુનું પુત્ર વિનાનું ઘર તેમને સુનું સુનું લાગતું હોય છે. ઘણાં મંત્રો તંત્રો કરાવ્યા પુજાપાઠ પણ ઘણાં કરાવ્યા તો ય અંતરની આકાંક્ષા પૂર્ણ ન થઈ. છેવટે પરવારેલા પુણ્ય પાકયાં ત્યારે ભગવાનની કૃપાથી અચલ શ્રેષ્ઠીને ત્યાં પુત્રનો જન્મ થયો. ઘણાં વર્ષોની ઈચ્છા પુર્ણ થઈ હોવાથી શેઠ અને શેઠાણીના ઉરમાં આનંદનો ઉદધિ ઉછળવા લાગ્યો. મોટા મહોત્સવ સાથે અચલ શ્રેષ્ઠીએ પોતાના પ્રાણ પ્યારા પુત્રના જન્મની ઉજવણી કરી. ધનપુર ગામમાં પ્રત્યેક ઘરે મીઠાઈની વહેંચણી કરી અને નામ સ્થાપનાના દિવસે લાડલા લાલનું નામ કુશલ આપ્યું.

ધીરે ધીરે કુશલ મોટો થવા લાગ્યો. ઘણીવાર અચલ શ્રેષ્ઠી આવા વિચારોના વહેણમાં વિચર્યા કરતા : મારો પ્યારો પુત્ર કુશલ મોટો થશે. બુધ્ધિથી પણ તે ખરેખર કુશલ જ હશે. મારી જેમ તેનેપણ મહારાજા નગરશેઠની પદવીથી અલંકૃત કરશે જેમ લોકો મને અચલ શ્રેષ્ઠી કહીને બોલાવે છે તેમ આને પણ કુશલ શ્રેષ્ઠી કહીને બોલાવશે. મારી જેમ તે પણ કોટયાધિપતિ થશે. અખુટ સંપત્તિનો સ્વામી થશે, મારો પુત્ર કુશલ પોતાની કુશળતાથી ધનપુર નગરમાં નામના મેળવીને પોતાની બધી જ મનોકામનાઓ પુર્ણ કરશે.. પણ ભવિષ્યમાં શું લખેલું છે એ કોણે જોયેલું છે ? શેખચલ્લીની જેમ આવા લાંબા લાંબા વિચારો કોને નથી આવતા ? અચલ શ્રેષ્ઠીની મનોકામનાઓ બસ મનમાં જ રહી ગઈ. કુશલ મોટો થયો પણ તે નામથી જ કુશલ હતો. ભણવામાં તો સાવ ઠોઠ હતો. તેના સમવયસ્ક મિત્રો તેને બહુ ચીડવતા, હેરાન પરેશાન કરતા, મિત્રો સાથે રમીને આખો દિવસ પસાર કરતો. ભણવામાં તો તેનું મન સ્થિર જ ન હતું. ગામના લોકો પણ કુશલ તો મુર્ખ છે એવું કહેતા.

પુત્રની આવી ખરાબ પરીસ્થિતિ જોઈને એક વખત અચલ શ્રેષ્ઠીએ શેઠાણીને કહ્યું, હું તો શું ના શું વિચાર કરતો હતો કે મારો પુત્ર ખુબ આગળ વધશે, નગરમાં મારી જેમ જ નગરશેઠ તરીકેની નામના મેળવશે, પણ હવે તો એ બધા વિચારોના વહેણ ઓસરી જતા હોય તેવું લાગે છે. નવી કમાણી કરવાની વાત તો બાજુમાં રહી પણ મેં મહેનત કરીને ભેગી કરેલી સંપત્તિને સાચવી રાખે તો ઘણું.. આ કુશલ ભણશે નહીં તો આગળ કેવી રીતે વધશે ?શેઠાણીએ કહ્યું તમારો વ્યાપાર કરવા માટે કાંઈ બહુ ભણવાની જરૂર નથી. સારૂં બોલતાં આવડે તો ય ઘણું. ભણાવશો તો ખોટો કુશલનો સમય જ બગડવાનો છે. તમારી સાથે એને વ્યાપારમાં લઈ જાઓ, થોડું થોડું વ્યાપાર કરવાનું એને શીખવાડો. તો એ ભવિષ્યમાં આગળ પણ વધી શકે.બપોરે ભોજન કરતી વખતે અચલ શ્રેષ્ઠીએ કુશલને કહ્યું, પુત્ર ! હવે મારે તને ભણાવવો નથી. બોલ તને ગમશે ? પિતાજીની વાત સાંભળીને કુશલને તોભાવતું તું નેવૈદ્યે કીધું ખુબ ખુશ થઈ ગયો. **(ક્રમશ:) મુનિ રાજસુંદર વિજય**

## કરેલા નાના નાના સત્કર્મો એ જ જીવનનું સાચું ભાથું છે

**સૌરભ** — બી.કે.નીતાબેન

શિક્ષક દિન પર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની સ્કૂલના વિધાર્થીઓ સાથે ટી. વી. પર સીધો વાર્તાલાપ કર્યા ત્યારે તેમને પૂછેલા એક પ્રશ્નના જવાબ દરમ્યાન તેમણે જણાવ્યું હતું કે જીવનમાં કાંઈક કરવાનું લક્ષ વધૂ મહત્વનું છે. તેમને જ્યારે પૂછવામાં આવ્યું કે શું તમે વડાપ્રધાન બનવાનું સ્વપ્ન તો નહોતું સેવ્યુ પરંતુ જીવનમાં કાંઈક નવિન કરવું તેવું સ્વપ્ન જરૂર રાખ્યુ હતું અને તેના પરિણામ સ્વરૂપે જ આજે આ સ્થાન પર પહોચ્યો છું.

જીવનમાં સદ્ વિચાર તેમજ શુભભાવનાઓનું જરૂર મહત્વ છે. પરંતુ તેથી પણ વધૂ મહત્વનું છે વ્યકિતના સત્કર્મો કોઈપણ વ્યકિત જ્યારે કોઈ કર્મ કરે છે તે પહેલા તે કર્મ કરવાનો વિચાર મનમાં આવે છે. ત્યારબાદ તે કર્મ કરવાની ભાવના પેદા થાય છે. ત્યારબાદ તે કર્મ કરવાનો નિર્ણય કરે છે અને અંતે તે કર્મ કરે છે. પરંતુ વિચારો ,ભાવનાઓ કે નિર્ણયો જો કર્મમાં ન પરિણામે તો તે વિચારો કે ભાવનાઓનું વિશેષ કોઈ મહત્વ રહેતું નથી એટલે જ આપણે ત્યાં કહેવાયું છે કે કર્મ જ બળવાન છે. વિશ્વ નાટકનો જો કોઈ મહત્વપૂર્ણ શાશ્વત સિદ્ધાંત હોય તો તે કર્મનો સિદ્ધાંત છે.તેમાં પણ તેજ કહેવાયું છે કે જેવું કરશો તેવું પામશો, જેવું વાવશો તેવું લણશો. વ્યકિતના વ્યકિતત્વનો આધાર તેના અર્ધજાગૃત મન પર પડેલી છાપો છે. આ પડેલી છાપોમાં કર્મોથી પડેલી છાપો ખુબ જ ઉંડી તેમજ ગહન હોય છે. એટલે વ્યકિતના સકારાત્મક કે નકારાત્મક વ્યકિતત્વના ઘડતરમાં પણ તેના દ્વારા થતાં કર્મો જ મહદ અંશે જવાબદાર છે.

ગાંધીજીને પુછવામાં આવ્યું કે તમારો વિશ્વને શું સંદેશ છે ? ત્યારે તેમણે ઉત્તર આપેલો કે મારૂં જીવન જ મારો સંદેશ છે. અર્થાત ગાંધીજીએ પોતાના જીવનમાં પ્રેકટીકલ જે કાંઈ કરીને બતાવ્યું તે જ તેમનો સંદેશ છે. ગીતામાં પણ કર્મયોગનું જ મહત્વ બતાવવામાં આવ્યું છે,


અનુસંધાન પાના નં.૬ ઉપર

### માધપુરા (રાંટીલા)...

પાના નં .૩ ચાલુ

જેમાં મુખ્ય યજમાન પદે દેવજીભાઈ ઉકાભાઈ ડાભી રહ્યા હતા તો હવન અને ભોજનના દાતા ભલાભાઈ ગોદાભાઈ ડાભી શિખરનો ચઢાવો અમરાભાઈ હેમરાજભાઈ ચૌધરીએ લીધો હતો તો જલધારાના યજમાન પચાણભાઈ ભીખાભાઈ તેમજ રાણાભાઈ અજાભાઈ ડાભી રહ્યા હતા. જયારે શ્રી સરસાવતી માતાજીની મૂર્તિના દાતા સાળાના પૂર્વ શિક્ષક મિતલબેન પટેલ રહ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત રાજય મંત્રી કેસાજી ચૌહાણ શિક્ષક સંઘના પ્રમુખ ભદ્રસિંહ રાઠોડ, શિક્ષક ઘટક સંઘના પ્રમુખ પોપટજી ઠાકોર, જિલ્લા પંચાયત સદસ્ય રાણાભાઈ ડાભી, અજાભાઈ ડાભી, સરપંચ જેઠાભાઈ વાઘેલા, ગોદાભાઈ ભીખાજી રાજપૂત, સાળાના પ્રિન્સિપાલ હરજીભાઈ જે. વાઘેલા સહિત સાળા સ્ટાફ ગણ અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી હર્ષો ઉલ્લાસ સાથે માતાજીની પ્રતિસ્થા કરી હતી.

### વડગામના શ્રી નિલકંઠેશ્વર...

પાના નં .૩ ચાલુ

બાબુજી એમ.સોલંકી, એ.પી.એમ.જી. ડિરેક્ટર ભગવાનસિહં જી.સોલંકી, તા.પં.પૂર્વ ડેલિગેટ ભગવાનભાઈ ડેકલિયા, યુવાકાર્યકર રતુભાઈ જી.પટેલ, રાધાકૃષ્ણ મંદિરના તમામ ટ્રસ્ટીઓ, રામજીમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, ગાયત્રી પરિવાર, સ્વાધ્યાય પરિવાર, વડગામ ભક્ત મંડળ સહિત હિન્દુ સમાજના તમામ આગેવાનો, દાતાઓ, યજમાનો ઉપસ્થિત રહ્યા હતા.

### રામદેવપીર સેવા...

પાના નં .૩ ચાલુ

જગતમાં નિસ્વાર્થ ભાવે કાર્યકર્તા આવા માનવીઓ ખરેખર તો સલામને લાયક હોય છે. પોતાના માટે જીવવા કરતાં બીજાના ભલા માટે જીવતા આવા સેવાના ભેખધારીઓ સમાજ કલ્યાણનું ઉત્કૃષ્ટ કાર્ય કરે છે. છેલ્લે કેમ્પના પૂર્ણાહુતિ ભાદરવા સુદ-૨ ના દિવસે ભજન કરાવી ગામજમણ કરી પૂર્ણાહુતિ કરાય છે.

### ભાભર તાલુકાને ..

પાના નં .૮ ચાલુ

અગ્રણીઓએ ભાભર હાઈ-વે ઉપર એકઠા થઈ રેલીનું આયોજન કર્યું હતું અને રેલી સાથે મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરોએ આવેદનપત્ર તા.વિ.અધિકારી ચૌહાણને આપ્યું હતું.જેમાં જણાવેલ હતું કે ભાભરનગર અને તાલુકામાં અતિવૃષ્ટિથી ભારે નુકશાન થયું છે.જિલ્લાને અતિવૃષ્ટિમાં જાહેર કર્યો છે.જે રીતે સરકારે જાહેરાતો કરે તે પ્રમાણે લોકોને સહાય આપવામાં આવતી નથી.

### યજ્ઞોની સાથે ..

પાના નં .૮ ચાલુ

કર્યું હતું અને પુજન અર્ચન અને સ્તુતિ કરી હતી. તો વળી અનેક શિવાલયોમાં શિવજીને વિવિધ શૃંગાર પણ કરવામાં આવ્યા હતા. જિલ્લામાં આવેલા બાલારામ, વિશ્વેશ્વર મહાદેવના મંદિરમાં શ્રધ્ધાળુઓની ભારે ભીડ જામી હતી. જેમાં નાના બાળકોથી મોડી વૃધ્ધો સહિત મહિલાઓ પણ શિવમંદિરના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.

### છાપી હાઈ-વે...

પાના નં .૮ ચાલુ

હતી.આ ઘટના બાદ ટ્રકોના માલિક તેમજ ચાલકો છાપી પોલીસ મથકે ફરીયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.જોકે આ ઘટનાની ફરીયાદ બપોર સુધી નોંધવામાં આવી ન હોવાનું જાણવા મળે છે.છેલ્લા એક દોઢ માસથી છાપી હાઈ-વે ઉપર આ ત્રીજી ચોરીની મોટી ઘટના બની છે.છાપી પંથકમાં તસ્કરો સક્રિય થતાં લોકોમાં ભય જોવા મળી રહ્યો છે.આ ઘટના બાબતે છાપી પી.એસ.આઈ. એમ.એન. દેસાઈએ જણાવ્યું હતું કે હોટલના સી.સી.ટી.વી. ફુટેજ મેળવી તપાસ હાથ ધરવામાં આવશે.

### અંબાજી ખાતે..

પાના નં .૮ ચાલુ

પ્રમાણમાં મળે તથા યાત્રિકો માતાજીના સરસ દર્શન કરી સુખરૂપ યાત્રા સંપન્ન કરી પોતાના ઘેર પહોંચે તે માટે સેવાભાવનાથી કામગીરી કરીએ. મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે કહ્યું કે સ્વાઈન ફ્લૂની બિમારીને ધ્યાનમાં રાખી વહીવટીતંત્ર ધ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવશે. આ માટે નિષ્ણાંત ર્ડાકટરોની તબીબી ટુકડીઓ, પુરતા પ્રમાણમાં જરૂરી દવાઓ, આઈસોલેશન વોર્ડની વ્યવસ્થા, સ્વાઈન ફ્લૂ નિયંત્રણ માટે ઠેર ઠેર ઉકાળા વિતરણ અને કોગળા કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે. મંત્રીશ્રીએ કહ્યું કે યાત્રિકોને સરળતાથી સારા દર્શન થાય, પીવાનું સ્વચ્છ પાણી, આરોગ્યની વ્યાપક સુવિધા, લાઈટીગની

સોલાર તથા જનરેટર સાથે સુવિધા, સ્વચ્છતા, પરિવહન અને પાર્કિંગ સુવિધા, વિસામા કેન્દ્રો, સાંસ્કૃતિક પ્રોગ્રામ તથા સુદ્રઢ સુરક્ષા વ્યવસ્થા સહિત તમામ વ્યવસ્થાઓ વ્યાપક રીતે ગોઠવવામાં આવી છે. મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું કે યાત્રિકોને પીવાનું પાણી અને જમવાનું શુધ્ધ, સ્વચ્છ મળે સ્વચ્છતા સારી રીતે જળવાય તથા પરિવહનની સરળ સુવિધા મળે તેની પુરતી કાળજી રાખવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે મેળા પ્રસંગે ૧૧૮ જેટલાં સીસીટીવી કેમેરા ધ્વારા મેળા ઉપર ઝીણવટભરી બાજ નજર રાખાવામાં આવશે. સ્વચ્છતા જાળવવા માટે સંખ્યાબંધ ટીમો વહેલી સવારથી રાત્રિના ૧૦ વાગ્યા સુધી ત્રણ શીફ્ટમાં કામગીરી કરશે. પીવાના પાણીની વ્યાપક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. પોલીસ વિભાગ ધ્વારા મેળામાં સુરક્ષા વ્યવસ્થા જાળવવા પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. મેળા પ્રસંગે પુરતી સંખ્યામાં ફાયર ફાઈટર તથા ત્રિશુળીયા ઘાટ અને કેંગોરા ઘાટીમાં હેવી ક્રેઈન વ્યવસ્થા રાખવામાં આવશે. મેળા પ્રસંગે સંઘમાં આવતા લોકોને દર્શનની તકલીફ ન પડે તે માટે દર્શનની બે રેલીંગ વ્યવસ્થા ગોઠવાશે. યાત્રિકો માટે ૭૦ જગ્યાએ હંગામી વોટરપ્રુફ શેડ બનાવાશે. ૧૫ સ્થળોએ કાયમી પાકા શેડ ઉપલબ્ધ છે. પુરતી સંખ્યામાં એસ.ટી.બસો અને ટોયલેટ બોક્ષ ગોઠવવામાં આવશે. અંબાજી મુકામે ત્રણ જગ્યાએ વિનામૂલ્યે ભોજનની સુવિધા આપવામાં આવશે. પોલીસ વિભાગ ધ્વારા ૭ જેટલા કન્ટ્રોલરૂમ તેમજ ૨૭ વોચ ટાવર બનાવવામાં આવ્યા છે. ૧૦૧ જેટલા સીસીટીવી તથા ૧૭ પી.ટી.ઝેડ કેમેરા ધ્વારા પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખવામાં આવશે. બેઠકમાં કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન દિલીપ રાણા, જિ.પંચાયત પ્રમુખશ્રી દિનેશભાઈ દવે, જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરા, પોલીસ અધિક્ષક નિરજ બડગુજર સહિત વિવિધ કચેરીના અધિકારીઓ તથા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મિડીયાના પત્રકારમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

### થરાદના કળશ ..

પાના નં .૮ ચાલુ

હતું.અને તેમની ઉપસ્થિતીમાંજ તમામ પશુઓને જેસીબીથી ખાડો ખોદાવીને દાટવામાં આવ્યાં હતાં.જોકે તેમ છતાં પણ ગામની ત્રણ વ્યક્તિને કોઈ પણ જાતનાં પશુઓનું મૃત્યુ નહી નિપજવા છતાં પણ ગામના રબારી ખુમાજી ગણેશજી,પટેલ ભાવાજી જીવાજી તથા પટેલ રાણાજી રણછોડજી સહિત ત્રણ વ્યક્તિઓને ખોટુ ચુકવણુ કરવામાં આવ્યું હોવાની અને તેમાં પશુડોક્ટર અને તલાટીની મિલીભગત હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો.આ રજુઆતથી પંચાયત બેડામાં ચકચાર સાથે ખળભળાટ મચવા પામ્યો હતો.

### ધારાસભ્યોની...

પાના નં .૧ ચાલુ

હતા. ધારાસભ્યોએ પણ મોવડીમંડળના બંને નેતાઓનો આભાર માન્યો હતો. કોંગ્રેસપક્ષના વફાદાર ધારાસભ્યોની ઈમાનદારી અને વફાદારીની કદર કરવાના ભાગરૂપે ગુજરાત કોંગ્રેસના ટોચના નેતાઓ અને રાષ્ટ્રીય નેતા એહમદ પટેલે તમામ ધારાસભ્યોને કોંગ્રેસના અધ્યક્ષા સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરાવવાનું વચન આપ્યું હતું. જેના ભાગરૂપે ગઈકાલે કોંગ્રેસના ધારાસભ્યો અમદાવાદ એરપોર્ટ પરથી ઈન્ડિગો ફલાઈટ મારફતે રાત્રએ જ દિલ્હી પહોંચી ગયા હતા. આજે બપોરે તમામ ધારાસભ્યોની કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત અને તેમની સાથે ભોજનનું આયોજન કરાયું હતું, જે દરમ્યાન ફ્રઔપચારિક ચર્ચા વાતો થઈ હતી. આવતીકાલે પણ ગુજરાત કોંગ્રેસના નેતાઓ અને તમામ ધારાસભ્યો સાથેની બેઠકનો દોર જારી રહેશે.

દરમ્યાન આવતીકાલે સાંજે ૫-૩૫એ દિલ્હીથી ગુજરાત કોંગ્રેસના તમામ વફાદાર ધારાસભ્યો ચેન્નાઈ જવા રવાના થશે અને લગભગ ૮-૩૦ વાગ્યે ચેન્નાઈ ઉતરશે. ચેન્નાઈમાં જ રાતવાસો કરી બીજા દિવસે તા.૨૩મી ઓગસ્ટે સવારે ૭-૩૦ વાગ્યે તમામ ધારાસભ્યોને તિરૂપતિ દર્શન માટે લઈ જવાશે. સવારે ૧૦-૩૦ વાગ્યે તિરૂપતિ પહોંચ્યા બાદ લગભગ ૧૨-૦૦ વાગ્યે તમામ ધારાસભ્યો મંદિરમાં પ્રવેશ મેળવશે. મંદિરમાં ભગવાન બાલાજીના દર્શન કર્યા બાદ સાંજે ૪-૦૦ વાગ્યે તિરૂપતિથી ફરી ચેન્નાઈ જવા ધારાસભ્યો રવાના થશે. જયાં રાત્રે ૯-૫૫ની ફલાઈટમાં બેસી તમામ ધારાસભ્યો ફરી ૧૨-૧૫ મિનિટે અમદાવાદમાં પરત ફરશે.

### રાજયમાં સ્વાઈનફલૂથી...

પાના નં .૧ ચાલુ

શહેરમાં રોજ લોકોના મોતની સંખ્યામા પણ સતત વધારો થતો જોવા મળી રહ્યો છે.અમદાવાદ શહેરમાં છેલ્લા ૪૮ કલાક દરમિયાન કુલ આઠ લોકોએ સ્વાઈનફલૂના કારણે પોતાના જીવ ગુમાવ્યા છે.અમદાવાદ શહેરમાં રવિવારે ૮૫ જેટલા સ્વાઈનફલૂના કેસ નોંધાવા પામ્યા હતા જેની સામે ચાર લોકોના મોત થવા પામ્યા હતા.આજે વધુ નવા ૧૩૮ કેસ નોંધાવા પામ્યા છે.આમ બે દિવસની અંદર અમદાવાદ શહેરમાં સ્વાઈનફલૂના કુલ મળીને ૨૨૩ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.અમદાવાદ શહેરમાં આ માસની શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં સ્વાઈનફલૂના કુલ ૧૦૫૮ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.આ સાથે જ આ રોગને કારણે મૃત્યુ પામનારની સંખ્યા ૬૧ના આંકડાને પાર કરી ગઈ છે.અમદાવાદ શહેરમાં આ વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં સ્વાઈનફલૂના કુલ મળીને ૧૧૯૪ કેસ નોંધાવા પામ્યા છે જયારે આ વર્ષમાં સ્વાઈનફલૂના કારણે કુલ મૃત્યુઆંક ૮૧ ઉપર પહોંચવા પામ્યો છે.

### હવે બળવંતસિંહની...

પાના નં .૧ ચાલુ

માંગી છે. ઉલ્લેખનીય છે કે, તા.૮મી ઓગસ્ટે રાજયસભાની યોજાયેલી ચૂંટણીમાં ભાજપના અમિત શાહને ફર્સ્ટ પ્રેફરન્સના ૪૬, ભાજપના જ સ્મૃતિ ઈરાનીને પણ ૪૬ વોટ અને કોંગ્રેસના એહમદ પટેલને ૪૪ વોટ મળતાં તેઓ વિજયી ઉમેદવાર તરીકે જાહેર કરાયા હતા, જયારે બળવંતસિંહ રાજપૂતને ૩૮ મતો મળતાં તેઓને હારેલા ઉમેદવાર ઘોષિત કરાયા હતા. બળવંતસિંહ રાજપૂત તરફથી કરાયેલી પિટિશનમાં એવા મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા કે, કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યો રાઘવજી પટેલ અને ભોળાભાઈ ગોહિલના મતો તેમને પડયા હતા પરંતુ કોંગ્રેસે લીધેલા વાંધા બાદ કેન્દ્રીય ચૂંટણી પંચે તે મતો રદ કરી દીધા હતા જે નિર્ણય બિલકુલ અયોગ્ય, ગેરકાયદે અને રદબાતલ થવાપાત્ર છે કારણ કે, એક વખતે મત જયારે મતપેટીમાં પડી જાય અને જયારે રિટર્નીંગ ઓફિસરે તેની સ્વીકારી લીધા હોય પછી તેમાં દરમ્યાનગીરી કરવાની ચૂંટણી પંચને કોઈ સત્તા જ નથી. જો કોઈને મત સામે વાંધો હોય તો કાયદામાં નિર્દિષ્ટ જોગવાઈ મુજબ, ઈલેકશન પિટિશન પાછળથી કરી શકે. તેમણે એહમદ પટેલ પર ગંભીર આક્ષેપ કર્યા હતા કે, એહમદ પટેલ ભ્રષ્ટ પ્રેકટીસ આચરવા સંડોવાયેલા છે. તેમણે કોંગ્રેસના ધારાસભ્યોને બેંગ્લેરૂ ખાતેના રિસોર્ટમાં કેદ રાખી તેમની પાછળ લાખો રૂપિયાનો મનોરંજનનો ખર્ચ કર્યો છે અને આમ, એહમદ પટેલ તેમની આ કરપ્ટ પ્રેકટીસથી વિજયી બન્યા છે નહી કે, મતદારોની મુકત ઈચ્છાના કારણે. રાજપૂતે કોંગ્રેસના જે બે ધારાસભ્યોએ એહમદ પટેલને મત આપ્યા હતા તે એ ગ્રાઉન્ડ પર રદ કરવાની માંગણી પિટિશનમાં કરી છે કે, કોંગ્રેસના એ બંને ધારાસભ્યોએ પણ કોંગ્રેસના અધિકૃત એજન્ટ સિવાય બીજા વ્યકિતઓને પોતાના મત બતાવ્યા હતા. આ પરિસ્થિતિમાં તેમના મત વધી જાત અને તેઓ વિજયી જાહેર થાત પરંતુ કેન્દ્રીય ચૂંટણી પંચના અન્યાયી નિર્ણયના કારણે તેઓ હાર્યા છે.

આ સંજોગોમાં હાઈકોર્ટે એહમદ પટેલની ચૂંટણી રદ કરી તેમને છ વર્ષ માટે ચૂંટણી લડવા ગેરલાયક ઠરાવી તેમના સ્થાને પોતાને વિજયી જાહેર કરવા રાજપૂત દ્વારા પિટિશનમાં દાદ માંગવામાં આવી હતી.

### ચૂંટણીમાં કોંગ્રેસને...

પાના નં .૧ ચાલુ

જડબોતોડ જવાબ આપશે. કોંગ્રેસના ધારાસભ્યોની સોનિયા ગાંધી સાથેની મુલાકાતને હાસ્યાસ્પદ ગણાવતાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના વલણ પરત્વે પ્રતિક્રિયા આપતાં સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના ધારાસભ્યોની ચિંતા કરવાની મુખ્યમંત્રીએ જરૂર નથી. રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આ વખતે તેમની બેઠક નહી બદલે, તો આ વખતની ચૂંટણીમાં તેમને કારમી હારનો સામનો કરવો પડશે તે નક્કી છે, તેથી તે તેમની ચિંતા કરે. આગામી ચૂંટણીઓમાં ભાજપને સજ્જડ પછડાટ મળવાની છે અને કોંગ્રેસને બે તૃત્યાંશ સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત થશે. બળવતસિંહ દ્વારા એહમદ પટેલના રાજયસભાના પરિણામને પડકારતી ગુજરાત હાઈકોર્ટમાં કરેલી પિટિશન અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં સોલંકીએ જણાવ્યું કે, રાજયસભા ચૂંટણીમાં તો બળવંતસિંહ હારી ગયા અને ભાજપને જે રીતે પછડાટ મળી છે, તે જોતાં હાઈકોર્ટની કાનૂની લડાઈમાં પણ ભાજપને પછડાટ મળશે. દરમ્યાન કોંગ્રેસના સિનિયર નેતા શકિતસિંહ ગોહિલે ધારાસભ્યોની સોનિયા અને રાહુલ ગાંધીની મુલાકાત મુદ્દે જણાવ્યું કે, ધારાસભ્યોની મુલાકાત દરમ્યાન તેઓની વફાદારીને કોંગ્રેસ પક્ષે અને સોનિયાજી તેમ જ રાહુલજીએ બિરદાવ્યા છે. સાથે સાથે લોકોની સેવામાં લાગી જવા પણ તેમણે અનુરોધ કર્યો છે.

### પતિની હત્યા...

પાના નં .૧ ચાલુ

હોવાની મંછીબેને પોલીસને જાણ કરી હતી.

જો કે પાછળથી તેમના પુત્ર અલ્કેશ સમગ્ર બનાવની જાણ તેના કાકા છગનજી મેઘાજીને કરતા તેમણે તા.૧૧ ડિસેમ્બર ૨૦૧૭ ના રોજ પાંથાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ કરી ખેતરમાંથી લાશ બહાર કાઢી હતી અને બન્ને વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો.

જે કેસ ડીસાની બીજી એડી.સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ દિપક પુરોહિતની દલીલો તેમજ ફરિયાદ પક્ષના સબળ પુરાવા ધ્યાને રાખી ન્યાયાધીશ એસ.વી.વ્યાસે બન્ને આરોપી ગણેશ માજીરાણા અને મંછીબેનને આજીવન કેદની (અંતિમ શ્વાસ સુધી) સજા તથા બન્નેને રૂા.૪,૪૦,૦૦૦ નો દંડ ફાટકાર્યો હતો દંડની રકમમાંથી રૂા.૨,૦૦,૦૦૦ ની રકમ મૃતકના પુત્રોને વળતર રૂપે આપવાનું પણ જજે ચુકાદામાં જણાવ્યું હતું.

### કોંગ્રેસના બાગી..

પાના નં .૧ ચાલુ

ધારાસભ્યોની સાથે કોંગ્રેસના કાર્યકર્તાઓ પણ ભાજપમાં જોડાશે. આ જ પ્રકારે કોંગ્રેસમાંથી રાજીનામુ આપનાર ધારાસભ્ય અમિત ચૌધરી આવતા સોમવારે માણસા ખાતે પોતાના સમર્થકો સાથે ભાજપમાં જોડાય તેવી શકયતા છે. તદુપરાંત, કોંગ્રેસના બાગી ધારાસભ્યો ભોળાભાઈ ગોહિલ, ધર્મેન્દ્રસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ વાઘેલા, ભોળાભાઈ ગોહિલ, સી.કે.રાઉલજી અને કરમશી પટેલ પણ આગામી દિવસોના કાર્યક્રમો નક્કી થાય તે મુજબ ભાજપમાં જોડાશે.

### સૌરભ...

અનુસંધાન ૫ નું ચાલું

તું જે સત્કર્મો કરે છે તે જ યોગ છે.

આ સત્કર્મોમાં પણ નિયમિત રૂપે દિવસ દરમ્યાન કરેલા નાના નાના સત્કર્મોનું ખુબ જ મહત્વ છે.એકાદ મોટું સત્કર્મ કરી જીવનમાં કોઈ સિદ્ધિને પ્રાપ્ત કરી દુનિયામાં પ્રત્યક્ષ થવા કરતાં કોઈના ખાસ ધ્યાન પર ન આવે એવા નાના નાના સત્કર્મો કરી અનેકોને મદદરૂપ થવું અને અનેકોની દુઆઓ મેળવવી તેજ જીવનનું સાચું ભાથું છે. પછી તે કર્મો સાવ સામાન્ય કેમ ન હોય.

કોઈ ગંદા સ્થાનની સફાઈ કરી દેવી ,કોઈ અપંગ કે અંધને રસ્તામાં મદદ કરી દેવી, રસ્તામાં ફસાયેલી પોતાની લારીને બહાર કાઢવા મથતા વ્યકિતને ટેકો આપી લારી કાઢવા મદદરૂપ થવું અકસ્માતમાં ઘવાયેલા વ્યકિતને તુરંત હોસ્પિલમાં લઈ જવો,ઘવાયેલા પશુ કે પક્ષીની પ્રેમથી માવજત કરવી ,ફી નહી ભરી શકવાના કારણે સ્કૂલ છોડવાની પરિસ્થિતિમાં મુકાયેલા વિદ્યાર્થીની ફી ભરી ચાલ્યા જવું, વૃક્ષોની માવજત કરવી તેમજ નવા વૃક્ષોનું રોપણ કરવું ખાસ કરીને બાળકો, મહિલાઓ પ્રતિ સ્નેહ અને સન્માનપૂર્વક વ્યવહાર કરવો, પાણી તેમજ વિજળીની બચત કરવી,કોઈને આધ્યાત્મિક જ્ઞાનની સાચી સમજ આપી જીવનની સાચી દિશા તરફ વાળવો, નિરાશ કે હતાશા થયેલા વ્યકિતમાં ઉમંગ ઉત્સાહ ભરી દેવા વગેરે.આ પ્રકારના સત્કર્મો આપણાં કોઈના ખાસ ધ્યાન પર આવતા નથી તેમજ આપણે કોઈ પ્રત્યક્ષ ફળ પણ મેળવતા નથી. એટલે આવા કર્મો મહદ અંશે સંચિત થઈ જાય છે અને આપણા અનેક જન્મો સુધરી જાય છે. આ ઉપરાંત આવા પ્રકારના સત્કર્મોથી જીવનમાં જે ખુશી અને સંતોષનો અનુભવ થાય છે તે અન્ય કશામાંથી પ્રાપ્ત ન થઈ શકે. વિશ્વની દરેક વ્યકિત જો દિવસમાં આવા ત્રણથી પાંચ સત્કર્મો કરે તો આપણા કલ્પનાના રામરાજ્યની સ્થાપના સરળ બની જાય. આ દિશામાં લોકોને જાગૃત કરવા તેમજ આવા અથવા સત્કર્મો કરવા પોત્સાહિત કરવા પ્રજાપિતા બ્રહ્મા-કુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા સાત સત્કર્મો મહાયોજનાનુ વૈશ્વિક સ્તર પર આયોજન કરવામાં આવ્યું છે. જે ખૂબ પ્રશંસનીય છે. આ યોજના અંતર્ગત સંસ્થાના અનેક સેવાધારી ભાઈ - બહેનો વિશ્વના લોકોના સંપર્ક કરી રહ્યાં છે.અને તેઓને દિવસ દરમ્યાન આવા નાના-નાના સત્કર્મો કરવા પ્રેરણા આપી રહ્યાં છે. લોકો પાસેથી સત્કર્મો કરવા માટે સંકલ્પ પત્રો પણ લઈ રહ્યાં છે. આ વર્ષ દરમ્યાન સાત અબજ જેટલા સત્કર્મો એકત્રીત કરવાનું સંસ્થાએ લક્ષ રાખ્યું છે.આપનો પણ સંસ્થાના સેવાધારી ભાઈ બહેનો સંપર્ક કરે તો આપ પણ જો સત્કમોનો સહયોગ આપશો તો આપણે વિશ્વમાં કાંઈક બદલાવ લાવી એક શ્રેષ્ઠ સમાજની સ્થાપના કરી શકીશું.

**બી.કે. નીતાબેન**

### આરાધના

અનુસંધાન ૫ નું ચાલુ

તેથી જગતમાં વિષમતા જોવા મળે છે.

સહુ પોતાને જોઈતો જ સંગ્રહ કરે તો કોઈને તંગીનો અનુભવ થશે નહીં, દરેકને સંતોષ થશે. આજે તો તવંગર પણ બેચેની અનુભવે છે, પૈસાદાર હજુ વધારે પૈસા ભેગા કરવામાં દોડી રહ્યો છે. જ્યારે ગરીબ પોતાને બે ટંકનું પેટ ભરવા દોડી રહ્યો છે.

કોઈ જગ્યાએ ટેકરો કરવો હોય તો આજુબાજુમાં કયાંક જમીનમાં ખાડો કરવો જ પડે તે સામાન્ય નિયમ છે. કોઈ મુઠ્ઠીભર માણસો ખુબ જ ધનિક બને છે ત્યારે તેમણે એવા હજારો, લાખો લોકોના હક્કનું છીનવી લીધું છે તે વાત સર્વવિદીત છે.આપણા ઋષિ મુનિઓને આ વાત મંજુર ન હોવાથી આપણે 'અપરિગ્રહ' નું વ્રત પાળવું જોઈએ તેવી સમજ કેળવતાં શીખવ્યું છે તે વાતનો સ્વીકાર કરીએ.**નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

### ચિંતન...

અનુસંધાન ૫ નું ચાલું

બનાસકાંઠા જિલ્લામાં એવું તાંડવ રચાશે કે જળપ્રલય તે ન ચાલી તો રક્ષાબંધને ભાઈના હાથેથી રાખડી છોડી નાખવી તેમાં કંઈ ન વીત્યું તો મહિલાઓના ચોટલાકાપવાની ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. માનવી કેમ આટલો ડરપોક ને ભુખારવો બન્યો છે. શું માનવી સિવાય બીજા કોઈ જીવ 'ભુત' નહીં થતા હોય તેના માટે આ ડરપોક, ભુખારવાપણું તોજવાબદાર નથી ને ?જરા વિચારીએ..

આજે સેવાભાવી સંસ્થાઓ, લોકોને સરકારે આપેલ ચીજવસ્તુઓના લુંટારા કોણ ? સાચા લાભાર્થી અસરગ્રસ્યત સુધી શું પહોંચ્યું ? ધનાઢય સોસાયટીના ગામના લોકો કેશડોઈસ ને બીજી સહાય ઘર ભેગી કરવા માટે રીતસરના ઝઘડતા જોવા મળ્યા. તેમને શું કહેશો ? મંદિરો, કથાને બીજી જગ્યાએ દાન આપવાની ને સ્ટેજ પર બેસવાની ચેષ્ટા કરતા આવા દાનવીરોને જ્યારે આવી સરકારી સહાય પોતાને કોઈ જાતનું નુકશાન ન થયું હોવા છતાં લેતા જોયા ત્યારે ઘડીભર વિચાર થાય કે આ ભુખરવા માનવીની ભુખ કયાં ?

વાચક મિત્રો કલમ હૃદય મનને અંકુશમાં રાખવા પ્રયત્ન કરૂં છું પણ આ તમારા, મારા મન હૃદયના ઉભરો છે. એટલે જ અહીં ચિંતનાર્થે રજુ કરૂં છું. જૈન ભાઈ બહેનોને હૃદય મનથી મિચ્છામી દુક્કડમ્ હિંદુ ભાઈ બહેનો કે જેમણે શ્રાવણ માસની ભગવાન ભોળાનાથ શિવની ઉપાસના, આરાધના કરી તેમને તેમના હૃદય મન પ્રમાણેનું ફળ સદાશિવ ભોળાનાથ આપે તેવી આશા પ્રાર્થના સહ કુદરતી પ્રકોપમાં માનવતાની મહેંક વચ્ચે લુંટણખોરીનું વાવાઝોડું જોવા મળે ત્યારે ?? હવે કૃષિ પાકનાશ જમીન ધોવાણના કોમ્પ્યુટર પર ખોટા ફોટા બનાવીને સરકારી સહાય મેળવવા માટેની હોડ લાગી છે. જે સરકાર ચુકવશે ને આવા ભુખારવા લોકો લેશે. જેને નુકશાન થયું છે તેને સહાનુભૂતિ આપવાને બદલે મફતનું મળે છે એટલે લેવું જ છે કયાં કોઈના બાપનું છે ? સરકારને સેવાભાવી સંસ્થા લોકો આપેછે ને ? **યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

## સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) |
| **ચાંદી ચોરસા** | **૩૯૦૦૦-૩૯૫૦૦** |
| રૂપુ કાચું | ૩૯૦૦૦-૩૯૫૦૦ |
| સોનુ તોલો | ૨૯૩૦૦-૨૯૭૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૮૯૦-૯૨૦** |
| પામોલીન | ૮૮૫-૯૨૦ |
| સોયા રીફાઈન | ૧૨૧૦-૧૨૨૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૧૦-૧૨૭૦ |
| સીંગતેલ૧૫ કી. | ૧૫૦૦-૧૫૩૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૫૦૦-૧૫૨૦ |
| સીગતેલ ૫ લી. | ૫૦૦ |
| તિરૂપતી કપા. | ૧૨૬૦ |
| ૫ લીટર | ૪૧૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૩૦૦ |
| ૫ કે. કોપરેલ | ૮૬૦ |
| પલી. અંકુર સીંગતેલ | ૫૦૦ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૧૮૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૨૦ |
| ૫ લી. | ૩૭૦ |
| ૨ લી. | ૧૫૭ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| ગેટવે પ્રીમીયમ | ૮૫૦૦ |
| ગેટ વ. રોયલ | ૬૦૦૦ |
| ગેટવે રેગ્યુલર | ૫૨૦૦ |
| ગેટવે રીઝાના | ૪૪૦૦ |
| ગેટવે એવરેડી | ૪૦૦૦ |
| ગેટવે ડેઈલી | ૩૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |

| | |
|---|---|
| દુન તીબાર ૫ કી. | ૮૨૦૦ |
| દુન તીબાર ૧ કી. | ૮૨૦૦ |
| હાથી ૧૧૨૧ | ૬૮૦૦ |
| બેસ્ટ પ્રીમીયમ | ૭૫૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૮૦૦ |
| મગદાળ નર્મદા સુપર | ૫૮૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૫૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૫૦૦ |
| નર્મદા અડદદાળ | ૮૫૦૦ |
| અડદદાળ નર્મદા પ્રી. | ૮૦૦૦ |
| દુન દેહરાદુન દુબાર જુના | ૭૦૦૦ |
| દુન દહેરાદૂન મીની દુબારજુના | ૫૦૦૦ |
| દુન દહેરાદૂન સુ.મો.જુના | ૪૫૦૦ |
| દુન દહેરાદૂન મી.મો.જુના | ૩૮૦૦ |
| દુન કણકી જુની | ૩૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| હાથી ૮૧૭ આખા નવા | ૭૭૦૦ |
| હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | ૫૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૮૫૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૫૮૦૦ |
| દાવત સીલેકટનવા | ૮૮૦૦ |
| દાવત સુપર જુના | ૯૮૦૦ |
| દાવત દીલખુશ નવા | ૭૫૦૦ |
| દાવત દીલખુશ જુના | ૬૫૦૦ |
| દાવત દુબાર જુના | ૬૦૦૦ |
| દાવત રોઝાના જુના | ૫૫૦૦ |
| દાવત ૭૦ જુના | ૪૧૦૦ |
| દાવત ૬૦ મીની જુના | ૩૨૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૮૫૦૦ |
| હેરીટેજ તીબાર | ૭૨૦૦ |
| હેરીટેજ દુબાર | ૫૫૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૪૫૦૦ |
| કાયનાત પી | ૮૫૦૦ |
| કાયનાત સુપર | ૮ ૦ ૦ ૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |

| | |
|---|---|
| ઓરેન્જ | ૫૬૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૨૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૮૮૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૬૦૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૮૫૦-૩૯૦૦** |
| **ખાંડ એમ.** | **૪૦૦૦** |
| ખાંડએલ. | ૪૦૫૦-૪૦૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની | ૧૦૫ |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |

| | |
|---|---|
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| મોરબી ખોળ | ૧૨૫૦-૧૨૮૦ |
| જીરાળુ | ૧૯૦૦-૨૦૦૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૯૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૬૦૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૬૦ |
| મેંદો | ૮૬૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૫૦-૨૪૦ |
| સાકરીયા | ૪૫૦૦ |
| ખાંડ બુરૂ | ૪૨૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૯૪ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૪૦૦-૫૦૦ |
| સુકી ડુંગળી | ૫૮૦-૬૦૦ |
| લસણ | ૭૦૦-૮૦૦ |
| ધાણા | ૯૦૦-૧૨૦૦ |
| મરચાં | ૧૨૦૦-૧૪૪૦ |
| લીંબુ | ૩૦૦-૪૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૪૦૦ |
| આદુ | ૮૦૦૦-૧૦૦૦ |
| રીંગણ | ૬૦૦-૮૦૦ |
| ટામેટા | ૧૧૦૦-૧૪૦૦ |
| ભીંડા | ૫૦૦-૭૦૦ |
| કોબી | ૨૮૦-૪૬૦ |
| વટાણા | ૯૦૦-૧૧૦૦ |
| ટીંડસા | ૭૦૦-૮૦૦ |
| **ગવાર** | **૧૦૦૦-૧૨૦૦** |
| બાદશાહ બટાકા | ૨૦૦-૨૨૦ |
| સાંગા બટાકા | ૧૨૦-૧૪૦ |
| ચોળી | ૧૨૦૦-૧૬૦૦ |
| તુરીયા | ૮૦૦-૧૦૦૦ |

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................

માતા : ......................જ.તા. ...............ઉ.વ.

પરિચય: ....................................................

સરનામુ : ..................................................

મોકલનારની સહી : ..........................................

## રૂા.૪૩ લાખનું બિલ ન ભરતાં હારીજ પાલિકાનું વીજ કનેક્શન કપાયું

હારીજ

હારીજ નગર સેવા સદનનું સ્ટ્રીટ લાઈટ અને વોટર વર્કસનું ૪૩ લાખથી વધુ બીલ નહી ભરાતા જી.ઈ.બી.એ ગત શુક્રવારે સાંજે લાઈટ કનેક્શન ઉડાવી દેતા અંધારપટ છવાયો છે.

જાણવા મળતી વિગતો અનુસાર હારીજ નગર સેવા સદન દ્વારા પ્રજાને લાઈટ મળી રહે તે માટે સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે.પરંતુ પાલિકાના અણધડ વહિવટના કારણે સ્ટ્રીટ લાઈટ બીલ ભરાયું નથી.જેને લઈ ઉ.ગુ.વીજ કંપનીએ નોટીસ આપેલ અને મુદ્દત વીતી ગયા હોવા છતાં બીલ ભરપાઈ ન કરતા વીજ કંપનીએ લાલ આંખ કરી હતી.અને ગત શુક્રવારે સ્ટ્રીટ લાઈટ કનેક્શન કાપી નાંખતા અંધારપટ છવાયો હતો.આ અંગે શનિવારે પાલિકાના સભ્યો દ્વારા દોડા દોડી કરવામાં આવી હતી.અને લાઈટ બીલ ભરવાના પ્રયત્નો કરવામાં આવેલ.જોકે મોડી સાંજે પાલિકાએ રૂા.૪૮ લાખનુ બીલ ભરતાં વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે.બીલ નહી ભરાય તો આગામી સમયમાં વોટર વર્કલના કનેક્શન કાપવાની ચીમકી અપાઈ છે.પાલિકાનું રૂા.૪૩.૪૮ લાખનું બીલ બાકી છે.

## સાબરકાઠાના હિમતનગર ફોટો વિડીયો એસોસિએશન દ્વારા વલ્ડ ફોટો ડે ની ઉજવણી



સતીષ ભટ્ટ

સાબરકાઠાના હિમતનગર ફોટો વિડીયો એસોસિએશન દ્વારા વલ્ડ ફોટો ડે ની ઉજવણી કરવામાં આવી હતી વલ્ડ ફોટો ડે નિમિતે ૬૦ વર્ષ વિતાવી ચુકેલા ફોટોગ્રાફરો નું સન્માન કરવામાં આવ્યું હતું દુનિયામાં કેમેરાની શોધ બાદ આજે એક ઈન્ડસ્ટ્રીઝ ઉભી થઈ છે જેને લઈ કેમેરાને આજે વિશ્વમાં આજે એક ચોકસ જગ્યા મળી છે જે આજે જાણે કેમેરા જરૂરી બનીગયો છે આજે હિમતનગર માં ૭૫ વર્ષના ઉમરે પણ કેમેરાથી કામ કરનારાઓનું સન્માન હિમતનગર ફોટો વિડીયો એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું હતુ.

## હિંમતનગરના બામણા ગામે ઈ લાયબ્રેરી ખુલ્લી મુકાઈ



સતીષ ભટ્ટ

હિંમતનગરના બામણા ગામ આમ તો ઉમાંશંકર જોષીનુ ગામ છે અને આ ગામને ભાગ્યેજ કોઈ એવો વ્યક્તિ હશે કે જે ના ઓળખતો હોય...બામણા- પુનાસણ ગામે આજે નંદ મહોત્સવ ઉજવાયો હતો જેમાં અહિના લોકો માટે એક ઈ લાઈબ્રેરી ખુલ્લી મુકાઈ છે... આમ તો આ લાઈબ્રેરીથી લોકોને બહુજ ફાયદો થશે અને વિશ્રૃવભરની માહીતી આ ઈ લાઈબ્રેરીથી મળશે તો કોઈ વ્યક્તિ કે બાળકને કોઈ પણ પ્રકારના પુસ્તકનુ વજન લઈ ઉંચકવુ પડે અને ઈ લાઈબ્રેરીના મારફતે તમામ માહિતી ગમે તે સમયે મળી રહેશે...

## ચવેલી અને આસપાસના ગામોમાં ખેતીને થયેલ નુકસાનનું સર્વે કરાયું

ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના ચવેલી, રણાસણ, રામપુરા અને ધારપુરી વગેરે ગામોમા વરસાદથી નુકસાન થયેલ. પાકનું સર્વે કરવા ગ્રામસેવક (પ્રથમ રાઉન્ડ) એ તમામ ખેડૂતોને થયેલા નુકસાનની માહિતી મેળવી હતી. ચવેલી ગ્રામ પંચાયત ખાતે રૂબરૂ ગ્રામ સેવક શ્રીમાળી કલ્પનાબેન (જેતપુરવાળા બીજા રાઉન્ડમાં) પાટણ જિલ્લા કલેક્ટર, તથા ખેતીવાડી અધિકારીઓના આદેશ ખેતીવાડીના વિસ્તરણ અધિકારીની સાથે ખેતરમાં જઈને ખેડુતને સાથે લઈ કપાસ, અડદ અને કઠોળનું સર્વે કર્યું હતું. ગ્રામ પંચાયતના સરપંચને સાથે રાખવામાં આવ્યા હતા. પાટણ જિલ્લા ખેતીવાડી અધિકારી સુબોધભાઈ દૂદખીયા, ગ્રામ સેવક કલ્પનાબેન, પુનીબેન શ્રીમાળી, જાગૃતિબેન પટેલ-કહોડાવાળા, ફુલજીભાઈ દેસાઈ તથા દશરથભાઈ ડી.ચૌધરી, ચવેલી ગ્રામ પંચાયતના સરપંચ પટેલ પ્રકાશભાઈ, ઉપસરપંચ દેસાઈ ઈશ્વરભાઈ, પંચાયતના સભ્યો, તલાટી સંદીપભાઈ પટેલ વગેરે સર્વેની કામગીરીમાં જોડાયા હતા અને પંચાયત ઓફિસમાં ખેડુતોને વરસાદથી ધોવાણ થયેલા પાકોનું વળતર મળશે તેમ જણાવેલ.

## વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પાલનપુર** | | ગવાર | ૫૯૦ | એરંડા | ૮૬૧-૯૧૯ |
| એરંડા | ૮૮૧-૯૧૧ | ઘઉં | ૩૦૫-૩૨૦ | ગવાર | ૬૫૦-૭૦૫ |
| રાયડો | ૬૬૭-૬૭૫ | બાજરી | ૨૨૫-૨૫૫ | જુવાર | ૬૦૦-૮૫૦ |
| જુવાર | ૭૫૦-૮૦૦ | જુવાર | ૪૩૦-૫૨૦ | ઘઉં | ૩૨૨-૩૬૫ |
| ઘઉં | ૩૧૪-૩૩૦ | બંટી | ૧૦૦૦-૧૦૮૪ | રાયડો | ૬૩૫-૬૭૫ |
| બાજરી | ૨૦૮-૨૬૬ | **ધાનેરા** | | **પાટણ** | |
| મગફળી | ૫૩૧-૭૯૨ | એરંડા | ૮૬૩-૮૮૫ | જીરૂ | ૨૨૦૦-૩૪૦૧ |
| રાજગરો | ૬૪૦-૮૪૦ | રાયડો | ૬૪૦-૬૬૦ | વરીયાળી | ૮૩૬-૯૭૦ |
| **વડગામ** | | ઈસ. | ૧૮૦૦ | મેથી | ૪૪૦-૪૬૧ |
| એરંડા | ૮૯૦-૮૯૮ | જીરૂ | ૩૨૦૦-૩૩૮૯ | સુવા | ૫૦૦-૯૪૧ |
| ગવાર | ૭૩૧ | રાજગરો | ૭૪૫-૭૮૦ | રાયડો | ૬૨૫-૬૭૭ |
| ઘઉં | ૩૦૬ | બાજરી | ૨૬૨ | એરંડા | ૮૭૫-૯૨૦ |
| બાજરી | ૨૩૩-૨૫૪ | ઘઉં | ૨૯૨-૩૦૪ | ઘઉં | ૩૧૬-૩૫૬ |
| **થરા** | | ગવાર | ૬૪૯ | બાજરી | ૨૩૫-૨૭૧ |
| જીરૂ | ૩૩૬૨-૩૩૮૦ | **સિદ્ધપુર** | | અડદ | ૬૯૦ |
| એરંડા | ૮૫૦-૮૫૫ | બાજરી | ૨૦૫-૨૭૪ | ગવાર | ૬૮૫-૭૧૫ |

## ઉંઝા નજીકના શીહી ગામે કાર અને બાઈક અથડાતા બાઈક સવાર બે વ્યક્તિઓના મોત

ઉંઝા

ઉંઝા નજીક પાટણ રોડ પર આવેલ શીહી ગામે સ્કોર્પિયો કાર અને બાઈક વચ્ચે ગોઝારો અકસ્માત થતાં બાઈક સવાર બે વ્યક્તિઓના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા.

વિગત એવી છે કે, મુળ બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના ચેહલા ગામના વતની રામજીભાઈ અમથાભાઈ ગોરાખા (બ્રાહ્મણ) છેલ્લા ૧૫ વર્ષથી ઉંઝા નજીક સૂરજનગર ગામે રસોઈયા તરીકે કામ કરતા હોઈ ગઈ રાત્રે ઉંઝા નજીકના સગા પિતાંબરભાઈ રતનભાઈ વ્યાસ રહે.ચાંગા તા.સૂઈગામ જી.બનાસકાંઠાવાળા મળવા માટે આવ્યા હતા.દરમ્યાન સવારે આ બંને જણા મોટર સાઈકલ પર ઉંઝા જવા નીકળ્યા હતા.ત્યારે માર્ગમાં શિહી ગામે ગોગા મહારાજના મંદિર પાસે સામેથી આવતી સ્કોર્પિયો કાર નંબર જી.જે.૯. બી.૯૪૯૯ અથડાતાં બાઈક પર સવાર બંને વ્યક્તિઓના ઘટના સ્થળ પર જ કરૂણ મોત નિપજ્યા હતા.મોટર કારની નંબર પ્લેટ પર વિરોધ પક્ષના નેતા ખેડા જી.પં.નડીયાદ લખેલું હતું.આ ગોઝારા અકસ્માત મૃતકોના પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી.

આ બાનવ અંગે ઉનાવા પોલીસે મોટરકારના ચાલક વિરૂધ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

## મોઢેરા આરોગ્ય કેન્દ્રના કર્મચારીને સ્વાઈનફલુના લક્ષણો જણાતા અમદાવાદ ખસેડાયા

ચાણસ્મા

સમગ્ર ગુજરાતમાં સ્વાઈનફલુ રોગચાળાએ લોકોને ભરડામાં લીધા છે.ત્યારે અત્યાર સુધીમાં ગુ-જરાતમાં ૨૫૦ કરતાં પણ વધારે લોકો મોતને ભેટ્યા છે.હવે શહેરી વિસ્તારોમાં થઈ ગ્રામ્યવિસ્તારો સુધી સ્વાઈન ફલુએ તેની જાળ બિછાવી દીધી છે.બેચરાજી તાલુકામાં પણ મોઢેરા ગામે સ્વાઈનફલુના ૨ પોઝેટીવ કેસ બનવા પામ્યા છે.જેમાં એક દર્દીને હાલમાં સારવાર અપાઈ રહી છે.જ્યારે ૧ કિશોરનું મોત નિપજતાં જિલ્લાનું આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયું છે.

જાણવા મળે છે તે મુજબ મોઢેરા ગામના વતની અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આદિવાડામાં ફરજ બજાવતા યોગેન્દ્ર હરજીભાઈ રાઠોડ ઉ.વ.૩૨ ને શંકાસ્પદ સ્વાઈનફલુનો કેસ જણાતાં તેઓને મહેસાણા અને અમદાવાદ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.તાજેતરમાં પૂરગ્રસ્ત ધાનેરા ખાતે તેઓને ફરજ ઉપર મુકવામા આવ્યા હતા ત્યારે સ્વાઈન ફલુના લક્ષણો જણાતાં તેમનો રિપોર્ટ પોઝેટીવ આવતાં અમદાવાદ ખાતે સારવાર આપવામાં આવી રહી છે.

મોઢેરા ગામના સૂર્યસિંહ સિધ્ધરાજસિંહ સોલંકી ઉ.વ. આશરે.૨ ને સ્વાઈનફલુની અસર થતાં તેને મહેસાણા ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.જ્યાં તેની સ્થિતિ વધુ ગંભીર જણાતાં અમદાવાદ ખાતે એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.જેનુ સારવાર દરમ્યાન ગઈકાલે અવસાન થયું હતું.આમ બહુચરાજી તાલુકાના મોઢેરા ગામે સ્વાઈનફલુના ૨ દર્દીઓ બહાર આવ્યા હતા.અને આ બનાવની જાણ થતાં સ્થાનિક અને જિલ્લાનું આરોગ્યતંત્ર દોડતું થઈ ગયું હતું.હવે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં પણ સ્વાઈનફલુના રોગે દેખા દીધી છે ત્યારે આરોગ્યતંત્રએ વધુ તકેદારીનાં પગલાં લેવાની જરૂર છે.

## રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગે સાબરકાંઠા જિલ્લાની મુલાકાત લીધી



હિંમતનગર

ભારત સરકારના સફાઇ કર્મચારીઓ માટેના રાષ્ટ્રીય અયોગ (નેશનલ કમિશન ફોરસફાઇ કર્મચારીઝ) ના ચેરમેન મનહરભાઇ ઝાલાએ ઇડર પીટીસી કોલેજ ખાતેસાબરકાંઠા જિલ્લાના સફાઇ કર્મચારીઓના વિવિધ પ્રશ્નો અને રજૂઆતો સાંભળી તેમનેયોગ્ય નિકાલ કરવા તાકીદ કરી હતી.આયોગના ચેરમેનમનહરભાઇ ઝાલાએ રાષ્ટ્રીય સફાઇ કર્મચારીઝ આયોગની કામગીરીની વિગતો આપતાં જણાવ્યું હતું કે જે સફાઇ કર્મચારીઓની સમસ્યા, સફાઇકર્મીઓના કામની જગાએ સુવિધા, સફાઇ કર્મીઓના બાળકોની શિક્ષણની સમસ્યાઓજાણી તેને સમાધાન કરાવવાનું કાર્ય કરે છે. સફાઇ કર્મીઓના હક્કો અને અધિકારીઓમાટે આયોગ હંમેશા પ્રયત્નશીલ છે.ચેરમેન શ્રીએ મહાનગરોમાં સફાઇકર્મીઓને અપાતી સવલતો જેવી કે ચેઇન્જીંગરૂમ બનાવવાની પહેલ કરવાની સાથે સફાઇ કર્મીઓને સવારે ચા-નાસ્તો તેમજ રાહતદરે ભોજન મળે તેવી વ્યવસ્થા સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓના સહયોગથી ઉભીકરવામાં માટે અનુરોધ કર્યો હતો.કરોડો નાગરિકોના સ્વાસ્થ્યનું રક્ષણ સફાઇ કર્મીઓ કરી રહ્યા છે એવી લાગણી વ્યક્ત કરતા સફાઇ કર્મીઓને સ્વાસ્થ્ય રક્ષક અથવા સફાઇના દૂતને યોગ્ય ન્યાયઆપવા માટે માનવીય અભિગમ સહ સંવેદનતાથી અધિકારીઓ કાર્ય કરે તે ખૂબ જઇચ્છનીય છે. તેમ જણાવી તેઓએ ઇડર,હિંમતનગર, ખેડબ્રહ્મા અને પ્રાંતિજનાવાલ્મીકીભાઇઓ સાથે ચર્ચા કરી તેમનાપ્રશ્નોનો યોગ્ય નિરાકરણ માટે ઘટતુ સત્વરે થશેતેવી ખાત્રી આપી હતી.જિલ્લા સમાહર્તા પી. સ્વરૂપે જિલ્લામાં સફાઇ કર્મીઓને લગતી વિવિધ યોજનાઓની જાણકારી આપવા જનજાગૃતિ શિબિરો યોજવા તેમજ તેમના સ્વાસ્થ્યની ચકાસણી માટે સમયાંતરે આરોગ્ય ચકાસણી કેમ્પ યોજવા અંગેની બાંહેધરી આપી હતી.

## રાધનપુર તાલુકામાં સહાય પહોંચાડવા ટ્રેક્ટરનો સહારો



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના નદીકાંઠાના ગામોમાં બનાસ નદીના વિનાશક પૂરે વિનાશ વેર્યા બાદ સહાય પહોંચાડવા અનેક સંસ્થાઓ અને દાતાઓ આગળ આવ્યા છે. ભારત વિકાસ પરિષદ અને રોટરી ક્લબ દ્વારા ધોળકડા ગામે ૧૫૦ અનાજની કીટ, ૧૫૦ ધાબળા, ૨૦ ગાદલા, ૨૦૦ પગરખા અને બાળકોને નમકીન- બિસ્કીટ પહોંચાડવામાં આવ્યા હતા. કમલેશભાઈ તન્ના, કપિલભાઈ અખાણી અને મૃગેશભાઈ ઠક્કરે પોતાના પરિવાર સાથે સહાય પહોંચાડવા ગયા હતા. પરંતુ રસ્તાઓ બિસ્માર બની ગયા હોવાથી મહિલાઓ સહિતે ટ્રેક્ટરનો ઉપયોગ કરીને ધોળકડા ગામે પહોંચવુ પડ્યું હતું જે પ્રશંસનીય છે.

## રાધનપુરમાં કાશી વિશ્વનાથ મહાદેવના મંદિરે હવન કરાયો



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર શહેરમાં વડપાસર તળાવના સામે કાંઠે આવેલા ઐતિહાસિક કાશી વિશ્વનાથ મહાદેવના મંદિરે સોમવારે સોમવતી અમાસ હોવાથી હવનનું આયોજન કરવામાં આવ્યું હતું.પાલિકાના ઉપપ્રમુખ અરવિંદભાઈ તન્ના, રાજુભાઈ પંચાલ અને કમલેશભાઈ પટેલે હવનમાં આહૂતિ આપવાનો લાભ લીધો હતો.આ પવિત્ર પ્રસંગે અસંખ્ય ભાવિકોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## પાટણ જિલ્લામાં ખેલમહાકુંભ-૨૦૧૭નું આયોજન

પાટણ

ગુજરાત સરકારશ્રીના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરની પ્રેરણાથી, સ્પોર્ટ્સઓથોરીટી ઓફ ગુજરાત અને જીલ્લા વહીવટી તંત્ર, પાટણ દ્વારા આયોજિત અને જીલ્લા રમત ગમત અધિકારીની કચેરી, પાટણ દ્વારા સંચાલિત ખેલ મહાકુંભ-૨૦૧૭ની સ્પર્ધાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.રાજ્યકક્ષાએ ચાલુ વર્ષે શ્રી વિજયભાઈ રૂપાણી મુખ્યમંત્રી ગુજરાત રાજ્યની પ્રેરણાથી અને રાજેન્દ્ર ત્રિવેદી મંત્રીશ્રી રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના માર્ગદર્શન નીચેયોજાનાર ખેલમહાકુંભ-૨૦૧૭ની જીલ્લા કક્ષાની અમલીકરણ સમિતિમાં પાટણના જિલ્લા કલેકટર આનંદ પટેલના અધ્યક્ષપણા હેઠળ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ રાજયગુરૂના ઉપાધ્યક્ષપણા નીચે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અશ્વિન ચૌહાણ, જીલ્લા શિક્ષણાધિકારીશ્રી એસ.કે.વ્યાસ, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જે.જી. પંડ્યા, સિનિયર કોચ બી. બુંદેલાના સભ્યપદે તથા જીલ્લા રમત ગમત અધિકારી વીરેન્દ્ર પટેલના સભ્ય સચિવ પદે પાટણ જીલ્લાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે, આસમિતિ સમગ્ર ખેલમહાકુંભ-૨૦૧૭ નું જીલ્લા સ્તરે અમલીકરણ નિયંત્રણ તેમજ આયોજન અને સમગ્રવહીવટ અંગેની કાર્યવાહી કરશે. આ રમતોત્સવમાં શાળામાં ભણતા નહિ ભણતા તમામ નાગરિકો માટે રમતોત્સવ યોજાનાર છે. જેમાં દરેક વ્યક્તિની અંદર વિવિધ પ્રકારની ટેકનિક અને કૌશલ્ય છુપાયેલ હોય છે. શાળા/ સંસ્થામાં આવી પ્રતિભા હોય જ.પરંતુ તેઓ આ પ્રવૃતિઓથી અજાણ હોય કે આર્થિક પરિસ્થિતિનેકારણે ભાગ લેવાથી વંચિત રહેતા હોય તો તેઓને વ્યાયામ શિક્ષકશ્રી, આચાર્યશ્રીઓ, સ્વૈછિક સંસ્થાના પ્રમુખશ્રીઓ અને સમાજના અગ્રણીઓએ આ પ્રવૃતિઓનો ખ્યાલ આપી તેમની છુપાયેલ પ્રતિભા બહાર લાવવાના પ્રયત્નો કરી યોગ્ય માર્ગદર્શન આપી આ જીલ્લાના ખેલાડીઓ ખેલમહાકુંભ-૨૦૧૭ની ૩૧ રમતોપૈકી જે રમતમાં ખેલાડીનો શ્રેષ્ઠ દેખાવ હોય તે રમતમાં ભાગ લેવડાવી રાજયકક્ષાએ યોજાનાર સ્પર્ધામાંપાટણ જીલ્લાનું પ્રતિનિધિત્વ કરી વિજયી થઈ પાટણ જીલ્લાનું નામ રોશન કરી ગુજરાતના નકશા પર પાટણની એક અલગ પ્રતિભા ઉપસાવવા માટે દ્રઢ સંકલ્પ સાથે આપણે સૌ સહિયારો પ્રયાસ કરીએ. પાટણ જિલ્લામાં ખેલમહાકુંભ-૨૦૧૭ની ગ્રામ્યકક્ષાની સ્પર્ધાઓ તાલુકાકક્ષાની સ્પર્ધાઓ તા. ૨૪/૦૮/૨૦૧૭ થી તા. ૨૮/૦૮/૨૦૧૭ દરમ્યાન યોજાશે. જેમાં ચેસ,યોગાસન, કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, શુટિંગ બોલ, રસ્સાખેંચ, એથલેટીક્સ જેવી રમતોનીસ્પર્ધાઓ યોજવામાં આવશે. ત્યારબાદ જિલ્લાકક્ષાની સ્પર્ધાઓ તા. ૨૯/૦૮/૨૦૧૭ થી તા. ૧૧/૦૯/૨૦૧૭ દરમ્યાન યોજાશે. જેમાં ફૂટબોલ, હોકી, સ્વીમીંગ, હેન્ડબોલ, બાસ્કેટબોલ, જુડો, ટેકવાન્ડો, કુસ્તી, આર્ચરી, ટેનીસ, ટેબલ ટેનીસ, બેડમિન્ટન, ચેસ, યોગાસન,શુટિંગબોલ, સ્કેટિંગ, એથલેટીક્સ, વોલીબોલ, કબડ્ડી, રસ્સાખેંચ, ખો-ખો જેવી રમતોની સ્પર્ધાઓ યોજવામાં આવશે.

## પાટણ ખાતે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ચેરમેને સફાઈ કર્મચારીઓના પ્રશ્નો સાંભળ્યા



પાટણ

ભારત સરકારના રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ચેરમેન મનહરભાઈ ઝાલાએ પૂરગ્રસ્ત પાટણ જિલ્લાની મુલાકાત લઈ સફાઈ કર્મચારીઓના પ્રશ્નો સાંભળ્યા હતા, તેઓએ પાટણ સર્કિટ હાઉસ ખાતેના કોન્ફરન્સ હોલમાં સાંસદ લીલાધરભાઈ વાઘેલા, ધારાસભ્ય અને સંસદીય સચિવ રણછોડભાઈ દેસાઈ, કલેક્ટર આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરુ, સમાજ કલ્યાણ અધિકારી જ્યોત્સનાબેન સોલંકી, જિલ્લાની તમામ નગરપાલિકાના ચીફ ઓફિસરો, સફાઈ કામદાર મંડળોના આગેવાનો અને વાલ્મિકી સમાજના આગેવાનો સાથે બેઠક યોજીહતી, જ્યાં વહીવટી તંત્ર અને સફાઈ કામદાર મંડળોના આગેવાનોએ તેમનું સન્માન સ્વાગત કર્યું હતું, ત્યારબાદ તેમના પ્રશ્નો સાંભળ્યા હતા, જેમાં તેમને મળતા પગારની નિયમિતતા, નિવૃત્તિ પછીના લાભો, વારસદારીના પ્રશ્નો, તેમના આરોગ્યની ચકાસણી, બાળકોના અભ્યાસ, આવાસ યોજનાના લાભો ઉપરાંતજિલ્લાના શહેરી મથકોએ સમાજવાડી નિર્માણ કરાવવાની દિશામાં ચર્ચા કરી આ બાબતે વહીવટી તંત્રના અધિકારીઓ સાથે વિચાર વિમર્શ કર્યો હતો અને યોગ્ય દિશામાં આ પ્રશ્નોનું નિરાકરણ લાવવા સરકારમાં આયોગ મારફતે ભલામણ કરવાની ખાતરી આપી હતી,આ પ્રસંગે મનહર ઝાલાએ જણાવ્યું હતું કે, દેશમાં એક સરહદ પર સીમાનો પ્રહરી બનતો સૈનિકઅને બીજા સફાઈ કામદાર કે જે દેશમાં આરોગ્ય સાચવવાનું કામ કરે છે, તેને સન્માન મળવું જોઈએ તેમજણાવી તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ખુદ ઝાડુ પકડી સફાઈ અભિયાન શરુ કરાવ્યું તેમને લાખલાખ અભિનંદન આપ્યા હતા અને આ બાબતને સફાઈ કામદાર સમાજનું ગૌરવ જણાવ્યું હતું, દેશમાંપ્રથમ એવા વડાપ્રધાન છે જેમણે આ રીતે હાથમાં ઝાડુ પકડી આ અભિયાનને દેશવ્યાપી બનાવ્યું છે, સફાઈ કામ સાથે જોડાયેલા તમામ પરિવારો પણ પ્રધાનમંત્રીના રૂપિયા ૧૨ અને ૩૩૦ નું પ્રીમિયમ ભરી વીમાકવચનો લાભ લે અને તે પ્રકારેનું આયોજન ગોઠવાય તે જણાવ્યું હતું, જેમની સાથે સફાઈ કર્મચારીનેલઘુત્તમ વેતન પ્રમાણે મહેનતાણું ચૂકવાય છે કે નહિ તે પણ પૂછ્યું હતું, ઉપરાંત આ સમાજ જયારે સમગ્રગામ શહેર ની સ્વચ્છતાની જવાબદારી સ્વીકારે છે, ત્યારે અધિકારી અને પદાધિકારી પણ તેમના વાલી બની ચિંતા કરે તેમજ સરકારની કલ્યાણકારી યોજનાનો લાભ તેમના પરિજનો સુધી પહોંચે તેવા પ્રયત્નો કરવાનું સૂચન કર્યું હતું,આ પ્રસંગે ઉપસ્થિત રાજયના સંસદીય સચિવ રણછોડભાઈ દેસાઈએ જિલ્લામાં સફાઈ કર્મચારીઓનો સેલ ઉભો કરી સમયાંતરે તેમના પ્રશ્નો સરકાર સમક્ષ મુકાશે તો તેનો યોગ્ય સમાધાન થશે તેમજણાવી, રાજ્યમાં આ અંગેની પહેલ પાટણ જિલ્લો કરે તેવો દિશા નિર્દેશ અધિકારીઓ અને આગેવાનોને કર્યો હતો, જેનો તંત્રના અધિકારીઓએ હકારાત્મક પ્રત્યુત્તર કરતા આગામી સમયમાં પાટણ જિલ્લો આ અંગેની પહેલ કરશે,

## લોર્ડ ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સમાં પ્રાથમિક વિભાગની વાલીમીટીંગ યોજાઈ



પાટણ

પાટણની લોર્ડ ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સ ખાતે વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના પ્રમુખ દિનાબેન પટેલની ઉપસ્થિતિમાં બહોળી સંખ્યામાં વાલી હાજર રહી તેમના બાળકોના શિક્ષણ અંગે વિચાર ગોષ્ઠી કરી હતી. ગતરોજ દિનાંક ૨૦/૮/૨૦૧૭ ને રવિવારે સવારે ૮:૦૦ કલાકે ધોરણ ૧ થી ૫ અને ૬-૭ વિમર્શ વ્યક્ત કર્યો હતો. વાલીમિટીંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ શિક્ષકોનો પરિચય શાળાના સુપરવાઈઝર મુકેશભાઈ પટેલે આપ્યો હતો. આ પ્રસંગે શાળાના મેનેજીંગ ડિરેક્ટર અમિતભાઈ પટેલે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અર્થે શાળામાં થઈ રહેલા કાર્યો અંગે જાણકારી આપી હતી. આ પ્રસંગે શાળાના પ્રમુખ દિનાબેન પટેલે વિદ્યાર્થીઓ અંગે વાલીઓને વધુ સજાગ રહી શાળાના સહિયારા પ્રયાસથી ઉચ્ચ શિખર પર પહોંચાડવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે શાળાના પ્રાથમિક વિભાગના આચાર્ય જગદીશચંદ્ર પંચાલે વાલીઓને બાળકના કાર્યો અંગે માહિતગાર કર્યા હતા. શાળાના સર્વે શિક્ષકમિત્રો તેમજ નોનટીચીંગ સ્ટાફના સહયોગથી વાલી મિટીંગ સફળતાપૂર્વક સંપન્ન થવા પામી હતી.

## રાધનપુરમાં વીસ દિવસ બાદ વરસાદી પાણીનો નિકાલ



કમલ ચક્રવર્તી

પ્રતિ. રાધનપુર

રાધનપુર શહેરમાં ભારે વરસાદ અને બનાસનદીમાં આવેલા પૂરને કારણે ચારે બાજુ પાણી ભરાઈ ગયા હતા.ઉપરાંત નદીકાંઠાના ઉપરવાસના ગામોના પાણીનો ધોધ પણ રાધનપુર શહેરમાં થઈને વહ્યો હતો.હાઈવે વિસ્તારોમા પાણી જ પાણી હતા આજે પણ અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયેલા હોવાથી મશીનો મુકીને પાણીનો નિકાલ વીસ દિવસ બાદ પણ થઈ રહ્યો હોવા છતાં પાણી ખૂટતાં નથી.કેટલાક વિસ્તારોમાં તો વરસાદી પાણી પુષ્કળ પ્રમાણમાં ભરાયેલા નજરે પડે છે.

### ડીસા સહિત જિલ્લાના શિવાલયોમાં

# યજ્ઞોની સાથે ધાર્મિક માહોલમાં પવિત્ર શ્રાવણ માસની પૂર્ણાહુતિ

**સોમવતી અમાસનો સમન્વય સધાતા શિવભક્તોમાં અનેરો આનંદ છવાયો**



ડીસા

જીવમાત્રનું કલ્યાણ કરનાર ભોળાનાથની આરાધનાનું મહત્વ ધરાવતો શ્રાવણ માસ ગઈકાલે પૂર્ણ થતા અનેક સ્થળ પર યજ્ઞો સહિતની વિવિધ ધાર્મિક વિધિવિધાન થતા સમગ્ર જિલ્લામાં ધાર્મિક માહોલ છવાયો હતો.

શ્રાવણ માસના અંતિમ દિવસે સોમવાર આવતા સોમવતી અમાસનો સુલભ સંયોગ સધાતા શિવભક્તોમાં ઉત્સાહ બેવડાયો હતો. શ્રાવણ માસની પૂર્ણાહુતિ પ્રસંગે અનેક શિવાલયોમાં યજ્ઞનું આયોજન થયું હતું. જેમાં બ્રાહ્મણોને દક્ષિણા અને ભોજન પ્રસાદ કરાવ્યા હતા. જિલ્લાના ગામડાઓમાં પણ સમગ્ર ગ્રામજનો દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં સળંગ પૂજા- અર્ચના કર્યા બાદ અંતિમ દિવસે ગ્રામજનો દ્વારા શિવાલયોમાં યજ્ઞ કરી પવિત્ર શ્રાવણની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લાના અનેક ઐતિહાસિક શિવાલયોમાં શ્રાવણ માસના અંતિમ દિવસે મેળા જેવો માહોલ સર્જાયો હતો. લોકોએ શ્રાવણ માસના અંતિમ દિવસે ઓમ નમ: શિવાયના નાદ સાથે ભાવિકોએ શિવલિંગ પર અભિષેક

અનુસંધાન પાના નં.૬

### ભાભર તાલુકાને અતિવૃષ્ટિમાં થયેલ નુકશાનનું વળતર ચુકવવા કોંગ્રેસે આવેદનપત્ર આપ્યું



વનરાજસિંહ રાઠોડ

**કુદરતી આફતમાં પણ ભેદભાવ કરાતો હોવાનો આક્ષેપ**

તા.પ્રતિનિધિ ભાભર

તાજેતરમાં બનાસકાંઠા જિલ્લા સહિત ભાભર તાલુકામાં વધુ વરસાદથી અતિવૃષ્ટિનું નિર્માણ થયું હતું.તેમાં અનેક મકાનો ધરાશાઈ થઈ ગયા, ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો, જમીન ધોવાણ થયું, પશુઓ મરી ગયા અને ઘરોમાં વરસાદી પાણી ઘુસી જતા ભારે નુકશાન થવા પામ્યું હતું.તેમ છતાં સરકાર દ્વારા સહાય ચુકવવામાં વહાલા દવાલાની નિતી ભર્યું વર્તન કરાતું હોવાના આક્ષેપ સાથે સોમવારે કોંગ્રેસ અગ્રણી ગેનીબેન ઠાકોર અને શહેર કોંગ્રેસ પ્રમુખ મહેશસિંહ રાઠોડની આગેવાની હેઠળ ભાભર તાલુકાને અતિવૃષ્ટિમાં થયેલ નુકશાનનું વળતર આપવા આવેદન પત્ર આપવામાં આવ્યુ હતું. કોંગ્રેસ

અનુસંધાન પાના નં.૬

### પાલનપુર-અમદાવાદ હાઈ-વે ઉપરની ઘટના

# છાપી હાઈ-વે પાસે હોટલ ઉપર ઉભેલી છ ટ્રકોમાં ચોરી

**રૂ.૬૦ હજાર રોકડા, એટી.એમ.કાર્ડ, લાયસન્સ, ચેકો સહિત અન્ય દસ્તાવેજોની ઉઠાંતરી**

પ્રતિનિધિ છાપી

પાલનપુર-અમદાવાદ હાઈ-વે ઉપર છાપી નજીક આવેલી એક હોટલ ઉપર ટ્રકચાલકો રાત્રિ વિશ્રામ કરતા હતા તે દરમ્યાન રવિવારની મોડી રાત્રે એક સાથે છ ટ્રકોમાં ચોરી કરી તસ્કરો પલાયન થઈ જતાં વાહન ચાલકો સહિત પંથકમાં ભયનો માહોલ સર્જાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ વડગામના છાપી નજીક મજાદર હાઈ-વે ઉપર આવેલી હોટલ આર્શીવાદ ઉપર રાત્રી દરમ્યાન હાઈ-વેથી પસાર થતી ટ્રકો જમવા તેમજ વિશ્રામ કરવા ઉભી રહી હતી તે દરમ્યાન રાત્રિના સમયનો લાભ ઉઠાવીને તસ્કરો કુલ છ ટ્રકોમાંથી રોકડા તેમજ જરૂરી દસ્તાવેજો ઉઠાવી ગયા હતા.જેને લઈ ટ્રક ચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.આ ઘટનાની જાણકારી આપતા ટ્રક નંબર RJ-





(સુરેશ અગ્રવાલ

19-GD-0360 ના માલિકે ગીરધારીલાલ બિશ્નોઈ(રહે.જોધપુર)જણાવ્યું હતું કે રવિવારની રાત્રે લગભગ ૧૫ જેટલી ટ્રકો હોટલ આર્શીવાદ ઉપર રોકાઈ હતી જેમાંથી પોતાની ટ્રકમાંથી રોકડા ૩૭ હજાર તેમજ લાયસન્સ, એટીએમ કાર્ડ, ચેકો ઉઠાવી ગયા હતા જ્યારે ટ્રક નંબર GJ-21-G-3178 માંથી રોકડા ૧૩ હજાર અને અન્ય દસ્તાવેજો તેમજ ટ્રક નંબર GJ-12-BT-1226 માંથી રૂા.૧૦ હજાર રોકડા તેમજ દસ્તાવેજોની ચોરી થઈ હતી જ્યારે અન્ય ત્રણ ટ્રકોમાંથી પણ રોકડની ચોરી થઈ

અનુસંધાન પાના નં.૬

**હોટલ કર્મી શંકાના દાયરામાં**

એક સાથે છ ટ્રકોમાં ચોરીની ઘટના બાદ પિડીત ટ્રક ચાલકોએ હોટલ સંચાલકને વોચમેનને બોલાવવા જણાવતાં હોટલ સંચાલકે વોચમેનને બોલાવવાનો ઈન્કાર કરી પિડીત ટ્રક ચાલકો ઉપર ફરીયાદ કરવાની ધમકી આપી હતી.જેથી હોટલનો રાત્રિ સ્ટાફ અને વોચમેન શંકાના દાયરામાં હોવાનું જાણવા મળે છે.

### સોમવતી અમાસે શ્રાવણનું સમાપન

# પાલનપુરના શિવાલયો ૐ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠ્યા





(સંજય જોષી)

પાલનપુર

પવિત્ર શ્રાવણ માસનું સમાપન સોમવતી અમાસે થતા શિવભક્તોનો હરખ બેવડાઈ ગયો હતો. છેલ્લા સોમવાર નિમિત્તે બનાસકાંઠામા ઠેરઠેર શિવાલયો હર હર મહાદેવ ના નાદથી ગુંજી ઉઠ્યા હતા. પવિત્ર શ્રાવણ માસ પુર્ણ થઈ રહ્યો છે. આજે શ્રાવણ માસનો છેલ્લો સોમવાર અને સોમવતી અમાસનો અનેરો સંગમ થતા ઠેર- ઠેર શિવાલયો "હર હર મહાદેવ"ના નાદથી ગુંજી ઉઠ્યા હતા. સમગ્ર માસ દરમિયાન ભોળાનાથની ભક્તિ કરી લીન બનેલા ભક્તો માટે કેટલાક મંદિરો મા વિશેષ પૂજા સાથે હોમ-હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. પાલનપુરના શિવાલયો ખાતે ભક્તિનું ઘોડાપૂર ઉમટ્યું હતું. પાલનપુરના પૌરાણિક પાતાળેશ્વર મહાદેવ મંદિરમાં પણ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. મંદિર દ્વારા ભક્તો માટે ભોજન પ્રસાદ નુ આયોજન કરવામાં આવ્યું હતું જેનો લ્હાવો ભક્તોએ હોંશે હોંશે લીધો હતો.

# ડીસા પંથકમાં વરસાદી માહોલ વચ્ચે અસહ્ય ઉકળાટથી પ્રજાજનો ત્રસ્ત

ડીસા

ડીસા સહિત જિલ્લામાં ફરી મેઘરાજાની પધરામણી થતા રવિવારે અનેક સ્થળો પર વરસાદ થયો હતો. પણ ત્યારબાદ સોમવારના વહેલી સવારેથી ઉઘાડ નીકળતા સુરજદેવ તપવા લાગતા ભારે ઉકળાટ અને ગરમીના કારણે પ્રજાજનો પણ તોબા પોકારી ઉઠ્યા હતા. જિલ્લામાં એક માસ અગાઉ અતિવૃષ્ટિના પગલે અસ્તવ્યસ્ત બનેલુ જનજીવન પુનઃ થાળે પડી રહ્યું છે. ત્યારે ફરી હવામાન વિભાગ દ્વારા થયેલી આગાહી મુજબ જિલ્લામાં ભારે વરસાદની શક્યતાઓ રહેલી છે. ત્યારે રવિવારના દિવસે જિલ્લાના અનેક ભાગોમાં ભારે વરસાદી ઝાપટાઓ શરૂ થયા હતા પણ ત્યારબાદ વરસાદે વિરામ લીધો હતો અને ઉઘાડ નિકળતા સૂર્યના પ્રખર તેજના કારણે ઉંચા ઉષ્ણતામાન અને ભેજના ઉંચા પ્રમાણને કારણે અસહ્ય ગરમી અને ઉકળાટના પગલે પ્રજાજનો ત્રસ્ત બન્યા હતા ત્યારે બીજી બાજુ વરસાદી



નરસિંહ દેસાઈ

સિસ્ટમ સક્રિય હોવાથી જિલ્લામાં આગામી દિવસોએ પણ વરસાદની શક્યતાઓ જોવાઈ રહી છે.

**ડેમની આજની સ્થિતિ...**

| ડેમ | આવક (કયુસેકમાં) | જાવક (કયુસેકમાં) | સપાટી (ફુટમાં) |
|---|---|---|---|
| દાંતીવાડા | ૧૨૦૮ | ૧૪૩૭ | ૬૦૧.૯૦ |
| સીપુ | ૧૮૯ | ૦ | ૬૦૮.૭૫ |
| મુક્તેશ્વર | ૨૫૦ | ૨૦૦ | ૬૬૦.૮૫ |

### પૂ.ગચ્છાધિપતિશ્રી નિત્યસેનસુરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં

# અમદાવાદ મીઠાખળી ખાતે ૨૪૦ માસ ક્ષમણ અને ૩૦૦ અઠ્ઠઈ તપની આરાધના

ડીસા

થરાદ ત્રિસ્તુતિક જૈન સંઘ અમદાવાદ મીઠાખળી ખાતે પ.પૂ.પુણ્ય સમ્રાટ જયન્તસેન સુરીશ્વરજી મ.સા.ના પટ્ટધર પૂ.ગચ્છાધિપતિ શ્રી નિત્યસેન સુરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં ૨૪૦ તપસ્વીઓના માસક્ષમણ અને ૩૦૦ થી પણ વધુ અઠ્ઠઈ તપની આરાધના થઈ રહી છે. જેમાં આઠ વર્ષનાં બાળકથી લઈ ૭૫ વર્ષના વૃદ્ધોએ આરાધના કરી છે.

અમદાવાદના આંગણે ૨૭ વર્ષ પૂજ્ય ગચ્છાધિપતિશ્રી નિત્યસેન સુરીશ્વરજી મ.સા.ના ચાતુર્માસનો લાભ મળ્યો હોઈ મીઠાખળી પૂણ્ય સમ્રાટ પ્રવચન મંડળમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જ્યાં પૂજ્યશ્રીની નિશ્રામા ૨૪૦ તપસ્વીઓએ માસક્ષમણ (૩૦ અને તેનાથી વધુ ઉપવાસ) ની આરાધના કરી છે. ઉપરાંત અઠ્ઠઈ તપ અને ઉપરની તપસ્યા પણ ૩૦૦ થી વધુ થનાર છે. જેમાં અઠ્ઠઈ તપ સહિતના ૩૦૦ જેટલા શ્રાવક, શ્રાવિકાઓ અને વ્યાપકોએ તપ કર્યા છે. જ્યારે તપસ્યાના પારણા રિવરફ્રન્ટ ખાતે રાખવામાં આવ્યા છે. થરાદ ત્રિસ્તુતિક જૈન સંઘ અમદાવાદ ખાતે તપસ્વીના પારણાનો લાભ અને ત્રણ ટાઈમ ભક્તિનો લાભ વોહેરા હિરાલાલ શામજીભાઈ પરિવારે લીધો છે. લાભાર્થી પરિવારના સુપુત્રો પ્રવિણભાઈ, ચંપકભાઈ, શશીભાઈ, અશોકભાઈ, ટીકુભાઈ પરિવારે લીધો છે. જ્યારે તપસ્વીઓના બુહમાનનો લાભ વોહેરા મથુરીબેન ચીમનલાલ પરિવાર તેમજ તેમના સુપુત્રો મહેન્દ્રભાઈએ લીધો છે. તેમજ માસ ક્ષમણના લાભાર્થી તરીકે આ પરિવારે લાભ લીધો છે.

# ભાભર તાલુકાના મીઠા ગામના યુવાનનું વાહનની ટક્કરે મોત થતાં અરેટારી

**સવારે દૂધ ડેરીમાં બાઈક ઉપર દૂધ ભરાવવા જતાં ભાભર - મીઠા હાઈ-વે ઉપર અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી**



વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ભાભર તાલુકાના મીઠા ગામના યુવાનનું સવારે દૂધ ડેરીમાં દૂધ ભરાવવા જતાં અજાણ્યા વાહનની ટક્કરે મોત થતાં ગામમાં અરેટારી છવાઈ ગઈ છે.

મીઠા ગામનો યુવાન ગુલાબ લખમણભાઈ ઠાકોર ઉ.વ.૩૮ નામનો ખેડૂત પુત્ર ગામમાં આવેલી ડેરીમાં ખેતરેથી દૂધ ભરાવવા પોતાના બાઈક ઉપર આવી રહ્યો હતો.ત્યારે ભાભર-મીઠા હાઈ-વે રોડ ક્રોસ કરવા જતાં પુરવાર આવી રહેલ અજાણ્યા વાહને બાઈક ચાલકને ટક્કર મારતા યુવાનનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું.ઘટનાની જાણ થતાં આજુ-બાજુથી લોકો દોડી આવ્યા હતા. પરંતુ અકસ્માત સ્થળેથી ટક્કર મારીને વાહન ચાલક વાહન સાથે નાસી ગયો હતો.ભાભર પોલીસને જાણ કરતા પોલીસે મૃતકની લાશનું ભાભર સી.એમ.સી.ખાતે પી.એમ.કરાવી અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધીને લાશને વાલી વારસોને સોંપી હતી.

# અંબાજી ખાતે ભાદરવી મેળાના આયોજનની સમીક્ષા બેઠક યોજાઇ

**યાત્રિકોને તમામ સુવિધા સરળતાથી મળે તે માટે સેવાભાવથી કામ કરીએ : દિલીપકુમાર ઠાકોર**



પાલનપુર

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે તા.૩૧ ઓગષ્ટથી ૬ સપ્ટેમ્બર દરમ્યાન ભાદરવી પૂનમનો મહામેળો યોજાશે. અંબાજી મુકામે શ્રમ અને રોજગાર તથા દેવસ્થાન અને યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી તથા જિલ્લાના પ્રભારી મંત્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષસ્થાને મેળાની વ્યવસ્થાના આયોજનની સમીક્ષા બેઠક અધિકારીઓ સાથે યોજાઇ હતી. બેઠક બાદ મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ પ્રેસ કોન્ફરન્સમાં મિડીયાને માહિતી આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે ભાદરવી મહામેળા પ્રસંગે આ વર્ષે ૩૫ લાખથી વધુ યાત્રિકો આવવાની સંભાવના છે તેથી તે પ્રમાણે તમામ વ્યવસ્થાઓ વહીવટીતંત્ર અને શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા સુદ્રઢ રીતે ગોઠવવામાં આવી છે. મંત્રીશ્રીએ કહ્યુ કે અંબાજી ભાદરવી મહામેળા પ્રસંગે દુરદુરથી લાખોની સંખ્યામાં માઈભક્તો વિશેષ કરીને ચાલતા આવે છે ત્યારે તેઓને જરૂરી તમામ સુવિધાઓ સરળતાથી અને પુરતા

અનુસંધાન પાના નં.૬

### થરાદના કળશ લવાણામાં પશુ સહાયમાં ખોટુ થયાની સરપંચની રજુઆત

(પ્રતિ.) થરાદ

થરાદના કળશ લવાણા ગામમાં પશુડોકટરે તલાટી સાથે મળીને પશુસહાયમાં ગેરરીતી કર્યાની લેખિત રજુઆત જીલ્લા વિકાસ અધિકારીને કરતાં પંચાયત બેડામાં ચકચાર મચવા પામી છે.નોંધનીય છેકે તાલુકાના અનેક ગામોમાં સહાયમાં ગેરરીતીઓની ફરીયાદો ઉઠવા પામી છે.

થરાદના કળશ લવાણા ગામના મહીલા સરપંચ સમદાબેન ઝાલાજી ચૌધરીએ જીલ્લા વિકાસ અધિકારીને તેમના ગામમાં પશુસહાયના ચુકવણામાં ગેરરીતીઓ કરવામાં આવી હોવાની લેખિત રજુઆત કરી હતી.જેમાં જણાવ્યું હતુંકે તેમના ગામમાં અતિવૃષ્ટીમાં ૧૬ પશુઓનાં મોત થતાં તેનું પીએમ કરાવીને પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું

અનુસંધાન પાના નં.૬

# છેલ્લા બે દિવસથી વાવમાં પાણી બંધ રહેતા લોકો ત્રાહીમામ

**સરપંચને પણ જવાબદાર તંત્રીનો ઉડાઉ જવાબ**

તા.પ્રતિ. વાવ

છેલ્લા એક માસથી વાવ શહેરને પાણીનો જથ્થો અનિયમિત મળતો હતો.તેવામાં ગત તા.૨૦ અને ૨૧ એમ બે દિવસ સદંતર શહેરમાં પાણીનો પુરવઠો બંધ રહેતા ઉનાળાની કાળઝાળ ગરમીમાં આમ જનતા ત્રાહીમામ પોકારી ઉઠી હતી.

આ બાબતે સરપંચ ઠાકરસીભાઈ વેણનો સંપર્ક કરતાં તેઓએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે પાણી પુરવઠા કચેરીના જવાબદાર કર્મચારીઓ મને પણ ઉડાઉ જવાબ આપે છે.કે પાણી ક્યારે આવશે તેની મને પણ ગતા ગમનપી. અત્રે ઉલ્લેખનિય છે કે ટુંક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજાનારી છે ત્યારે આમ જનતાને પાણી ના મુદ્દે



વિષ્ણુ પરમાર

જવાબદાર તંત્ર હેરાન પરેશાન કરતાં રાજ્ય સરકારની છબી પણ ખરડાઈ રહી છે.સતત બે વરસથી શહેરમાં પાણીનો પુરવઠો બંધ રહેતા લોકોને ભારે હાલાકીઓનો સામનો કરવો પડ્યો છે.આજરોજ ત્રીજા દિવસે પાણીનો જથ્થો શહેરને નહીં ફાળવાય તો શહેરના ગ્રામજનો જવાબદાર તંત્ર વિરૂધ્ધ ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીને રજૂઆતો કરશે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

# પાલનપુરના ખેમાણા ટોલનાકા પાસે અકસ્માતમાં એકનું મોત

પાલનપુર

પવિત્ર યાત્રાધામ બાલારામ ખાતે છેલ્લા સોમવારે દર્શન કરી પરત ફરતા યાત્રિકોને અકસ્માત નડ્યો હતો. જેમાં ૧નું મોત નીપજ્યું હતું. અને ૧ ને ગંભીર ઈજા થઇ હતી.

પાલનપુરના ખેમાણા ટોલનાકા પાસે બાલારામથી પરત આવતા યાત્રિકોને અકસ્માત નડ્યો હતો. જેમાં સ્કૂટી અને બોલેરો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર રીતે ઘાયલ દિનેશભાઈ મનસૂખભાઈ દવે ઉ. ૭૫ રહે. પાલનપુરનું મોત નીપજ્યું હતું. જ્યારે રાજેન્દ્રસિં ઈશ્વરસિંહ ચાવડા ઉ. ૪૮ રહે. પાલનપૂર વાળાને ઈજાઓ થતા સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ માં ખસેડાયા હતા.

# યાત્રાધામ બાલારામમાં દર્શન કરી પરત ફરતા વૃદ્ધનું મોત

પાલનપુર

પવિત્ર યાત્રાધામ બાલારામમાં દર્શન કરી પરત ફરતા ગઢ ગામના વૃદ્ધનું મોત નીપજ્યું હતું. પાલનપુર તાલુકાના ગઢ ગામના ૬૫ વર્ષીય બાબુભાઈ હેમરાજ ભાઈ ઠાકોર શ્રાવણના છેલ્લા સોમવારે પવિત્ર યાત્રાધામ ખાતે દર્શન કરવા ગયા હતા. જેઓ બાલારામ મહાદેવના દર્શન કર્યા બાદ પરત ફરતા હતા. ત્યારે બાલારામમાં પડી ગયા બાદ તેઓનું પ્રાણ પંખેરું ઉડી ગયું. દરમિયાન, મૃતક વૃદ્ધના મૃતદેહને પી.એમ. અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. સોમવતી અમાસે શ્રાવણના છેલ્લા સોમવારે શિવભક્ત વૃદ્ધ વૈકુંઠવાસી થયા હતા.

# ડીસામાં આજે સાયન્સ એક્સપ્રેસ ટ્રેનનો આગમન થશે



ડીસા

ભારત સરકાર દ્વારા વિદ્યાર્થીઓને સાયન્સ અને ટેકનોલોજી વિશે વિસ્તૃત જાણકારી મળી રહે તેમજ વાતાવરણ અને કલાઈમેટ એકશન વિશે ઉંડાણપૂર્વક માર્ગદર્શન મળી રહે તે માટે સાયન્સ એક્સપ્રેસ ટ્રેનનું આયોજન કરાયું છે. જેમાં વિવિધ એકઝીબિટ્સ અને ડિસ્પલેઝ સાથે વિવિધ ૧૩ કોચમાં રસપ્રદ પ્રદર્શનનો બાળકો લાભ લઈ શકે તે માટે સરકારે નવિનતમ્ અભિગમ અપનાવ્યો છે. આ સાયન્સ એકસપ્રેસ ટ્રેનનું આજે ડીસા રેલ્વે સ્ટેશન ખાતે આગમન થનાર છે. તા.૨૨ થી ૨૪ ઓગસ્ટ સુધી ટ્રેનનું ડીસા ખાતે રોકાણ થશે. તમામ શાળાઓના બાળકો સવારે ૧૦ થી સાંજના ૫ કલાક સુધી નિઃશુલ્ક રીતે આ પ્રદર્શન માણી શકશે.

